# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**શિવરાત્રી** પર્વની હાર્દિક શુભેચ્છાઓ



પેજ-09

રોહિતે કહ્યું- અશ્વિન રેર ટેલેન્ટ, જેટલા વખાણ કરીએ તેટલા ઓછા

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 18.00 |
| વડોદરા | 32.00 | 18.00 |
| સુરત | 33.00 | 21.00 |

પેજ 5



Paytm FASTag બંધ કરાવવામાં અનેક લોકોને સમસ્યા, 15...

**08** MARCH-2024 FRIDAY

USમાં રિપબ્લિકન પાર્ટીમાં ઉપરાષ્ટ્રપતિ પદ માટે ભારતીયોની મજબૂત...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 74119.39 | ▲ | 033.40 |
| નિફ્ટી | 22493.50 | ▲ | 019.50 |
| સોનું | 65214.00 | ▲ | 036.00 |
| ચાંદી | 74220.00 | ▲ | 082.00 |

વર્ષ-13 । અંક-113 । વિક્રમ સંવત-2080 । મહા વદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### મહિલા દિવસ પર મહિલાઓને મોદી સરકારની ભેટ: LPG સિલિન્ડર પર 300 રૂપિયાની સબસિડી ચાલુ રહેશે...

# કેન્દ્રીય કર્મચારીઓને હોળીની ભેટ, DAમાં 4%નો વધારો

નવી દિલ્હી | તા. 07

આજે કેન્દ્રીય કેબિનેટની મિટિંગમાં દેશના લાખો સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સને મોટી ભેટ મળી છે. કેન્દ્રની મોદી સરકાર સરકારી કર્મચારીઓને DAમાં 4%નો વધારો કરવાનો નિર્ણય લીધો છે. મોંઘવારી ભથ્થા (DA)માં કરવામાં આવેલ નવા વધારા સાથે કેન્દ્રીય કર્મચારીઓનો DA 50 ટકા થઈ ગયો છે. આજે મળેલી કેન્દ્રીય કેબિનેટમાં મોંઘવારી ભથ્થામાં વધારાને મંજૂરી આપવામાં આવી છે. આ વધારા બાદ કેન્દ્રીય સરકારી તિજોરી પર દર વર્ષે 12,857 કરોડ રૂપિયાનો ખર્ચ પડશે. આનાથી આશરે 48.67 લાખ કેન્દ્રના સરકારી કર્મચારીઓ અને 67.95 લાખ પેન્શનર્સને ફાયદો મળશે.



**કેન્દ્ર સરકારના વર્તમાન કાર્યકાળની અંતિમ કેબિનેટ બેઠક :** કેન્દ્રની હાલની સરકારની આ કેબિનેટ કદાચ છેલ્લી હોઈ શકે છે. કારણ કે, આગામી અઠવાડિયે ચૂંટણી પંચ લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દેશે. જેથી ચૂંટણીની આચાર સંહિતા લાગૂ થઈ જશે. જેથી કેન્દ્ર સરકાર માટે આ નિર્ણય લેવો શક્ય નહીં થાય.

**50 ટકા થશે મોંઘવારી ભથ્થું :** કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓ પોતાના ડીએમાં આગામી વધારાની જાહેરાતની વાટ જોઈ રહ્યા છે. ડીએ અથવા મોંઘવારી ભથ્થું સરકારના એમ્પ્લોઈઝની સેલરીનું એક કોમ્પોનેન્ટ છે, જેનું લક્ષ્ય દેશમાં મોંઘવારીની અસરને ઓછી કરવાનો છે. શ્રમ મંત્રાલયના લેબર બ્યૂરો ઈન્ડસ્ટ્રીયલ વર્ક્સ માટે કંઝ્યૂમર પ્રાઈઝ ઈન્ડેક્સ પર આધારિત ડેટા બેસ પર આ વખતે મોંઘવારી ભથ્થું વધારીને 50 ટકા કરવાની ભલામણ કરી શકે છે.

### ઉજ્જવલા સબસિડીનો લાભ મળતો રહેશે

આ સાથે કેન્દ્રીય કેબિનેટે પીએમ ઉજ્જવલા યોજનાની અવધિ 31 માર્ચ 2025 સુધી લંબાવી છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના એક દિવસ પહેલા જ સરકારે PM ઉજ્જવલા યોજનાની અવધિ વધારવાનો નિર્ણય લીધો છે. આ યોજના હેઠળ મહિલા લાભાર્થીઓને એક વર્ષમાં 12 સબસિડીવાળા LPG સિલિન્ડર મળે છે. પીએમ ઉજ્જવલા યોજના હેઠળ, મહિલા લાભાર્થીઓને 14.2 કિલોના ઘરેલુ એલપીજી સિલિન્ડર પર 300 રૂપિયાની સબસિડી મળે છે.

### AI મિશન શરૂ થશે

કેન્દ્રીય ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે કેન્દ્ર સરકારે AIને લઈને મોટો નિર્ણય લીધો છે. હવે દેશમાં AI મિશન શરૂ કરવામાં આવશે. કેબિનેટે 10,372 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ દેશમાં AI ઇકોસિસ્ટમને ઝડપથી મજબૂત બનાવવામાં મદદ કરશે. સરકારે ગોવામાં અનુસૂચિત જનજાતિના આરક્ષણ માટે નવી વ્યવસ્થાને મંજૂરી આપી છે. સરકાર સંસદમાં નવો કાયદો લાવશે જે ગોવામાં પોપ્યુલેશન કમિશનરને સત્તા આપશે.

## Quick Read

### દિલ્હીમાં નારી શક્તિ કોન્કલેવમાં સ્મૃતિ ઈરાનીએ કોંગ્રેસ પર કર્યા આકરા પ્રહારો

નવી દિલ્હી | નારી શક્તિ કોન્ક્લેવમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, કોંગ્રેસના ઘમંડને દેશના મતદારોએ ચકનાચૂર કરી દીધા છે. તેમને ગર્વ હતો કે તેમને કોઈ સત્તા પરથી હટાવી શકે તેમ નથી. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ દિલ્હીમાં વિકાસ ભારત એમ્બેસેડરના 'નારી શક્તિ કોન્ક્લેવ'માં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે કાર્યક્રમમાં કહ્યું કે પીએમ મોદીનું પહેલું અભિયાન સ્વચ્છ ભારત મિશન હતું.

### તેલંગાણામાં કોંગ્રેસને ફટકો..! હાઈકોર્ટે ગવર્નર ક્વોટામાંથી 2 MLCનું નામાંકન કર્યું રદ

નવી દિલ્હી | તેલંગાણામાં સત્તારૂઢ કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે તેલંગાણા વિધાન પરિષદના સભ્યો એમ. કોડંદરામ અને આમેર અલી ખાનના ગવર્નર ક્વોટા હેઠળના નામાંકન રદ કર્યા. તેલંગાણાની કોંગ્રેસે રાજ્યપાલના કોટામાં કોડંદરામ અને આમેર અલીને MLC તરીકે નામ આપ્યા હતા. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આલોક આરાધે અને જસ્ટિસ જુકાંતીની ડિવિઝન બેંચે આ આદેશ આપ્યો હતો.

### પરગણા જિલ્લામાં સંદેશખાલી જઈ રહેલા ભાજપના મહિલા કાર્યકર્તાઓની અટકાયત

સંદેશખાલી | પશ્ચિમ બંગાળના ઉત્તર 24 પરગણા જિલ્લામાં સ્થિત સંદેશખાલી ગામ હાલ ચર્ચામાં છે. ગામની મહિલાઓનો આરોપ છે કે TMC નેતા શાહજહાં શેખે તેમની જમીન પર કબજો કરી લીધો છે અને કેટલીક મહિલાઓનું યૌન શોષણ પણ કર્યું છે. બંગાળનું આખું રાજકારણ અત્યારે સંદેશખાલીની આસપાસ ઘૂમી રહ્યું છે. ભાજપ ટીએમસી સરકાર પર સતત પ્રહારો કરી રહી છે.

### કોંગ્રેસની CECની બેઠક, 100 સીટો માટેના ઉમેદવારના નામ થઇ શકે છે ફાઈનલ

નવી દિલ્હી | કોંગ્રેસની કેન્દ્રીય નામોની ચૂંટણી સમિતિની બેઠક યોજાઈ. આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ ખડગે અને રાહુલ ગાંધી હાજર રહ્યા છે. જેમાં ખાસ કરીને 10 રાજ્યોના 60 લોકસભા બેઠકો પર વિચાર વિમર્શ કરાઈ રહ્યું છે. કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં 10 રાજ્યોની 60 લોકસભા બેઠકો પર ચર્ચા થઈ રહી છે. ભારત જોડો ન્યાય યાત્રાના કારણે રાહુલ ગાંધી દિલ્હી આવી શક્યા નથી. મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, કેસી વેણુગોપાલ સભામાં પહોંચ્યા હતા.

### દિલ્હી લિકર પોલિસી કેસમાં કોર્ટનો મહત્વનો આદેશ, 16 માર્ચે હાજર થાય અરવિંદ કેજરીવાલ

નવી દિલ્હી | દિલ્હીના ચર્ચાસ્પદ લિકર પોલિસી કેસમાં રાઉઝ એવન્યૂ કોર્ટે મહત્વનો નિર્ણય લીધો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા દાખલ કરાયેલી અરજી પર કોર્ટે તમામ આરોપીઓ પાસેથી જવાબ માગ્યો છે. આ ઉપરાંત કોર્ટે આદેશમાં લખ્યું છે કે, અરવિંદ કેજરીવાલે ઈડીના સમન્સનું ઉલ્લંઘન કર્યું છે, તેથી તેમની સામે પ્રથમ દ્રષ્ટિએ આઈપીસીની કલમ 174 હેઠળ કેસ બને છે.

### દુશ્મનોને રાજનાથ સિંહની કડક સૂચના : મોદી સરકાર ભારતના લોકોની ક્ષમતામાં દ્રઢપણે વિશ્વાસ રાખે છે : રાજનાથ સિંહ

# દેશના દુશ્મનો ભારત પર ખરાબ નજર નાખશે તો સેના જડબાતોડ જવાબ આપશે

નવી દિલ્હી | તા. 07

દેશના દુશ્મનોને કડક સૂચના આપતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જો કોઈ ભારત પર ખરાબ નજર નાખશે તો સેના જડબાતોડ જવાબ આપવા તૈયાર છે. રક્ષા મંત્રીએ પૂર્વ લદ્દાખ અને હિંદ મહાસાગરમાં ચીનના સૈન્ય આક્રમણ પર ચિંતા વ્યક્ત કરી છે.

રાજનાથ સિંહે ડિફેન્સ મેન્યુફેક્ચરિંગમાં 'આત્મનિર્ભરતા'ના પ્રમોશનને સરકાર દ્વારા લાવવામાં આવેલ સૌથી મોટું પરિવર્તન ગણાવ્યું અને કહ્યું કે તે ભારતના સંરક્ષણ ક્ષેત્રને નવો આકાર આપી રહ્યું છે. તેમણે ઉત્તર પ્રદેશ અને તમિલનાડુમાં સંરક્ષણ ઔદ્યોગિક કોરિડોરની સ્થાપના, સ્થાનિક ઉદ્યોગ અને કોર્પોરેટાઇઝેશન માટે મૂડી પ્રાપ્તિ બજેટના 75 ટકા અનામત રાખવા સહિત સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા સંરક્ષણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલા પગલાંને પણ પ્રકાશિત કર્યું.

### મોદી સરકારે સંરક્ષણ પ્રણાલીને મજબૂત કરી- રાજનાથ



સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાના આર્મીના પગલા પર રાજનાથ સિંહે કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા નવી ઉર્જા સાથે કામ કરવામાં આવ્યું છે. જેના કારણે ભારત વૈશ્વિક મંચ પર એક મજબૂત અને શક્તિશાળી રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે. એક ખાનગી કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે ભારતની સંરક્ષણ પ્રણાલી આજે પહેલા કરતા વધુ મજબૂત છે કારણ કે મોદી સરકાર ભારતીયતાની ભાવના સાથે તેને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

### સરકાર ભારતીયોની ક્ષમતામાં વિશ્વાસ રાખે છે- રાજનાથ

વર્તમાન અને ભૂતકાળની કેન્દ્રીય સરકારો વચ્ચે તફાવત દર્શાવતા રાજનાથ સિંહે કહ્યું કે વર્તમાન સરકાર ભારતના લોકોની ક્ષમતામાં દ્રઢપણે વિશ્વાસ રાખે છે, પરંતુ અગાઉ સત્તામાં રહેલા લોકો ભારતીયોની ક્ષમતામાં વિશ્વાસ કરતા ન હતા. રાજનાથ સિંહે કહ્યું કે અમે સૈનિકોનું મનોબળ ઉંચુ રાખવા માટે સતત કામ કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે જે કોઈ પણ વ્યક્તિ ભારત પર ખરાબ નજર નાખે છે તેને જડબાતોડ જવાબ આપવા માટે તે સક્ષમ છે. તેમણે જણાવ્યું હતું કે વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન, જે 2014માં આશરે રૂ. 40,000 કરોડ હતું.

**દિલધડક રેસ્ક્યુ**

### ભારતીય નેવીએ જહાજમાં ફસાયેલા 21 લોકોને બચાવ્યાં

કોલકાતા | તા. 07

છેલ્લા ઘણા સમયથી રાતા સાગરમાં હુથીઓ દ્વારા માલવાહક જહાજો પર હુમલાની ઘટનાઓ વધી રહી છે જેના કારણે શિપિંગ કંપનીઓના જહાજને રૂટ બદલવો પડ્યો છે અને લાંબા રૂટની મુસાફરી કરવી પડી રહી છે ત્યારે એડનની ખાડીમાં ફરી એકવાર ઈરાન સમર્થિત હુથી જૂથ દ્વારા વેપારી જહાજને નિશાન બનાવીને મિસાઈલ વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ત્રણ ક્રુ મેમ્બરના મોત થયા હતા અને ચાર ઘવાયા હતા.

પરંતુ આ સૌની વચ્ચે ભારતીય નેવી મધદરિયે જહાજમાં ફસાયેલા 21 લોકો માટે ફરીશ્તો બની ગઇ. તેણે દિલધડક ઓપરેશન હાથ ધરી આ લોકોને બચાવવામાં સફળતા મેળવી. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.

# કોંગ્રેસના નેતા કરુણાકરણની પુત્રી પદ્મજા ભાજપમાં જોડાયા



નવી દિલ્હી | તા. 07

લોકસભા ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે. રાજકીય પક્ષોએ તૈયારીઓ તેજ કરી દીધી છે. ત્યારે ભાજપનું સૌથી વધુ ધ્યાન દક્ષિણના રાજ્યોમાં છે. છેલ્લી લોકસભા ચૂંટણી 2019માં કેરળમાં બીજેપીનું ખાતું ખૂલ્યું ન હતું. આ દરમિયાન કેરળના પૂર્વ મુખ્યમંત્રી કે. પુત્રી પદ્મજા વેણુગોપાલ ભાજપમાં જોડાયા છે.

### પદ્મજા વેણુગોપાલ લોકસભા ચૂંટણી લડી ચૂક્યા છે

પદ્મજા વેણુગોપાલ કોંગ્રેસના દિગ્ગજ નેતા કે. કરુણાકરણની પુત્રી છે. પિતા કરુણાકરણ જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના નજીકના ગણાતા હતા. તેઓ મુખ્યમંત્રીથી લઈને કેન્દ્રીય મંત્રી રહી ચૂક્યા છે. પદ્મજા વેણુગોપાલ ગ્રેજ્યુએટ છે અને તેમના પતિ ડોક્ટર છે. નાયર સમુદાયમાંથી આવતા પદ્મજા વેણુગોપાલ 2004માં લોકસભા ચૂંટણી અને 2016-21માં વિધાનસભા ચૂંટણી હારી ગયા હતા.

### કેરળમાં ભાજપને મજબૂતી મળશે!

અનિલ એન્ટની બાદ પદ્મજા વેણુગોપાલનું આગમન કેરળમાં ભાજપને મજબૂતી મળશે. આ બંને નેતાઓને તેમના પરિવારનો ફાયદો થશે, જેના કારણે આ લોકસભા ચૂંટણીમાં પાર્ટી કેરળમાં કેટલીક સીટો જીતી શકે છે. અહેવાલો અનુસાર,પદ્મજા વેણુગોપાલ ભાજપ તરફથી લોકસભા ચૂંટણી લડી શકે છે.

# ઉત્તર પ્રદેશ : 13 હજાર ગેરકાયદે મદરેસા બંધ કરવાની ભલામણ


નવી દિલ્હી | તા. 07

યુપીમાં ગેરકાયદેસર મદરેસાઓની તપાસ મામલે એસઆઈટીએ તપાસ રિપોર્ટ યુપી સરકારને સોંપી દીધો છે. જેમાં એસઆઈટીએ ચોંકાવનારા ખુલાસા કર્યા છે. આ રિપોર્ટ બાદ યુપી સરકાર દ્વારા



કડક કાર્યવાહી કરવામાં આવે તો નવાઈ નહી. SITએ પોતાના રિપોર્ટમાં એમ કહ્યું છે કે આ મદરેસાઓએ તેમની આવક અને ખર્ચની વિગતો આપી નથી. જો રિપોર્ટ્સનું માનીએ તો SITએ એવી આશંકા વ્યક્ત કરી છે કે એક ષડયંત્રના ભાગરૂપે ટેરર ફંડિંગ માટે એકત્ર કરાયેલા પૈસા મદરેસાના નિર્માણ માટે મોકલાયા છે. એસઆઈટીએ એમ પણ કહ્યું છે કે મદરેસાનું કહેવું છે કે બાંધકામ દાનથી થયું છે, જોકે દાન વિશે માહિતી આપવામાં આવી નથી. SITએ લગભગ 13 હજાર ગેરકાયદેસર મદરેસાઓને બંધ કરવાની ભલામણ કરી છે.

### જૂનાગઢના ભવનાથમાં 151 ફૂટની ધજા ચડાવવામાં આવી...



આજે દેશભરમાં શિવરાત્રીની ઉજવણી કરવામાં આવશે. આ પહેલાં જૂનાગઢના ભવનાથમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ પહેલાં અતૂટ આસ્થા ધરાવતા ભવનાથ મંદિરમા આવેલા મૃગીકુંડ પાસે મહિલા સંન્યાસી દ્વારા 151 ફૂટની ધજા ચડાવવામાં આવી છે.ભવનાથ ધામમાં મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ છેલ્લા બે-ત્રણ દિવસથી થયો છે.

# યુકો બેંકમાં 820 કરોડના કૌભાંડથી હોબાળો, CBIના 67 સ્થળે દરોડા

નવી દિલ્હી | તા. 07

CBIએ આર્થિક અને કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો મામલે બે રાજ્યોમાં એક સાથે 67 સ્થળોએ પર દરોડા પાડ્યા છે. અંદાજે 820 કરોડ રૂપિયાના શંકાસ્પદ IMPS (ઈમિડેટ પેમેન્ટ સર્વિસ) ટ્રાન્ઝેક્શન સંબંધિત આ મામલામાં યુકો બેંકના કેટલાક ખાતાઓની તપાસ કરવામાં આવી રહી છે. CBIએ આ સ્થળોએથી મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો અને 43 ડિવાઈસ જપ્ત



કર્યા છે. સીબીઆઈ દ્વારા બુધવારે રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા. 820 કરોડ રૂપિયાના શંકાસ્પદ IMPS ટ્રાન્ઝેક્શન અંગે દરોડા દરમિયાન 43 ડિવાઈસ સાથે યુકો બેંક અને IDFC સંબંધિત લગભગ 130 દસ્તાવેજો પણ જપ્ત કરવામાં આવ્યા છે. જેમાં 40 મોબાઈલ ફોન, 2 હાર્ડ ડિસ્ક અને 1 ઈન્ટરનેટ ડોંગલ અને અન્ય વસ્તુઓનો સમાવેશ થાય છે.

### પાણીના ટીપા માટે વલખાં...રાજધાની બેંગલુરુમાં જળ સંકટ વધુ ઘેરી બન્યું

# બેંગલુરુમાં પાણી માટે લોકોના વલખા

બેંગલુરુ | તા. 07

ગયા વર્ષે ઓછો વરસાદ અને હવે તાપમાનનો પારો વધવાને કારણે કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં જળ સંકટ વધુ ઘેરી બન્યું છે. પાણીના એક-એક ટીપાથી લોકો પરેશાન છે. શહેરના માર્ગો પર પાણીના ટેન્કરો દોડતા જોવા મળે છે. મુશ્કેલ સંજોગોમાં, શાળાઓ બંધ કરવામાં આવી છે અને કોચિંગ સેન્ટરોએ પણ કટોકટી જાહેર કરી છે અને વિદ્યાર્થીઓને વર્ચ્યુઅલ રીતે વર્ગો લેવાનું કહેવામાં આવ્યું છે. સ્થિતિ એવી છે કે રાજધાનીમાં મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાના નિવાસસ્થાને પાણીના ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જોકે, સરકારે કહ્યું છે કે ટૂંક સમયમાં જરૂરી પગલાં લેવામાં આવશે.



### પાણીના ટેન્કરના ભાવ આસમાને

પાણીની સમસ્યાના કારણે સામાન્ય દિવસોમાં 700 થી 800 રૂપિયામાં મળતા પાણીના ટેન્કરનો ભાવ 1500 થી 1800 રૂપિયા સુધી પહોંચી ગયો છે. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન ડીકે શિવકુમારે કહ્યું કે, સાંકી તળાવ પાસે સદાશિવનગરમાં તેમના નિવાસસ્થાનનો બોરવેલ પહેલીવાર સુકાઈ ગયો છે. તેમણે કહ્યું કે તેઓ આ મામલાને ગંભીરતાથી લઈ રહ્યા છે.

### દૂધના ટેન્કર દ્વારા પાણી પહોંચાડાશે

શહેરમાં પાણીની માંગને પહોંચી વળવા સરકાર ખાનગી ટેન્કરો અને ખાનગી બોરવેલનો કબજો લેશે. દૂધના ટેન્કરથી પણ પાણી આપવામાં આવશે. તેમણે કહ્યું કે સરકાર પાણીના ટેન્કર દીઠ દર નક્કી કરવા પણ વિચારી રહી છે.

### વડાપ્રધાન મોદી જમ્મુ-કાશ્મીરના પ્રવાસે

# 'જમ્મુ-કાશ્મીર માત્ર ક્ષેત્ર જ નહીં પણ ભારતનું મસ્તક છે...' PM મોદી



શ્રીનગર | તા. 07

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 હટાવ્યા બાદ આજે પ્રથમ વખત કાશ્મીરના શ્રીનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશાળ રેલી યોજાઈ. પીએમ મોદીએ કહ્યું, 'પૃથ્વી પરના સ્વર્ગમાં આવવાનો આ અહેસાસ અદભૂત છે. અમે દાયકાઓથી આ નવા જમ્મુ-કાશ્મીરની રાહ જોઈ રહ્યા હતા. જમ્મુ-કાશ્મીર ફક્ત ક્ષેત્ર નહીં પણ ભારતનું મસ્તક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશ્મીરી નાગરિકોને કહ્યું કે, 'મોદી કાશ્મીરીઓના પ્રેમની ઋણ ચૂકવવામાં કોઈ કસર નહીં છોડે. 2014 બાદ હું જ્યારે પણ આવ્યો મેં એ જ કહ્યું કે હું આ મહેનત તમારા દિલ જીતવા કરી રહ્યો છું અને હું એ દિશામાં આગળ વધી રહ્યો છું. આ પહેલા તેમણે યુવા ઉદ્યમીઓ સાથે પણ વાતચીત કરી હતી.'

**6400 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું કર્યું અનાવરણ :** બક્ષી સ્ટેડિયમમાં જાહેર સભાને સંબોધતા પહેલા વડાપ્રધાન મોદીએ 6400 કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટનું અનાવરણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે તેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શ્રીનગરના નાના રસ્તાઓ પણ સીલ કરી દેવામાં આવ્યા હતા.

### આજે મૃગીકુંડમાં શાહી સ્નાન, 3 હજાર પોલીસ જવાનો તહેનાત : લાખોની સંખ્યામાં ભાવિકોની ભીડ મેળામાં ઊમટી પડી છે

# મહાશિવરાત્રીના એક દિવસ પહેલાં જ મેળો જામ્યો : સાધુએ ધૂણી ધખાવી



જુનાગઢ | આજે શિવરાત્રી છે, જોકે, જૂનાગઢના ભવનાથમાં શિવરાત્રીના એક દિવસ પહેલાં જ મેળો રંગે ચંગે જામ્યો છે. લાખોની સંખ્યામાં ભાવિકોની ભીડ મેળામાં ઊમટી પડી છે. હર હર મહાદેવના નાદ સાથે સાધુ-સંતો અને નાગાબાવાઓ પોતાની ધૂણી ધખાવીને બેઠા છે. લોકો પોતાના પરિવાર સાથે મેળાની મોજ માણવા આવી રહ્યા છે. ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમમાં ભાવિકો પુણ્યનું ભાથું ભરવા ભવનાથ ક્ષેત્રમાં ઊમટી પડ્યા છે. તેમજ કાલે મૃગીકુંડમાં શાહી સ્નાન પણ કરશે. ત્યારે મેળામાં આવનાર ભાવિકોને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તે માટે જૂનાગઢ પોલીસ દ્વારા ખાસ પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. તેમજ 24 કલાક ખડે પગે રહી પોલીસ દ્વારા શિવરાત્રી મેળામાં નજર રાખવામાં આવી રહી છે. મોડી રાત્રે ભરડા વાવથી ભવનાથ પહોંચવા માટે લોકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયા હતા. લોકો પોતાના પ્રાઈવેટ વાહનો લઈ મેળામાં જવા ઈચ્છતા હતા. પરંતુ પોલીસ દ્વારા તેમને રોકી ચાલીને મેળામાં જવા માટે સૂચના આપવામાં આવી હતી. ભરડા વાવથી તમામ પ્રકારનાં પ્રાઈવેટ વાહનોને રોકી દેવામાં આવ્યાં હતાં. જૂનાગઢ ગર્વ ટીમ દ્વારા રસ્તા પરનો ટ્રાફિક તાત્કાલિક દૂર કરવામાં આવ્યો હતો. તેમજ ડીવાયએસપી દ્વારા મેળામાં આવતા પ્રવાસીઓને અપીલ કરવામાં આવી છે કે, ભાવિકો પોતાના પ્રાઈવેટ વાહનો લઈને મેળામાં ન આવે. તેના બદલામાં રિક્ષા કે બસમાં ભવનાથ સુધી આવી મેળાની મજા માણે.

ડીવાયએસપી હિતેશ ધાંધલ્યાએ જણાવ્યું હતું કે, દર વર્ષે શિવરાત્રી મેળામાં લાખો ભાવિકો આવતા હોય છે. ત્યારે જૂનાગઢ પોલીસ દ્વારા તમામ પ્રકારનાં આયોજન કરી પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. આ વર્ષે બે એસઆરપીની કંપની, 150 પોલીસ અધિકારીઓ સહિત 3,000થી વધુ પોલીસકર્મીઓ 24 કલાક ખડેપગે પોતાની ફરજ બજાવે છે. જૂનાગઢ જિલ્લા પોલીસ દ્વારા શિવરાત્રીના મેળામાં પાંચ અલગ અલગ જગ્યા ઉપર પબ્લિક એલાઉન્સમેન્ટ સિસ્ટમ પણ ગોઠવવામાં આવી છે, મેળામાં ઊંચા સાત વોચ ટાવર લગાવવામાં આવ્યાં છે. જેથી કરી મેળામાં દૂર સુધી નજર રાખી શકાય. શિવરાત્રીના મેળામાં 80થી વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે. જેનું પોલીસ સ્ટાફ દ્વારા સતત સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. મેળામાં આવારાગીરી કરતા લુખ્ખા તત્ત્વોને પકડવા માટે પણ પોલીસની અલગ ટીમ કાર્યરત કરવામાં આવી છે.

વધુમાં જણાવ્યું કે, સૌ ભાવિક ભક્તોને અપીલ છે કે, મેળામાં પોલીસ તંત્રને પૂરતો સહયોગ આપે. મેળાના છેલ્લા બે દિવસ બાકી છે ત્યારે બસ અથવા તો રિક્ષામાં આવવાનું પ્રયત્નો કરવો જોઈએ. જેથી કરી ટ્રાફિકની સમસ્યા ન ઉદભવે. જે ભાવિક પોતાનાં પ્રાઈવેટ વાહનો લઈને આવશે તો બીજાને અગવડ પડે તેવું કાર્ય ન કરે.

### પારસમલ-પીરારામે ઉધારમાં કાપડ લઇ હાથ ઊંચા કરી દીધા

## સારોલીના ટ્રેડરને રાજસ્થાનના બે વેપારીએ 8.48 લાખનું ફુલેકું ફેરવ્યું




સુરત |રાજસ્થાનના બે વેપારીઓએ દલાલ મારફતે સુરતની માર્કેટના વેપારી પાસેથી કાપડનો માલ ક્રેડિટ પર લઈ 8.48 લાખની રકમ ઓહયા કરી દુકાન બંધ કરી ફરાર થયા છે. વેપારીએ રૂપિયાની ઉઘરાણી કરી તો તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. કુંભારીયાગામે નેચર વેલીમાં રહેતા અને કાપડનો ધંધો કરતા સતીશ શર્માએ આ બાબતે સારોલી પોલીસમાં ફરિયાદ આપી છે.

જેના આધારે પોલીસે રાજસ્થાનના વેપારી અને મહાવીર ટ્રેડર્સના નામે ધંધો કરતા પારસમલ ભંસાલી અને પીરારામ મહેન્દ્ર નામની ફર્મના નામે ધંધો કરતા પીરારામ ગાવરીયા(બન્ને રહે,જય નારાયણ સર્કલ, સ્ટેશન રોડ, જોધપુર,રાજસ્થાન) તથા કાપડ દલાલ વિનોદ ભંસાલી(રહે,લુથરા એપાર્ટ, સહારા દરવાજા) ની સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે. વધુમાં બન્ને રાજસ્થાનના વેપારીઓ સારા વેપારી હોવાની ઓળખ દલાલે આપી હતી.

સારોલીની માર્કેટમાં કાપડનો ધંધો કરતા વેપારી પાસેથી બન્ને રાજસ્થાની વેપારીઓએ કાપડનો માલ ક્રેડિટ પર લઈ વાયદા પ્રમાણે રૂપિયા ચુકવી દેતા હતા. વર્ષ 2016થી અત્યાર સુધીમાં બન્ને વેપારીઓએ 8.48 લાખનો કાપડનો માલ ક્રેડિટ પર લઈ વાયદા પ્રમાણે રૂપિયા ન ચુકવતા વેપારીએ ઉઘરાણી શરૂ કરી હતી. આથી બન્ને લેભાગુ વેપારીએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

છેતરપિંડીના અન્ય બનાવમાં મોટી બેગમવાડી શુભ લક્ષ્મી ટેક્ષટાઈલ માર્કેટમાં કાપડનો વેપાર કરતા વેપારી સુરેશચંદ્રએ 9.46 લાખનો કાપડનો માલ ક્રેડિટ પર લઈ બારોબાર વેચી મારી દુકાન બંધ કરી ભાગી ગયો છે. સલાબતપુરા પોલીસમાં વેપારી દિનેશ અગ્રવાલે ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે વેપારી સુરેશચંદ્ર સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે.

## કાપડની ખરીદીના મામલે ધ્રોલમાં વેપારી ઉપર લાકડી વડે હુમલો

જામનગર | ધ્રોલમાં રહેતા અને કાપડની દુકાન ચલાવતા એક વેપારી ઉપર કાપડ ખરીદવા ના પ્રશ્ને વાંકાનેર ના કાપડ ઉત્પાદક વેપારી અને તેના પાંચ સાગરીતો એ હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે. મોરબીના ફિદાઈ પાર્કમાં રહેતી મહિલાને એક ઈસમેં ફરિયાદ કરી છે. તે પરત ખેંચી લેજે કહીને લોખંડ પાઈપ લઈને મારવા દોડયો હતો અને મહિલાના પિતાની કારમાં તોડફોડ કરી હતી.

આ બનાવની વિગત એવી છે કે, ધ્રોલમાં રહેતા કાપડની દુકાન ચલાવતા અફઝલભાઈ રજાકભાઈ વિરાણી નામના ૪૨ વર્ષના વેપારીએ પોતાના ઉપર લાકડી વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે વાંકાનેરના કાપડના વેપારી સાહુ ઉર્ફે સુલતાન નામના શખ્સ અને તેના પાંચ સાગ્રીતો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી વેપારી અગાઉ આરોપી સુલતાન પાસે કાપડની ખરીદી કરતા હતા, પરંતુ હમણાં કાપડ લેવાની ના પાડતાં આરોપી વેપારી ઉશ્કેરાયો હતો અને ધ્રોળમાં આવ્યા પછી પોતાના પાંચ સાગરીતોની મદદથી વેપારી પર લાકડી વડે હુમલો કરી દીધો હતો. જેથી મામલો ધ્રોલ પોલીસ મથકમાં લઈ જવાયો હતો. જેઓને ધ્રોલ પોલીસ શોધી રહી છે.

મોરબીના ફિદાઈ પાર્ક સોસાયટીમાં રહેતા સોનલબેન નુરૂદિન નીજારઅલી કચરાણી (ઉ.વ.૨૫) આરોપી નવઘણ મોહન બાંભવા (રહે. તુલસી પાર્ક શનાળા બાયપાસ મોરબી) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે ઘરની બાજુમાં બેઠા હતા ત્યારે રાત્રે કાળા કલરની થાર ગાડી લઈને આરોપી નવઘણ મોહન બાંભવા આવ્યો હતો.

## ખંભાળિયામાં આયુર્વેદિક સીરપ ઉત્પાદન, વેચાણ પ્રકરણમાં ચાર શખ્સો સામે ગુનો


જામ ખંભાળિયા | અગાઉ ફેબુરઆરી માસમાં ખંભાળિયા તાલુકાના ભાડથર ગામ પોલીસે દરોડો પાડી રૂા.૫.૮૧ લાખનો નશાકારક સીરપનો ૩૯૦૦ બોટલ ઝડપી લીધી હતી. એ પછી ` પાનની દુકાન ધરાવતા કાનાભાઈ ઉર્ફે કલ્પેશ પરબતભાઈ કેશરીયા (ઉ.વ. ૨૪) ની હવે પોલીસે ધરપકડ કરી અદાલત સમક્ષ રજુ કરતા અદાલતના આદેશથી જેલ હવાલે કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં અન્ય ચાર આરોપીનોને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. શંકાસ્પદ આયુર્વેદીક સીરપની બોટલો વડોદરાની શ્રી આયુર્વેદિક હેલ્થ કેર દ્વારા બનાવવામાં આવ્યું હોવાનું ખુલ્યું જે તે વખતે આ દરોડા કામગીરીમાં ૨૫૦ બોટલ કાર્લ મેઘાસવ આસવ આયુર્વેદિક સીરપની રૂપિયા ૩૭,૨૫૦ ની કિંમતની શંકાસ્પદ નશાકારક એવી ૨૫૦ બોટલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવી હતી. આ બોટલો તેણે ખંભાળિયાના મિલન ચાર રસ્તા વિસ્તારમાં રહેતા નારણ કેશવ જામ (ઉ.વ. ૪૬) પાસેથી લીધી હોવાનું કબુલતા નારણ કેશવ જામના મકાને જડતી તપાસ કરતા ત્યાંથી જુદી જુદી કંપનીની રૂ. ૫,૪૩,૮૫૦ ની કિંમતની નંગ ૩,૬૫૦ બોટલનો જથ્થો મળી આવ્યો હતો. જેને અનુલક્ષીને ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી.

આ સીરપનો જથ્થો તેણે કલ્યાણપુર તાલુકાના ખીજદડ ગામે રહેતા લગધીરસિંહ કાળુભા જાડેજા (હાલ રહે. ભાવનગર) પાસેથી વેચાણ અર્થે લીધો હોવાનું ખુલવા પામ્યું હતું જેને અનુલક્ષીને ખંભાળિયા પોલીસ મથકમાં જરૂરી નોંધ કરવામાં આવી હતી.

આ મળી ઝડપાયેલા શંકાસ્પદ આયુર્વેદીક સીરપની બોટલો વડોદરાની શ્રી આયુર્વેદિક હેલ્થ કેર દ્વારા બનાવવામાં આવ્યું હોવાનું ખુલતા આ બાબતે સંબધિત વિભાગ પાસેથી જરૂરી માહિતી મેળવતા આ ઉપરોક્ત પેઢીના માલિક નિતીન અજીતભાઈ કોટવાણી (રહે. વડોદરા) તથા મિત્તલ કોસ્મેટીક એન્ડ ફાર્મસી નામની પેઢીના માલિક લગધિરસિંહ કાળુભા જાડેજા (રહે. ભાવનગર) હોવાનું ખુલતાં શ્રી આયુર્વેદિક હેલ્થકેર - વડોદરા નામની પેઢીના માલિક નિતીન અજીતભાઈ કોટવાણી દ્વારા ઉપરોકત વિગતે જે બોટલો પકડાયેલ તેવી કોઇ પ્રોડકટ બનાવવા માટે લાઇસન્સ ધરાવતા ન હોવાનું જણાઈ આવ્યું હતું. જેને અનુલક્ષીને ઉપરોક્ત ચારેય શખ્સો સીરપ બનાવવા કે વેચાણ કરવા માટે પરવાના મેળવ્યા વગર વેચાણ કરતા હોવાથી ખંભાળિયા પોલીસ મથકમાં વિવિધ કલમ મુજબ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો.

આ પ્રકરણના આરોપી કાનાભાઈ ઉર્ફે કલ્પેશ પરબતભાઈ કેશરીયાની વિધિવત રીતે અટકાયત કરી આ પ્રકરણના તપાસનીસ અધિકારી ઈન્ચાર્જ પી.આઈ. એસ.વાય. ઝાલા દ્વારા ઉપરોક્ત આરોપીને અહીંની અદાલતમાં રજૂ કરતા નામદાર અદાલતે આ આરોપીને જેલ હવાલે કરવાનું હુકમ કર્યો છે.

## ચુકાદો : સગીરા પર દુષ્કર્મના કેસમાં આરોપીને 20 વર્ષની સખત કેદ...



જામનગર | જામનગર જિલ્લાના લાલપુર પંથકની એક સગીરાનુ બળજબરીથી અપહરણ કરી દુષ્કર્મ આચરવા અંગેના કેસમાં આરોપી ખટીયાના શખસને સ્પે.પોક્સો કોર્ટએ તકસીરવાન ઠરાવી વીશ વર્ષની સખત કેદ અને દશ હજારના દંડનો હુકમ કર્યો છે.જયારે ભોગગ્રસ્તને પણ વળતર તરીકે રૂ. 6 લાખ ચુકવી આપવા હુકમ કર્યો છે. મળતી વિગત મુજબ લાલપુર પોલીસ મથકમાં ગત વર્ષ 2020માં સગીરાનુ બળજબરીથી અપહરણ કરી દુષ્કર્મ આચરવા અંગે આરોપી રજાક કરીમ સમા (રે. ખટીયા, તા.લાલપુર) સામે અપહરણ, દુષ્કર્મ અને પોકસો એકટની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો.જે કેસ જામનગરની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલની ધારદાર રજુઆતો, ભોગગ્રસ્ત તથા સાહેદોની જુબાની તથા રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઇ બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ સ્પે.પોકસો કોર્ટે કેસના આરોપીને દોષિત જાહેર કરી આરોપી રજાક કાસમ સમાને વીશ વર્ષની જેલ સજા અને રૂ.10 હજારનો દંડ તથા જો દંડ ન ભરે તો વધુ છ માસની જેલ સજા ઉપરાંત ભોગગ્રસ્તને વળતર તરીકે રૂ.6 લાખ ચુકવી આપવાનો હુકમ કર્યો છે.આ કેસમાં સરકારી વકીલ તરીકે સિનિયર આસી. ડી.જી.પી. મુકેશકુમાર જાની રોકાયા હતા.

## કંપની ખાક : વડોદરામાં હિન્દુસ્તાન ફાઇબર ગ્લાસ કંપનીમાં મોડીરાત્રે વિકરાળ આગ લાગી



વડોદરા | વડોદરા નજીક આવેલ પોર GIDC સ્થિત હિન્દુસ્તાન ફાઈબર ગ્લાસ કંપનીમાં મોડીરાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ બનાવની જાણ વડોદરા ફાયર બ્રિગેડને કરાતા તુરંત જ 3 ગાડી સ્થળ પર દોડી ગઈ હતી અને આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી હતી. આગ એટલી વિકરાળ હતી કે જ્વાળાઓ 5 કિમી દૂરથી દેખાઈ રહી હતી. આગને પગલે કંપનીમાં કામ કરતા સ્ટાફમાં અફરાતફરી મચી ગઈ હતી. આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ, કંપનીમાં ફાઈબર મટિરિયલ હોવાના કારણે આગ કાબૂમાં આવ્યા બાદ પણ આખી રાત કૂલિંગની કામગીરી ચાલુ રહી હતી. ભીષણ આગમાં કંપની ખાક થઈ ગઈ હતી. વડોદરા GIDC ફાયર સ્ટેશનના સ્ટેશન ઓફિસર નિકુંજ આઝાદ પણ સ્ટાફ સાથે દોડી ગયા હતા.

આગની જ્વાળાઓને કાબૂમાં લેવા માટે ફાયર બ્રિગેડ દ્વારા પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરતા અટકાવી દીધી હતી. આગને કાબૂમાં લેવા માટે 3 ફાયરની ગાડી અને 10થી વધુ ફાયરના જવાનો કામે લાગ્યાં હતાં. પરંતુ, કંપનીમાં POP મટિરિયલ હોવાના કારણે આખી રાત પાણી મારો ચલાવી કૂલિંગની કામગીરી કરવામાં આવી હતી. આ બનાવને પગલે પોર GIDCમાં આવેલી કંપની સંચાલકોમાં પણ ગભરાટ ફેલાઇ ગયો હતો.

મોડીરાત્રે લાગેલી આગના રૌદ્ર સ્વરૂપને જોવા માટે GIDCમાં નોકરી કરતા કર્મચારીઓનાં ટોળાં ઊમટી પડ્યાં હતાં. ફાયર બ્રિગેડને આગને કાબૂમાં લેવા માટે દૂરથી પાણીનો મારો ચલાવવાની ફરજ પડી હતી. સદભાગ્યે આગના આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ, આગમાં કંપની ખાખ થઈ ગઈ હતી. હિંદુસ્તાન ફાઈબર ગ્લાસ કંપનીમાં આગ કેવી રીતે લાગી તેનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. પરંતુ, આગના આ બનાવે GIDCમાં ચકચાર જગાવી મૂકી હતી. આગના આ બનાવની જાણ થતાં વરણામા પોલીસ મથકના પી.એસ.આઇ. વી.જી. લાંબરિયા સ્ટાફ સાથે દોડી ગયા હતા. પોલીસે આગનું ચોક્કસ કારણ તપાસ શરૂ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, પોર GIDCમાં આશરે 400થી વધુ કંપનીઓ આવેલી છે અને બાજુમાં 30થી વધુ ગામડાઓ છે. ત્યારે પોર GIDCમાં ફાયર સ્ટેશન ન હોવાને કારણે ઉદ્યોગકારોને આગની ઘટનામાં મોટી નુકસાનીનો સામનો કરવો પડે છે. પોર GIDCમાં વારંવાર મોટી આગ લાગવાની ઘટના બને છે અને ફાયર સ્ટેશન ન હોવાને કારણે વડોદરાથી ફાયરની ગાડીઓ બોલાવવાની ફરજ પડે છે.

## વીજ ચોરી : નાની નરોલી, કોસાડી ગામે દરોડામાં રૂ. 98 લાખની વીજ ચોરી પકડાઇ

વાંકલ | માંગરોળ તાલુકાના નાની નરોલી અને કોસાડી ગામમાં મોટા પોલીસ કાફલા સાથે વહેલી સવારે વીજ કંપની 52 જેટલી ટીમોએ વ્યાપક દરોડા પાડી 98 લાખની વીજચોરી ઝડપી પાડતા બી ચોરો માં ખડભળાટ મચી જવા પામ્યો છે. જોકે પકડાયેલા 40 વીજચોરમાં 20 અગાઉ પણ વીજચોરીમાં પકડાઈ ચૂક્યા હોવાની માહિતી મળી રહી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલી વિભાગના સુરત ગ્રામ્ય વર્તુળમાં ખાસ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા માંગરોળ ડીજીવીસીએલ કચેરી કાર્યક્ષેત્ર અંતર્ગતના નાની-નરોલી અને કોસાડી ગામમાં ચેકિંગ ડ્રાઈવ ગોઠવવામાં આવી હતી, જેમાં ઉર્જા વિકાસ નિગમ લિમિટેડની આઠ ટીમ સુરત કોર્પોરેટ કચેરી સુરત સીટી વલસાડ ભરૂચ સહિત ડીજીવીસીએલની કુલ 52 જેટલી ટીમો એ મોનિટરિંગ ઓફિસર ડી.પી મોદી, બી યુ પટેલ, કે કે પરમાર, કે એન પટેલ, ડી એ ચૌધરી, તેમજ સ્થાનિક માંગરોળ વીજ કચેરીના નાયબ ઈજનેર ધવલ ઝખરુવાલા જુનિયર ઈજનેર ડી ડી પટેલ, વગેરેના નેજા હેઠળ લોકલ પોલીસ ના એક પી. આઇ. એક પી.એસ.આઇ મળી કુલ 52 જેટલા પોલીસ કર્મચારીઓ અને ડીજીવીસીએલ પોલીસ સ્ટાફના કાફલા સાથે નાની નરોલી અને કોસાડી ગામમાં ફક્ત રહેઠાણના વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા.

વીજ ચેકિંગ માટે આવેલી ટીમે 2177 કનેક્શનનો ચેક થતા 84 જેટલા વીજ કનેક્શન મા વીજ ચોરી ઝડપાઈ હતી અને મહત્વની બાબત એ છે કે આ પ્રમાણે વર્ષ 2020 માં મોટું ચેકિંગ હાથ ધરાયું હતું ત્યારે 40 જેટલા વીજ ચોરો ઝડપાયા હતા જેમાંથી 20 જેટલા વીજ ચોરો ફરી વર્ષ 2024 માં વીજ ચોરી કરતા ઝડપાયા છે.

### પ્રેમીએ દગો આપ્યો તો આપઘાત કરવા નીકળી

# યુવતી બ્રિજની જાળી ઓળંગી ગઇ, કૂદે એ પહેલાં TRB જવાન, લોકોએ વાતોમાં પરોવી પકડી લીધી



સુરત | સુરતના કતારગામ વિસ્તારમાં રહેતી યુવતીના પ્રેમીએ દગો દેતાં હતાશ થઈ અમરોલી બ્રિજ પરથી તાપી નદીમાં કૂદી આત્મહત્યા કરવા જઈ રહી હતી. ત્યારે ટ્રાફિક બ્રિગેડના જવાન સહિતના લોકોએ બચાવી તેના પિતાને સોંપી દીધી હતી. યુવતી બ્રિજની જાળી ઓળંગી તે નદીમાં કૂદે એ પહેલાં જ બચાવી લેવામાં આવી હતી. યુવતીને પ્રેમી પરિણીત હોવાની જાણ થતાં હતાશ થઈ આપઘાત કરવા નીકળી પડી હતી.

અમરોલી જૂના જકાતનાકા પાસે ટ્રાફિક પોલીસના તાબા હેઠળના ટ્રાફિક બ્રિગેડનો સ્ટાફ ફરજ બજાવી રહ્યો હતો. ત્યારે બ્રિજ ઉપરથી પસાર થતા રાહદારીઓની નજર તાપી નદીના બ્રિજની લોખંડની ગ્રીલ ઉપર ચડીને કૂદવાનો પ્રયાસ કરતી યુવતી ઉપર પડી હતી, ત્યારે નજીક ટ્રાફિક પોલીસચોકી ઉપર ફરજ બજાવતા રાહુલ કૈલાસભાઈ દાયમાને તાત્કાલિક રિક્ષાચાલકે બૂમ પાડીને બોલાવી લીધો હતો. બીજી તરફ રાહુલ સતર્કતાથી આપઘાત કરવા જઈ રહેલી યુવતીની સાથે વાતચીત કરવા લાગ્યો હતો. એ પછી વાતમાં પરોવીને અન્ય લોકો સાથે તેને પકડી રાખી હતી અને તુરંત જ ફાયર કન્ટ્રોલ અને પોલીસને જાણ કરી હતી. દરમિયાન મહિલાઓ સહિત લોકો દોડી આવ્યા હતા. પોલીસ અને ફાયરે બ્રિજની જાળીને કટર વડે કાપીને તેને સલામત રીતે બચાવી હતી. યુવતીની પ્રાથમિક પૂછપરછ કરતાં છેલ્લાં ચાર વર્ષથી એક યુવકની સાથે ગાઢ પ્રેમસંબંધમાં બંધાયેલી હતી. આ યુવતી સાથે પ્રેમી યુવાને અત્યાર સુધી પોતે અપરિણીત હોવાનું કહીને સંબંધ શરૂ રાખ્યો હતો, પરંતુ ગઈકાલે યુવતીને પોતાનો પ્રેમી પરિણીત અને એક સંતાનનો પિતા હોવાનું જણાયું હતું. પ્રેમીએ દગો કર્યો હોવાનું જણાતાં કતારગામ વિસ્તારમાં રહેતી હતાશ યુવતીએ તાપી નદીમાં કૂદી આપઘાત કરવા જઈ રહી હતી. ત્યારે ટ્રાફિક બ્રિગેડના જવાન રાહુલ દાયમા સહિત લોકોએ યુવતીને આપઘાત કરતા બચાવી લઈને સરાહનીય કાર્ય કર્યું હતું.

**TRB જવાનની કામગીરીને અધિકારીઓએ બિરદાવી :** યુવતીના પિતા અને કતારગામ પીસીઆર વાનને પણ બોલાવી લઈને યુવતીને સોંપી દીધી હતી. યુવતીની માતાનું મૃત્યુ થઈ ગયું હોવાથી પિતા સાથે રહેતી હતી. રાહુલે આપઘાત કરવા નીકળેલી યુવતીને બચાવી લઇને ખૂબ જ સારી કામગીરી કરતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તેની ફરજને બિરદાવી હતી.

## કષ્ટભંજન દાદાનો બે હજાર કિલો દ્રાક્ષનો દિવ્ય શણગાર



બોટાદ | સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામમાં આવેલ કષ્ટભંજન હનુમાનજી મંદિરે આજે પવિત્ર એકાદશી નિમિત્તે હનુમાનજી દાદાને 2000 કિલો કાળી લીલી દ્રાક્ષનો દિવ્ય શણગાર કરાયો હતો. તેમજ અન્નકુટ ધરાવાયો હતો. ત્યારે વહેલી સવારથી મોટી સંખ્યામાં ભક્તોએ દાદાના દિવ્ય શણગારના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સુપ્રસિધ્ધ યાત્રાધામ સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિર આવેલું છે. હનુમાનજી મંદિર દ્વારા હિન્દુ ધર્મના દરેક વાર તહેવારોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિર પ્રશાસન દ્વારા વાર તહેવારે દાદાને વિશેષ શણગાર, અન્નકુટ ધરાવવામાં આવે છે. ત્યારે આજે પવિત્ર એકાદશી નિમિત્તે હનુમાનજી દાદાને દિવ્ય શણગાર કરાયો છે.

### 12 વેપારી પાસે દંડ પેટે 16500 ની માંડવાળ ફી વસૂલાઇ

# જિલ્લા તોલમાપ વિભાગ દ્વારા વજન માપના 6 અને પીસીઆરના 6 કેસ કર્યાં



ભાવનગર | જિલ્લા તોલમાપ કચેરી દ્વારા એક માસમાં હાથ ધરેલ ચેકીંગ દરમિયાન વજન માપના ૬ અને પીસીઆરના ૬ કેસ મળી આવ્યા હતાં જેની માંડવાળ ફી પેટે રૂા.૧૬૫૦૦ની વસૂલાત કરાઇ હતી. જ્યારે મુદ્રાંકન ચકાસણી અંતર્ગત ૫૭૫ સાધનો પેટે ૪.૧૫ લાખની આવક નોંધાવા પામી હતી.

મળતી વિગતો મુજબ જિલ્લા તોલમાપ વિભાગ દ્વારા ઈન્સપેક્ટરો દ્વારા નિયમિત મોબાઈલ ડ્રાઈવ ગોઠવી ગ્રાહકોની સુરક્ષા માટે સઘન ચેકીંગ જે-તે તાલુકા મથકો પર કરતા હોય છે. ગત માસ અંતર્ગત હાથ ધરેલ તપાસમાં વજન માપના ૬ કેસ સામે આવ્યા હતાં. જેમાં ઓછુ વજન આપવું, નિયત વજન કાંટો મુંદ્રાંકન કરાવ્યા વગરનો વાપરવો વગેરે ગેરરીતિ જણાઈ આવતા માંડવાળ ફી પેટે રૂા.૮૫૦૦ની વસૂલાત કરી હતી. જ્યારે પેકેઝ કોમોડીટી એક્ટ અંતર્ગત પણ ૬ કેસ કરવામાં આવ્યા હતાં જેની માંડવાળ ફી પેટે રૂા.૮૦૦૦ની વસૂલાત કરવામાં આવી હતી. આ ઉપરાંત ચાલુ માસ દરમિયાન ચકાસણી પાત્ર વાર્ષિક અને દ્વિવાર્ષિક વેપારીઓના ઈલેક્ટ્રીકલ તેમજ મેકેનીકલ વજન માપના સાધનોની ખરાઈ કરવા કુલ ૪૮૨ નિરીક્ષણ કરવામાં આવ્યા હતા જેની મુદ્રાંકન ફી પેટે ૪,૧૫,૨૧૮ની આવક થવા પામી હતી. જ્યારે ચકાસણી-મુદ્રાંકનની તારીખ પૂર્ણ થઇ ગયેલ હોય તેવા વેપારીઓ પાસેથી કુલ રૂા.૨૦,૮૩૨ લેઈટ ફી વસુલાઇ હતી. આમ વાર્ષિક અને દ્વિ-વાર્ષિક ચકાસણીપાત્ર કુલ ૫૭૫ સાધનોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં કુલ ૫૭૫ વેપારી જોડાયા હતાં. આમ તંત્રને ચકાસણી મુદ્રાંકન ફી પેટે કુલ ૪.૩૬ લાખની આવક થવા પામી હતી. જ્યારે ૬ કેસ વજન માપના અને ૬ કેસ પીસીઆરના નોંધાવા પામ્યા હતાં.

### મહાપાલિકાની સ્ટેન્ડીંગ કમિટિમાં જુદા જુદા કામના 62 ઠરાવને સર્વાનુમતે બહાલી અપાઇ

# ભાવનગર મહાપાલિકાના રૂ. 120.91 લાખ પુરાંતવાળા બજેટને સ્ટેન્ડીંગની મંજુરી

ભાવનગર | ભાવનગર મહાપાલિકાના રૂ. ૧૨૦.૯૧ લાખ પુરાંતવાળા બજેટને સ્ટેન્ડીંગ કમિટિની બેઠકમાં આજે બુધવારે મંજુરી આપવામાં આવી હતી. આ ઉપરાંત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના રૂ. ૧૭૨.૧૫ હજારના અંદાજપત્રને પણ મંજુરી આપવામાં આવી હતી. સ્ટેન્ડીંગ કમિટિની બેઠકમાં જુદા જુદા કામના ૬૨ ઠરાવને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

ભાવનગર મહાપાલિકાના હોલ ખાતે આજે બુધવારે સાંજે સ્ટેન્ડીંગ કમિટિની બેઠક ચેરમેનના અધ્યક્ષ સ્થાને બંધ બારણે મળી હતી. આ બેઠકમાં ભાવનગર મહાપાલિકામાં ઉઘડતી સીલક સહિતની કુલ આવક રૂ. ૧૬૪૮,૫૪,૦૦,૦૦૦ની સામે રૂ. ૧૫૨૭,૬૩,૦૦,૦૦૦ ખર્ચ કરતા વર્ષાન્તે રૂ. ૧૨૦,૯૧,૦૦,૦૦૦ પુરાંતવાળા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રને સ્ટેન્ડીંગ કમિટિએ સર્વાનુમતે મંજુરી આપી હતી. આ ઉપરાંત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના રૂ. ૧૭૨,૧૫,૩૫,૦૦૦ ના અંદાજપત્રને મંજુરી આપવામાં આવી હતી. લોકસભાની ચૂંટણી પૂર્વે મળેલી આ બેઠકમાં અંદાજે રૂ. ૭૨.૫૭ કરોડના વિકાસ કામોને




મંજુરી આપવામાં આવી હતી, જેમાં આનંદનગર વિસ્તારમાં ઈએસઆરનુ બાંધકામ, અકવાડામાં ઈએસઆરનુ બાંધકામ, કુંભારવાડમાં અક્ષરપાર્ક ખાતે કિલયર વોટર સ્ટોરેજ સમ્પનુ બાંધકામ, તખ્તેશ્વર ફિલ્ટર પ્લાન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ઈએસઆરનુ બાંધકામ બે વર્ષના ઓએન્ડએમ સહિતનુ કામ, ફાયર વિભાગ માટે નવા બે ફાયર ફાઈટર ખરીદવાનુ કામ, કાળીયાબીડ હયાત પાણીની ટાંકીવાળા સર્કલ પાસે નવી ઈએસઆર બનાવવાનુ કામ, તખ્તેશ્વર ફિલ્ટર પ્લાન્ટ ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સીદસર ખાતે ડબલ્યુટીપી તથા સમ્પ સાથે પ્લોટ ડેવલોપમેન્ટ સી.સી.રોડ બનાવવાનુ સુચિત કામ, અધેવાડા ટી.પી. સ્કીમમાં ડ્રેનેજ નેટવર્કનુ કામ, અધેવાડા ગામતળ તેમજ તરસમીયાની બાકી રહેલ ટી.પી.સ્કીમમાં ડ્રેનેજ નેટવર્કનુ કામ વગેરે કામોને મંજુરી આપવામાં આવી હતી.

ઉપરાંત રખડતા પશુ પકડવા માટે ખર્ચ કરવાની તેમજ કામગીરી સોંપવાની મંજુરી આપવામાં આવી હતી. સફાઈ કામદારો માટે વારસદાર નિમણુંક યોજના આગામી તા. ૩૧ માર્ચ-૨૦૨૪ સુધી જ અમલમાં મુકવા અને તે માટે અરજીઓ મંગાવવાની મંજુરી આપવામાં આવી હતી. વાર્ષિક ભાવના કામો અટકી ન પડે તે ધ્યાને લઈ વર્ષ ૨૦૨૪-૨૫ ના ભાવો મંજુર ન થાય ત્યાં સુધી વર્ષ ૨૦૨૩-૨૪ના ભાવો અમલમાં રહે તે મુજબ સમય મર્યાદા વધારી આપવાની મંજુરી આપવામાં આવી હતી. થીમ બેઈઝડ થીએટર ડ્રામા યોજવા માટે મળેલ ગ્રાન્ટ અન્વયે રૂ. ૧૬,૯૮,૯૦૦ના ખર્ચથી કામગીરી કરાવવી અને કલ્ચરલ મ્યુઝીકલ પ્રોગામ માટે મળેલ ગ્રાન્ટ અન્વયે રૂ. ૧૬,૯૮,૯૦૦ના ખર્ચથી કામગીરી કરાવવા મંજુરી આપવામાં આવી હતી. નિરાધર અને દિવ્યાંગ બાળકોને ગણવેશ સહાય ૧ વિદ્યાર્થીને રૂ. ૧૩૮૬ લેખે ૧૪૪૩ વિદ્યાર્થી માટે રૂ. ૨૦ લાખનો ખર્ચ સહિતના ૬ ઠરાવ અધ્યક્ષ સ્થાનેથી મંજુર આપવામાં આવી હતી.

### મહિસાગર એલસીબીએ 3 આરોપીની અટકાયત કરી

# ક્રેડિટ સોસાયટીમાં લાખોની ઉચાપત સંદર્ભે ડેભારીના 3 શખ્સોની ધરપકડ



વિરપુર | વિરપુર પોલીસ સ્ટેશનમાં ડેભારી ગામની ક્રેડિટ સોસાયટીમાં લાખો રૂપિયાની ઉચાપત થયાની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે સંદર્ભે ત્રણ આરોપીની ધરપકડ મહિસાગર એલસીબીએ કરી છે.

ડેભારી ગામની ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના લોકો દ્વારા ક્રેડિટ સોસાયટી ઉભી કરવામાં આવી હતી. જેમાં દર વર્ષે મોટું ભંડોળ એકઠું થતું હતું. ગામની અને સમાજની સોસાયટી હોવાથી સમાજના સિનિયર સિટીજન, નોકરિયાત તેમજ અન્ય લોકો દ્વારા નાણાંનું રોકાણ કરાતું હતું. જયારે પાકતી મુદતના નાણાં માટે જરૂર જણાતા રોકાણકારોએ સોસાયટી દ્વારા આપવામાં આવેલા સર્ટિફિકેટ લઈ પોતાના નાણાંની માંગણી કરી હતી. ત્યારે વહીવટ કર્તાઓએ હમણાં નાણાં નથી, આવશે એટલે બોલાવીશું. તેવા ઉડાવ જવાબ આપતાં બાકીના રોકાણકારોને શંકા ગઈ હતી. જે સંદર્ભે સમાજના લોકોની મિટિંગ કરી સોસાયટીમાં તપાસ કરતા ૨૮,૮૨,૩૨૦ રૂપિયાની ઉચાપત થઈ હોવાનું માલુમ પડયું હતું.

જે સંદર્ભે વિધવા મહિલાઓ, સિનિયર સિટીઝન તેમજ દિનેશકુમાર મણીલાલ જોષી દ્વારા મહીસાગર એસપી કચેરીએ રજૂઆત કરાઈ હતી. ત્યારે વીરપુર પોલીસ સ્ટેશને (૧) જીગ્નેશભાઇ હરીશભાઇ જોષી, (૨) રામશંકર અંબાલાલ જોષી, (૩) રમણલાલ જગનનાથ જોષી તમામ રહે.ડેભારી, તા.વિરપુર જિ.મહીસાગરવાળા ત્રણ ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ત્યારે એલસીબીએ ત્રણેય ઈસમોની અટકાયત કરી હતી.

### ગ્રીન કોરિડોર મારફતે સમયસર અંગો અમદાવાદ પહોંચ્યા : સ્તુત્ય સેવાભાવ

# કીડાણા ગામના બ્રેઈનડેડ યુવાનના અંગદાનથી ચાર દર્દીને નવજીવન




ભુજ | ગાંધીધામ તાલુકાનાં કીડાણા ગામના ૨૪ વર્ષીય સુનિલ વિંઝોડા નામના યુવાનને બે દિવસ પહેલા ગંભીર અકસ્માત થયો હતો. જેનું બ્રેનડેડ થઈ જતાં પરિવારે આંગદાન કરવાનો નિર્ણય લેતા ગાંધીધામ સિટી પોલીસ અને હોસ્પિટલ પ્રસાશનની મદદાથી ગ્રીન કોરિડોર મારફતે સમયસર અંગો અમદાવાદ પહોંચ્યા હતા. જેના કારણે ૪ દર્દીને નવજીવન મળ્યું છે.

આ અંગે મળતી માહિતી મુજબ ગાંધીધામના કીડાણાનો ૨૪ વષય સુનીલ વાલજીભાઈ વિંઝોડાએ એક સાથે ૪ લોકોને નવજીવન આપતો ગયો છે. ગાંધીધામ તાલુકાના કિડાણામાં રહેતા સુનીલ વિંઝોડાને બે દિવસ અગાઉ માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજા થઈ હતી. ગાંધીધામની ડિવાઈન લાઈફ હોસ્પિટલે ગત રાત્રે તેને બ્રેઈન ડેડ જાહેર કર્યો હતો. જેથી સામાજિક આગેવાનો હોસ્પિટલ ખાતે જઈ સુનીલના અંગોનું દાન કરવા સ્વજનોને સલાહ-સૂચન આપી આ ઉત્તમ દાન કરવા સમજણ આપી હતી. જેથી સુનિલના પિતા વાલજીભાઈ અને અન્ય સ્વજનોએ સંમતિ આપ્યા બાદ બુધવારે સવારે ગાંધીધામાથી અમદાવાદની સીમ્સ હોસ્પિટલ સુધી ખાસ ગ્રીન કોરિડોર મારફતે સુનીલનું હૃદય, કિડની અને લીવર પહોંચાડાયાં હતાં.

પુત્રની અંતિમ વિદાય સમયે પિતા વાલજીભાઈએ મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું કે આ ગર્વની વાત છે, મહેશ્વરી સમાજ અને સમસ્ત માનવજાતને એ સંદેશો પહોંચે કે આ એક ઉત્તમ દાન છે. નવીન ધેડા અને દેશમુખે અંગદાનની આ ઘટનાને અદભૂત ઘટના ગણાવી ઉદગાર વ્યક્ત કર્યાં કે એક સુનીલ ભલે કાયમ માટે ગયો હોય પરંતુ તે અન્ય ચાર લોકોમાં જીવતો રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે હજુ બે મહિના પૂર્વે જ સુનીલના લગ્ન થયા હતા. ત્યારે આ દુખણાં સમયે પરિવારે ઉત્તમ નિર્ણય લઈ અંગદાન કરવાનો નિર્ણય કરતાં ૪ લોકોને નવજીવન પ્રાપ્ત થયું હતું.

# ખંભાત પંથકમાં આધુનિક પદ્ધતિથી શક્કરિયાંની ખેતીમાં મબલખ ઉપજ !

આણંદ | શિયાળાની ઋતુમાં તૈયાર થતા શક્કરીયાંના પાકમાં આધુનિક પદ્ધતિનો ઉપયોગ તથા સુધારેલી જાતનો ઉપયોગને કારણે ખંભાતના કાંઠા વિસ્તાર તથા ઉંદેલ પંથકમાં શક્કરીયાંનું મબલખ ઉત્પાદન થઈ રહ્યું છે. ઉંદેલના ખેડૂતો દ્વારા ફ્લાવર, કોબીજ, ચિકોરી ઉપરાંત મોટા પ્રમાણમાં શક્કરીયાંની ખેતી કરવામાં આવતી હોઈ ખેડૂતો આથક રીતે સમૃદ્ધ અને પ્રગતિશીલ બન્યાં છે. ખંભાતના કાંઠાગાળાના ખેડૂત અગ્રણીએ જણાવ્યું હતું કે શિયાળાની ફૂલગુલાબી ઠંડીમાં શક્કરીયાંનો પાક તૈયાર થાય છે. શિવરાત્રી સમયે શક્કરીયાં અને બટાટાની માંગ વધે છે. આ પાક મોડો ન પડે તેવું આયોજન કરીને જ પંથકના ખેડૂતો શક્કરીયાંની રોપણી કરે છે. હાલમાં ઉંદેલ, નાના કલોદરા, વત્રા, વાસણા સહિતના વિસ્તારમાં શક્કરીયાંની ખેતીને કારણે ખેતરો છલકાઈ રહ્યાં છે.ઉંદેલના ભૂપેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે છેલ્લા સાત વર્ષથી પંથકના ૯૦૦ એકર જમીન વિસ્તારમાં શક્કરીયાંની ખેતી કરવામાં આવે છે. ખંભાત તાલુકાના ૧૩ જેટલા ગામોમાં શક્કરીયાંના પાકને અનુરૂપ જમીન હોઈ ખેડૂતો પદ્ધતિસર ખેતી કરી મબલખ ઉત્પાદન કરે છે. જ્યારે ૧૨ વીઘાં જમીનમાં શક્કરીયાની ખેતી કરતા ખેડૂતોના જણાવ્યા મુજબ શક્કરીયાની ખેતી માટે ચાર માસ જેટલો સમય લાગે છે. ૧૧૦થી ૧૩૦ દિવસના સમયગાળા દરમિયાન શક્કરીયાંનું ઉત્પાદન શરૂ થઈ જાય છે. ખેડૂતોએ શક્કરીયાની આધુનિક સુધારેલી જાતોનું વાવેતર શરૂ કરતાં જ ઉત્પાદન ૩૦થી ૪૦ ટકા વધી ગયું છે. કૃષિ કેન્દ્ર તથા બીજ કેન્દ્રો દ્વારા આ અંગે સમજ આપવામાં આવી રહી હોઈ આગામી દિવસોમાં શક્કરીયાનું ઉત્પાદન હજુ વધી શકે તેમ છે.

### પતાસાના ભાવમાં નજીવો વધારો થયો

# મોંઘવારીની હોળી, ધાણી-દાળીયા તેમજ ખજૂરના ભાવમાં વધારો છતાં માંગ અકબંધ



ભાવનગર | પચરંગી મહાપર્વ હોળી તેમજ ધૂળેટીનો રંગીલો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે આ મહાપર્વને અનુલક્ષીને ભાવનગર શહેર અને જિલ્લાભરની બજારોમાં ધાણી, દાળીયા, પતાસાના હારડા તેમજ ખજૂરની ખરીદીનો ધીમી ગતિએ પ્રારંભ થઈ રહ્યો છે. જથ્થાબંધ વિક્રેતાઓ પાસેથી રીટેઈલ વિક્રેતાઓ દ્વારા જરૂરી સ્ટોક લઈ તેમની દુકાન, લારી,ગલ્લાઓમાં વેચાણ શરૂ કરાયુ છે.બજારોમાં આ ચીજવસ્તુઓની ખરીદી માટે હવે ઘરાગી જામશે.

ટ્રાન્સપોર્ટેશન, લેબર ખર્ચ, જી. એસ.ટી. અને નફાને બાદ કરતા ગત વર્ષની તુલનામાં આ વર્ષે હોળી પર્વની ઉપરોક્ત ખાદ્યસામગ્રીઓના ભાવમાં સરેરાશ પાંચથી લઈને ૨૫ ટકાનો ભાવવધારો ઝીંકાયો છે તેમ છતાં તેની માંગ અકબંધ જણાઈ રહેલ છે. પૌરાણિક કાળથી હોળી ધૂળેટીના પર્વે ધાણી, દાળીયા, ખજુર અને પતાસા ખાવાનો અનન્ય મહિમા ચાલ્યો આવે છે. હોળી પ્રગટાવાય ત્યારે તેમાં ખજૂર, ધાણી, દાળીયા વગેરે પધરાવી હોળીની પ્રદક્ષિણા કરવાનું પ્રાચીન કાળથી વિશેષ મહાત્મ્ય છે. વર્ષ દરમિયાન હોળી અને ધૂળેટીના તહેવાર દરમિયાન આ ચીજવસ્તુઓના વેચાણમાં ધરખમ વધારો નોંધાતો રહે છે. ખજુર, પતાસાના હારડા અને ધાણીની ઉજાણીના આ અનોખા તહેવારને અનુલક્ષીને શહેરની મુખ્ય શાકમાર્કેટ, ગંગાજળીયા તળાવ,આંબાચોક, ગઢેચી વડલા, નિર્મળનગર, હીરાબજાર અને શિવાજી સર્કલ સહિતના અનેક સ્થળોએ અસંખ્ય સીઝનલ લારી, ગલ્લાઓ તેમજ દુકાનોમાં ઉપરોક્ત ચીજવસ્તુઓના વેચાણકેન્દ્રો દિવસ દરમિયાન સતત ધમધમી રહ્યા છે. આ સિઝનલ ચીજવસ્તુઓની માર્કેટ ફક્ત ૨૫ દિવસ પૂરતી જ ગ્રાહકોથી સતત ધમધમતી રહે છે.હાલ બજારમાં રૂા ૩૦ થી લઈને રૂા ૧૨૦ આસપાસના કિલોના ભાવે પતાસા વેચાઈ રહ્યા છે. જ્યારે હોળીના તહેવારને અનુલક્ષીને ભાવનગર શહેર તેમજ નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં મળીને અંદાજે ૩૦૦૦ થી વધુ કિલો પતાસાનું આસાનીથી વેચાણ થઈ જાય છે. ગોહિલવાડમાં અંદાજે ૨૫ થી વધુ પરિવારોના સભ્યો આ વ્યવસાયની ઉપર નિર્ભર છે. જ્યારે ધાણીનું સ્થાન કેટલાક સ્થળોએ પોપકોર્નએ લઈ લીધુ છે. આ વખતે મકાઈના ભાવમાં ધરખમ વધારો થતા ધાણી પોપકોર્નના ભાવમાં અંદાજે ૨૦ થી ૨૫ ટકાનો વધારો થયો છે તેમ વેપારી અતુલભાઈ શાહે જણાવ્યુ હતુ. તેમજ રૂા ૧૦૦ થી લઈને રૂા ૧૫૦ આસપાસના ભાવે લાલ અને કાળો ખજુર બજારમાં ઉપલબ્ધ છે. ધૂળેટીના મહાપર્વે હોલીકાદહન બાદ પ્રથમ હોળી હોય તેવા નાના બાળકોને આજની તારીખે પણ ગોહિલવાડના અનેક ગામડાઓમાં પતાસાના હારડા પહેરાવીને તેના વાલીઓ દ્વારા હોલિકાની પ્રદક્ષિણા કરાવવામાં આવે છે.

**આણંદ જિલ્લાની પ્રા. શાળાના શિક્ષકોએ પેનડાઉન કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો** | આણંદ : જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરવા સહિતના પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા અપાયેલ પેનડાઉન કાર્યક્રમને આણંદ જિલ્લામાં બહોળો પ્રતિસાદ સાંપડયો હતો અને આજે આણંદ જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોએ ઓનલાઈન કામગીરીથી અળગા રહી વિરોધ નોંધાવ્યો હતો. આણંદ જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો તથા અન્ય કેડરના કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓને લઈ પેનડાઉન કાર્યક્રમને સમર્થન આપી ઓનલાઈન કામગીરીથી દૂર રહ્યાં હતાં. સાથે સાથે ચોકડાઉન કાર્યક્રમ કરી શિક્ષણકાર્યથી પણ અળગા રહ્યાં હતાં. ઉપરાંત શાળા તથા કચેરીમાં ઉપયોગમાં લેવાતા ઈલેક્ટ્રોનીક ઉપકરણને પણ શટડાઉન મોડમાં રાખી વિરોધ નોંધાવ્યો હતો.શિક્ષકોની પડતર માંગણીઓ અંગે સરકાર દ્વારા સત્વરે નિરાકરણ લાવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજ્ય કર્મચારી મંડળના નેજા હેઠળ આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જલદ કાર્યક્રમ યોજવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારાઇ છે.

### ડાકોરમાં વોર્ડ નંબર-4 માં અનિયમિત અને પ્રદુષિત પાણી આવતા રહિશો પરેશાન

આણંદ | ડાકોરમાં ઉનાળાની શરુઆતમાં જ પીવાનું પાણી ગંદુ,દુર્ગંધયુક્ત આવતું હવોની ભારે બૂમ ઉઠી છે. ડાકોરના વોર્ડ નં.જના રહીશો પાણીની વિકટ સમસ્યાનો સામનો કરી રહ્યાં હોવાની ફરિયાદો ઉઠી છે. જિલ્લા કલેક્ટરની અધિકારીઓ સાથેની બેઠકમાં આગામી દિવસોમાં હોળી-ધૂળેટીના તહેવારને લઈ સુવ્યવસ્થા અંગે તાકીદ કરવામાં આવી હોવા છતાં કોઇ સુધારો જોવા મળ્યો નથી.યાત્રાધામ ડાકોરમાં નાગરિકો તથા વેપારીઓ દ્વારા લાખો રુપિયાનો ટેક્સ નગરપાલિકામાં ભરવા છતાં શહેરની જનતાને સુવિધાઓથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. તેમાંય છેલ્લાં કેટલાક સમયથી પાલિકાના અણઘડ વહિવટને કારણે શહેરીજનોને પીવાનું પાણી ન મળતું હોવાની બૂમ ઉઠી છે. ડાકોરના વોર્ડ નં.જના રહીશો ઉનાળાની શરૂઆતમાં જ પીવાના પાણીની સમસ્યાથી ત્રાહિમામ પોકારી ઉઠયાં છે. આ અંગે વોર્ડ નં.જના રહીશોએ જણાવ્યું હતું કે છેલ્લા ચારેક દિવસથી તેઓને પાણી નહીં મળતા વલખાં મારવાનો વારો આવ્યો છે. સ્કૂલે જતા બાળકો તથા ગૃહિણીઓને રસોઇ કામ સહિત રોજબરોજના કામમાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

### વિરાણી સર્કલ પાસે સસ્તા અનાજની દુકાનમાં તપાસ કરતા અધિકારીઓ ચોંકી ગયા

# રેશનશોપ સંચાલક શખ્સનું નકલી ફિંગર પ્રિન્ટથી અનાજ સગેવગે કરવાનું કૌભાંડ

ભાવનગર | શહેરના કાળિયાબીડ, વિરાણી સર્કલ ખાતે આવેલી વાજબી ભાવની દુકાનના સંચાલક શખ્સે નકલી ફિંગર પ્રિન્ટથી ગરીબોના પેટના અનાજના જથ્થાને સગેવગે કરવાનું કૌભાંડ આચર્યાનો પુરવઠા વિભાગની તપાસમાં ઘટસ્ફોટ થયો છે. ભેજાબાજ શખ્સે પોતાના કોમ્પ્યુટરમાં ગ્રાહકોના ફિંગર પ્રિન્ટની ઈમેજ ઉપરાંત દુકાનમાં પણ રબ્બરની ફિંગર પ્રિન્ટ બનાવી છુપાવ્યા હતી. જે જોઈ પુરવઠાની ટીમ ચોંકી ગઈ હતી.



#### અનાજના સ્ટોકમાં વધઘટ મળી આવતા જથ્થો સીઝ

વાજબી ભાવની દુકાનમાં તપાસ દરમિયાન અધિકારીઓને અનાજના સ્ટોકમાં પણ વધઘટ માલૂમ થઇ હતી. જેમાં દુકાનમાં રહેલા હાજર જથ્થાની ઓનલાઇન, ફિઝિકલ સ્ટોક સાથે ખરાઈ કરતા ઘઉંમાં ચાર કિલોની વધ, ચોખામાં ૭૮ કિલોની વધ, બાજરીમાં ૫૮.૯૦૦ કિ.ગ્રા.ની વધ, મીઠામાં ૮૭ કિલોની ઘટ, ખાંડમાં ૫.૨૨૦ કિ.ગ્રા.ની વધ, ચણામાં ૧૫.૫૪૦ કિ.ગ્રાની ઘટ જોવા મળતા જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત શખ્સે બોર્ડમાં સ્ટોક, ભાવ અને પ્રમાણ વગેરે વિગતો દર્શાવી ન હતી. તેમજ દુકાનમાં ગુજરાત રાજ્ય અન્ન આયોગનું બોર્ડ પ્રદર્શિત કર્યું ન હોવાનું જોવા મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના કાળિયાબીડ, વિરાણી સર્કલ પાસે રેશનશોપ ચલાવતો હિતકરણસિંહ રતુભા ગોહિલ (રહે, પ્લોટ નં.૪૩૯૧, પાર્થ સોસાયટી, ગાયત્રીનગર પાછળ, શિવાજી સર્કલ, ભાવનગર) નામનો શખ્સ સરકારી અનાજનો જથ્થો સગેવગે કરી ગેરરીતિ આચરતો હોવાની શંકાના આધારે ગઈકાલ તા.૫-૩ને મંગળવારે મદદનીશ નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગર તેમજ ભાવનગર સિટી મામલતદાર, મુખ્ય પુરવઠા નિરીક્ષક, નાયબ મામલતદાર (પુરવઠા)-ભાવનગરએ વાજબી ભાવની દુકાનમાં તપાસ કરતા કોમ્પ્યુટરમાંથી ૨૦ ફિંગર પ્રિન્ટ ઈમેજ તેમજ દુકાનમાં રાખેલા કબાટમાંથી ૧૨ નંગ રબ્બરની ફિંગર પ્રિન્ટનો અનઅધિકૃત રીતે સંગ્રહ કરેલો મળી આવ્યો હતો. આ ફિંગર પ્રિન્ટોથી રેશનશોપ સંચાલક શખ્સ સરકારી અનાજ સગેવગે કરી ગેરરીતિ આચરતો હોવાનું માલૂમ થતાં અધિકારીઓએ કોમ્પ્યુટર, સીપીયુ, મંત્રા થમ્બ ડિવાઈસ, રબ્બરની ફિંગર પ્રિન્ટ સહિતનો મુદ્દામાલ સીઝ કરી પોલીસને સોંપ્યો હતો. બનાવ અંગે ઝોનલ ઓફિસર વી.ડી. ત્રિવેદી (ઝોનલ કચેરી-૩, તાલુકા મામલતદાર-ભાવનગર કચેરી)એ શખ્સ હિતકરણસિંહ ગોહિલ સામે નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈ.ટી. એક્ટ-૨૦૦૮ની કલમ ૬૬-સી, આધાર (ટાર્ગેટેડ ડિલિવરી ઓફ ફાયનાન્સિયલ એન્ડ અધર સબસીડાઈઝ, બેનિફિટ્સ એન્ડ સર્વિસીઝ) એક્ટ-૨૦૧૬ની કલમ ૩૭, ૪૨ તેમજ જરૂરી ચીજવસ્તુઓનો અધિનિયમની કલમ ૩, ૭ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### 94 વર્ષ પહેલા આજના દિવસે ઐતિહાસિક બનાવ બન્યો

# રાસ ગામે વડ નીચેથી સરદાર પટેલની સૌપ્રથમ વખત ધરપકડ કરાઈ હતી



આણંદ | દાંડી કૂચને ૯૪ વર્ષ પૂર્ણ થવાના છે, ત્યારે દાંડી કૂચના પાંચ દિવસ પહેલા સરદાર વલ્લભભાઈ પટેલની સૌપ્રથમ વખત તત્કાલીન ખેડાના અને વર્તમાન આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના રાસ ગામેથી ધરપકડ કરવામાં આવી હતી. ગાંધીજી દ્વારા દાંડીકૂચની તૈયારી કરવામાં આવી રહી હતી. તે દરમિયાન તા. ૭ માર્ચ, ૧૯૩૦ના રોજ રાસ ગામે આવેલા એક વડ નીચે સરદાર વલ્લભભાઈ પટેલ દાંડી યાત્રાની તૈયારી અને પ્રચાર કરી રહ્યા હતા. તે દરમિયાન બોરસદ ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ જાતે સરદાર પટેલનું ધરપકડનું વોરંટ લઈને આવ્યા હતા. સરદાર પટેલની ધરપકડ થતાં રાસ ગામ દ્વારા સરકારી તંત્રનો કડક બહિષ્કાર કરવામાં આવ્યો હતો અને મુખી સહિતનાઓએ રાજીનામા આપી દીધા હતા. ગાંધીજી તા.૧૨ માર્ચના રોજ દાંડી કૂચ શરૂ કરી તા.૧૯ માર્ચના રોજ રાસ ગામ પહોંચ્યા હતા, જ્યાં ૨૫૦૦૦ લોકોની સભા યોજાઈ હતી. ગ્રામજનો દ્વારા સરદાર પટેલની ધરપકડના વિરોધમાં જમીન-મહેસૂલ ના ભરવાનો સત્યાગ્રહ (ના-કરની લડત) શરૂ કરવા ગાંધીજીની પરવાનગી માંગી હતી. જે અંગે ગાંધીજીની પરવાનગી મળ્યા બાદ ગ્રામજનોએ સત્યાગ્રહ શરૂ કર્યો જે લાંબા સમય સુધી ચાલ્યો હતો. આજે પણ રાસ ગામમાં રાસ કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કૂલમાં ઐતિહાસિક વલ્લભ વડ અડીખમ ઉભેલો છે, જેની નીચેથી સરદાર પટેલની સૌપ્રથમ વખત ધરપકડ કરીને ત્રણ મહિનાની સજા કરવામાં આવી હતી. સરદાર પટેલે સાબરમતી સેન્ટ્રલ જેલમાં તા.૨૬ જૂન, ૧૯૩૦ સુધી જેલવાસ ભોગવ્યો હતો. 111 દિવસના જેલવાસ દરમિયાન સરદાર પટેલે 45 દિવસ દૈનિક ડાયરી લખી રાસ ગામેથી સરદાર પટેલની ધરપકડ કર્યા બાદ તેમને ત્રણ મહિનાની જેલની સજા કરવામાં આવી હતી.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો.



**વૃષભ (બ,વ,ઉ)**

ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે.



**મિથુન (ક,છ,ઘ)**

ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.



**કર્ક (ડ,હ)**

આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો.



**સિંહ (મ,ટ)**

આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય.



**કન્યા (પ,ઠ,ણ)**

આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.



**તુલા (ર,ત)**

આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે.



**વૃશ્ચિક (ન,ય)**

આજે તમારો મૂડ બગાડી શકે છે અને તમે ગુસ્સે થઈ શકો છો. વિશિષ્ટ ધૈર્ય રાખો કારણકે ઉતાવળમાં કરવામાં આવેલા કામથી નુકસાન થઈ શકે છે. તમારા સુખમાં વધારો થશે.



**ધન (ભ,ધ,ફ)**

તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.



**મકર (ખ,જ)**

આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.



**કુંભ (ગ,શ,સ)**

ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી.

સતત એક વર્ષથી અવિરત તેજી દર્શાવતાં રહેલાં મીડ-કેપ અને સ્મોલ-કેપ સેગમેન્ટ્સમાં છેલ્લાં કેટલાંક સત્રોથી તેજી અટકી છે...

# સેબીના નિર્દેશ પછી મિડ-સ્મોલકેપ્સમાં ફ્લો અટકશે: SIHL



નવી દિલ્હી | સતત એક વર્ષથી અવિરત તેજી દર્શાવતાં રહેલાં મીડ-કેપ અને સ્મોલ-કેપ સેગમેન્ટ્સમાં છેલ્લાં કેટલાંક સત્રોથી તેજી અટકી છે. જેનું કારણ સેબી તરફથી મીડ અને સ્મોલ-કેપ્સને લઈ ઉચ્ચારવામાં આવેલો નિર્દેશ છે. માર્કેટ રેગ્યુલેટરના આ પગલાં પાછળ શેરબજારમાં બીજી અને ત્રીજી હરોળના શેર્સમાં મૂડી પ્રવાહ અટકી શકે છે અથવા ધીમો પડી શકે છે એમ શાહ ઈન્વેસ્ટર્સ હોમના ડિરેક્ટર તન્મય શાહે જણાવ્યું હતું. તેમના મતે સામાન્ય સભાની ચૂંટણી પણ નજીક આવી રહી છે. જેને જોતાં ઈન્વેસ્ટર્સ અને ટ્રેડર્સે તેમનું ધ્યાન લાર્જ-કેપ્સ તરફ જાળવવું જોઈએ.

તાજેતરમાં કેટલીક ફાઈનાન્સ સંબંધી કંપનીઓમાં રેગ્યુલેશનને લઈ આરબીઆઈ તરફથી ત્રુટીઓ દર્શાવવામાં આવી છે. જેમાં જેએમ ફાઈ.માં આઈપીઓ ફાઈનાન્સિંગને લઈ ત્રુટીઓનો જ્યારે IIFL ફાઈ.માં ગોલ્ડ લોનને લઈ ત્રુટીઓનો સાવેશ થાય છે. આરબીઆઈ જેએમ ફાઈ.ને શેર્સ અને ડિબેન્ચર્સ સામે લોન આપવા પર પ્રતિબંધ મૂક્યો છે. જ્યારે આઈઆઈએફએલ ફાઈનાન્સને નવી ગોલ્ડ લોન્સ આપવા પર પ્રતિબંધ મૂક્યો છે. અગાઉ પેટીએમ ફિનટેક સામે પ્રતિબંધો જાહેર કરાયાં હતાં.

લગભગ સપ્તાહ અગાઉ સેબીએ એમ્ફીને એક પત્રમાં સ્મોલ અને મીડ-કેપ્સને લઈ ચેતવણી ઉચ્ચારી હતી. ત્યાર પછી બજારમાં લાર્જ-કેપ્સ આઉટપર્ફોર્મન્સ દર્શાવતાં જોવા મળ્યાં છે. જ્યારે સ્મોલ- મીડ-કેપ્સ કાઉન્ટર્સમાં ઊંચા મથાળે પોઝીશન હળવી થઈ હોય તેમ જણાય છે એમ જણાવતાં તન્મય શાહ ઉમેરે છે કે સેબીની ટિપ્પણીની બીજી અને ત્રીજી હરોળના દેખાવ પર ટૂંકાથી મધ્યમગાળા માટે અસર જોવા મળી શકે છે. આમ, ટ્રેડર્સે લાર્જ-કેપ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

## બેન્ક નિફ્ટી 50,000નો ટાર્ગેટ દર્શાવી શકે

નજીકના સમયમાં બેન્ચમાર્ક નિફ્ટી 22700-22800 સુધીની વૃદ્ધિ દર્શાવે તે સંભવ છે. જોકે, 22000ની સપાટી તોડે તો ટ્રેડર્સે લોંગ પોઝીશન હળવી કરવી જોઈએ. બેંક નિફ્ટી પણ 50,000નો ટાર્ગેટ દર્શાવી શકે છે. નિફ્ટી પછી સૌથી વધુ ટ્રેડ થતાં બેંક નિફ્ટીને 46500નો સપોર્ટ છે. જેની નીચે લોંગ પોઝીશનમાંથી બહાર આવવું હિતાવહ બની રહેશે એમ શાહનું સૂચન છે. નિફ્ટી સ્મોલ અને મીડકેપ 100 સૂચકાંકોએ તો છેલ્લાં ચાર સપ્તાહોમાં તેમની નવી ટોચ બનાવી દીધી હતી અને હવે તેઓ કરેક્શન મોડમાં છે. આરબીઆઈ જેએમ ફાઈ.ને શેર્સ અને ડિબેન્ચર્સ સામે લોન આપવા પર પ્રતિબંધ મૂક્યો છે. જ્યારે આઈઆઈએફએલ ફાઈનાન્સને નવી ગોલ્ડ લોન્સ આપવા પર પ્રતિબંધ મૂક્યો છે. અગાઉ પેટીએમ ફિનટેક સામે પ્રતિબંધો જાહેર કરાયાં હતાં.

# સેન્સેક્સ નવી ઐતિહાસિક ઊંચાઈએ છતાં SME, સ્મોલકેપ શેરોમાં ગાબડા

મુંબઈ | મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) રોકાણકારોના હિત રક્ષણ માટે મ્યુચ્યુઅલ ફંડોના સ્મોલ કેપ ફંડોના એસેટ મેનેજરોને તેમના રોકાણકારોને જોખમો વિશે જાણકારી આપવા તાકીદ બાદ હવે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પણ ખાતેદારો-રોકાણકારોના હિત રક્ષણ કાજે નિયમોનું ઉલ્લંઘન કરતી ફાઈનાન્સ કંપનીઓ સામે પગલાં લેવાની શરૂઆત કરતાં આ પગલાંની અસરે આજે સ્મોલ, મિડ કેપ શેરો, એસએમઈ શેરોમાં મોટા ગાબડાં પડયા હતા. જ્યારે સેન્સેક્સ, નિફટી બેઝડ આરંભમાં પાવર, મેટલ શેરોમાં ધોવાણે આંચકા બાદ ઘટાડે ફંડોની ખાનગી બેંક શેરો અને ફાર્મા, ટેલીકોમ, આઈટી ફ્રન્ટલાઈન શેરોમાં ઘટાડે આકર્ષણે આંચકા પચાવી અંતે વિક્રમી તેજીનો નવો ઈતિહાસ રચ્યો હતો. સેન્સેક્સ નીચામાં ૭૩૩૨૧.૪૮ સુધી ખાબકી અંતે ઘટાડો પચાવી ૭૪૧૫૧.૨૭ નવી ટોચ બનાવી અંતે ૪૦૮.૮૬ પોઈન્ટ વધીને ૭૪૦૮૫.૯૯ નવી વિક્રમી ઊંચાઈએ બંધ રહ્યો હતો. જ્યારે નિફટી ૫૦ સ્પોટ નીચામાં ૨૨૨૨૪.૩૫ સુધી આવી નવી ૨૨૪૯૭.૨૦ ઊંચાઈનો ઈતિહાસ રચી અંતે ૧૧૭.૭૫ પોઈન્ટ ઉછળીને ૨૨૪૭૪.૦૫ નવી ઐતિહાસિક ઊંચાઈએ બંધ રહ્યો હતો.

બેંકિંગ શેરોમાં આજે ખાસ ફંડોએ ફ્રન્ટલાઈન ખાનગી બેંક શેરોમાં મોટી ખરીદી કરતાં ઈન્ડેક્સ બેઝડ મોટું ધોવાણ અટક્યું હતું. કોટક મહિન્દ્રા બેંક રૂ.૪૨.૩૦ ઉછળીને રૂ.૧૭૫૮.૩૦, એક્સિસ બેંક રૂ.૨૫.૦૫ ઉછળીને રૂ.૧૧૨૫.૭૫, બેંક ઓફ બરોડા રૂ.૪.૫૫ વધીને રૂ.૨૮૨.૫૫, ફેડરલ બેંક રૂ.૨.૦૫ વધીને રૂ.૧૫૭.૨૦, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૮.૭૦ વધીને રૂ.૧૦૯૬.૮૦, ઈન્ડસઈન્ડ બેંક રૂ.૧૧.૭૫ વધીને રૂ.૧૫૫૩.૭૫ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૫૩૨.૮૫ પોઈન્ટ વધીને ૫૪૫૬૬.૭૪ બંધ રહ્યો હતો.

11 માર્ચ સુધી બિડ કરી શકશો, મિનિમમ 14,837નું રોકાણ કરવું પડશે

# ગોપાલ સ્નેક્સનો IPO આજથી ખુલ્યો




### ગ્રે માર્કેટમાં જેજી કેમિકલ્સ લિમિટેડનું પ્રીમિયમ 29.93%

IPO ખુલ્યા પહેલા, કંપનીના શેર્સ ગ્રે માર્કેટમાં 29.93% એટલે કે 120 પ્રતિ શેરના પ્રીમિયમ પર પહોંચી ગયા હતા. આવી સ્થિતિમાં, 401ના ઉપલા પ્રાઇસ બેન્ડ અનુસાર, તેનું લિસ્ટિંગ 521 પર થઈ શકે છે.

મુંબઈ | ગોપાલ સ્નેક્સ લિમિટેડનો IPO આજથી એટલે કે 6 માર્ચથી રિટેલ રોકાણકારો માટે ખુલ્યો છે. રિટેલ રોકાણકારો આ IPO માટે 6 માર્ચથી 11 માર્ચ સુધી બિડ કરી શકશે. કંપનીના શેર 14 માર્ચે નેશનલ સ્ટોક એક્સચેન્જ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થશે. તે આ IPO દ્વારા 650 કરોડ એકત્ર કરવા માગે છે. કંપનીના હાલના રોકાણકારો ઓફર ફોર સેલ દ્વારા 16,209,476 શેર વેચી રહ્યા છે. કંપની આ IPOમાંથી એકત્ર થયેલા નાણાંનો ઉપયોગ તેનું દેવું ચૂકવવા માટે કરશે. રિટેલ રોકાણકારો આ IPO માટે 6 માર્ચથી 11 માર્ચ સુધી બિડ કરી શકશે. કંપનીના શેર 14 માર્ચે નેશનલ સ્ટોક એક્સચેન્જ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થશે.

ગોપાલ સ્નેક્સ લિમિટેડે આ ઈશ્યૂની પ્રાઈસ બેન્ડ 381-401 નક્કી કરી છે. છૂટક રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 37 શેર માટે બિડ કરી શકે છે. જો તમે 401ના IPOના અપર પ્રાઈસ બેન્ડ મુજબ 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,837નું રોકાણ કરવું પડશે.

જ્યારે રિટેલ રોકાણકારો મહત્તમ 13 લોટ એટલે કે 481 શેર માટે અરજી કરી શકે છે. આ માટે રોકાણકારોએ અપર પ્રાઈસ બેન્ડ મુજબ 192,881 ખર્ચવા પડશે.

# પ્રથમ ઇપીસી પ્રોજેક્ટ્સ લિમિટેડનો આઇપીઓ 11 માર્ચ, 2024 ના રોજ ખુલશે




અમદાવાદ | પ્રથમ ઈપીસી પ્રોજેક્ટ્સ લિમિટેડ સંકલિત એન્જિનિયરિંગ, પ્રાપ્તિ, બાંધકામ અને તેને કાર્યરત કરનારી કંપની છે જે ભારતમાં તેલ અને ગેસ વિતરણ કંપનીઓને અંત-થી-અંત સુધી સેવા આપવાના વ્યવસાયમાં છે, તેણે 2014 માં સમાવિષ્ટ થયેલા વ્યવસાયમાં લગભગ એક દાયકો સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. કંપની વિવિધ કાર્યો ચલાવી રહી છે, જેમાં ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટ અને તમામ પાઈપલાઈન પ્રવૃત્તિઓ જેમ કે મેઈનલાઈન વેલ્ડીંગ, ટાઇ-ઇન, કોટિંગ, હાઈડ્રો ટેસ્ટિંગ અને પાઈપલાઈનનું સંચાલન કરે છે. કંપનીના મુખ્ય ગ્રાહકોમાં ઈન્ડિયન ઓઈલ, સાબરમતી ગેસ, ગુજરાત ગેસ, સનપેટ્રો કેમિકલ્સ, ગેઈલ (ઈન્ડિયા), જીએસપીએલ, બીપીસીએલનો સમાવેશ થાય છે. કંપનીએ લગભગ રૂ. 13,184.10 લાખના અમારા મોટા પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સ સાથે 12 થી વધુ પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક કાર્યાન્વિત કર્યા છે. 8 મોટા ચાલુ પ્રોજેક્ટ્સ છે જેમાંથી 7 પ્રોજેક્ટ્સ અંદાજે રૂ. 29,666.33 લાખની કિંમતના છે. કંપનીનું મુખ્ય મથક અમદાવાદમાં છે, કંપનીમાં 750+ કર્મચારીઓ છે. પ્રથમ ઈપીસી પ્રોજેક્ટ્સ લિમિટેડના પ્રમોટર્સ શ્રી પ્રતીક કુમાર મગનલાલ વેકરિયા (ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર) અને શ્રી નયનકુમાર મનુભાઈ પાનસૂરિયા (સંપૂર્ણ સમયના ડિરેક્ટર) છે, બંને વ્યવસાયમાં 16 વર્ષનો સમૃદ્ધ અનુભવ ધરાવે છે. ઈશ્યૂનું કદ રૂ. 36 કરોડ છે. 48, 00,000 ઈક્વિટી શેર છે, જે રૂ. 10 દરેક અને પ્રાઇસ બેન્ડ રૂ. 71-75થી મળશે. ઈસ્યુ 11 માર્ચ, 2024 ના રોજ ખુલે છે અને 13 માર્ચ, 2024 ના રોજ બંધ થાય છે.

# પોપ્યુલર વ્હીકલ્સ એન્ડ સર્વિસીઝ લિમિટેડનો આઈપીઓ 12 માર્ચ, 2024ના રોજ ખૂલશે




અમદાવાદ | પોપ્યુલર વ્હીકલ્સ એન્ડ સર્વિસીઝ લિમિટેડ ("પીએસવીએલ" અથવા "કંપની") મંગળવાર, 12 માર્ચ, 2024ના રોજ ઈક્વિટી શેર્સના તેના આઈપીઓના સંદર્ભમાં તેની બિડ/ઓફર ખોલશે. કુલ ઓફર સાઈઝમાં રૂ. 2,500 મિલિયન સુધીના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને 1,19,17,075 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણની ઓફર ("ઓફર ફોર સેલ") (કુલ મળીને "કુલ ઈશ્યૂ સાઈઝ")નો સમાવેશ થાય છે. Not for distribution outside India ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 280થી રૂ. 295 નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ 50 શેર્સ અને ત્યારબાદ 50 ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે ("પ્રાઈઝ બેન્ડ"). એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ સોમવાર, 11 માર્ચ, 2024 રહેશે. બિડ/ઓફર સબ્સ્ક્રીપ્શન માટે મંગળવા, 12 માર્ચ, 2024ના રોજ ખૂલશે અને ગુરવાર, 14 માર્ચ, 2024ના રોજ બંધ થશે ("બિડ/ઓફર સમયગાળો"). એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન ("એમ્પ્લોઇ રિઝર્વેશન પોર્શન")માં બિડ કરતા લાયક કર્મચારીઓને ઈક્વિટી શેર દીઠ રૂ. 28નું ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવે છે. કંપની આઈપીઓમાંથી મળનારી કુલ રકમનો ઉપયોગ કંપની અને તેની કેટલીક પેટા કંપનીઓ પીએડબ્લ્યુએલ, પીએમએમઆઈએલ, કેજીપીએલ, કેસીપીએલ અને પીએમપીએલ દ્વારા મેળવવામાં આવેલા રૂ. 1,920 મિલિયનના દેવાની સંપૂર્ણ અથવા અંશતઃ પુનઃચૂકવણી અને/અથવા પૂર્વચૂકવણી માટે તથા બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે ("ઓફરનો હેતુ"). વેચાણ માટેની ઓફરમાં બનયાનટ્રી ગ્રોથ કેપિટલ 2, એલએલસી ("પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ") દ્વારા 1,19,17,075 સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે.

## Paytm FASTag બંધ કરાવવામાં અનેક લોકોને સમસ્યા, 15 માર્ચ પછી શું થશે?

મુંબઈ | Paytm FASTagને 15 માર્ચ અગાઉ બંધ કરવું જરૂરી છે. કારણ કે 15 માર્ચ પછી પેટીએમ પેમેન્ટ્સ બેન્ક દ્વારા ઈશ્યૂ કરાયેલા કોઈ ફાસ્ટેગ પર વધુ ફંડિંગ કે ટોપ અપ નહીં કરી શકાય. તેથી પેટીએમના ફાસ્ટેગમાં તમારું કોઈ બેલેન્સ ન હોય તે જરૂરી છે.

તમારે બીજા કોઈ ઓથોરાઈઝ્ડ ઈશ્યૂઅર પાસેથી 15 માર્ચ પહેલાં જ FASTag લઈ લેવું પડે. એક વાત યાદ રાખો કે ફાસ્ટેગમાં કોઈ પોર્ટિંગની સુવિધા નથી. તેથી તમે ક્રેડિટ બેલેન્સ પણ ટ્રાન્સફર કરી શકતા નથી. એટલે કે તમારે જૂનું Paytm FASTag બંધ કરાવવું પડે અને બેન્ક પાસેથી રિફંડ માંગવું પડશે. સામાન્ય રીતે Paytm FASTag બંધ થવામાં એક અઠવાડિયા જેટલો સમય લાગી જાય છે. તમે જ્યારે એકાઉન્ટ ક્લોઝ કરવા માટે રિક્વેસ્ટ કરશો ત્યારે તમને મોબાઈલ ફોન પર એક મેસેજ મળશે. લખ્યું હશે કે તમારું FASTag 5થી 7 દિવસમાં બંધ થઈ જશે.

# 40 લાખના ઉમેરાથી ડીમેટ ખાતાની સંખ્યા 15 કરોડની નજીક




મુંબઈ | ભારતીય શેરબજારમાં તેજીને પગલે ડીમેટ ખાતાની સંખ્યામાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. સમાપ્ત થયેલા ફેબ્રુઆરીમાં સતત ત્રીજા મહિને ડીમેટ ખાતાની એકંદર સંખ્યામાં ૪૦ લાખથી વધુનો ઉમેરો થયો હોવાનું પ્રાપ્ત આંકડા જણાવે છે.

ગયા મહિને ૪૩.૫૦ લાખ નવા ડીમેટ ખાતા ખોલાયા હતા જેને પરિણામે ડીમેટ ખાતાની કુલ સંખ્યા ૧૪.૮૩ કરોડના આંકને આંબીને ૧૫ કરોડની નજીક પહોંચી ગઈ છે. આ અગાઉ ડીસેમ્બરમાં ૪૦.૯૦ લાખ તથા જાન્યુઆરીમાં ૪૬.૮૦ લાખ નવા ખાતા ખોલાયા હતા. ભારતીય શેરબજારમાં સતત તેજીને કારણે અનેક નાનામોટા રોકાણકારો શેરબજાર તરફ આકર્ષાઈ રહ્યા છે. સેકન્ડરી બજાર ઉપરાંત પ્રાઈમરી માર્કેટમાં પણ મોટી સંખ્યાના જાહેર ભરણાંને કારણે ડીમેટ ખાતામાં વધારો જોવા મળી રહ્યો છે.

ઊંચા મૂલ્યાંકનો ખાસ કરીને મિડકેપ્સ તથા સ્મોલકેપ્સમાં ભારે વોલેટિલિટી છતાં મોટી સંખ્યાના રોકાણકારો બજારમાં પ્રવેશી રહ્યા છે. શેરબજારમાં સીધા રોકાણ ઉપરાંત એસઆઈપી મારફત પણ રોકાણમાં વધારો જોવા મળી રહ્યો છે.દેશના શેરબજારો હાલમાં તેમની ઓલટાઈમ હાઈ સપાટીએ વેપાર થઈ રહ્યા છે અને લોકસભાની ચૂંટણી બાદ હાલની જ સરકાર પ્રસ્થાપિત થવાની શકયતાને પગલે રોકાણકારોનું માનસ પણ પ્રોત્સાહક જોવા મળી રહ્યું છે.

# ભારત અપર મિડલ કલાસ રાષ્ટ્રોની યાદીમાં આવવાની અપેક્ષા



મુંબઈ | આગામી નાણાં વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર ૬.૮૦ ટકા રહેવાની ધારણાં છે અને દેશ ૨૦૩૧ સુધીમાં અપર મિડલ કલાસ રાષ્ટ્ર બની જશે એમ ક્રિસિલના રિપોર્ટમાં જણાવાયું છે. એટલું જ નહીં ભારતના અર્થતંત્રનું કદ બમણું રહીને સાત ટ્રિલિયન પર પહોંચી જશે.

ઘરઆંગણે માળખાકીય સુધારાનો અર્થતંત્રને ટેકો મળી રહેશે જેને પરિણામે ૨૦૩૧ સુધીમાં ભારત ત્રીજું મોટું અર્થતંત્ર બનવાની શકયતા છે એમ પોતાના ઈન્ડિયા આઉટલુક રિપોર્ટમાં ક્રિસિલે જણાવ્યું છે. વર્તમાન નાણાં વર્ષમાં ૭.૬૦ ટકાના અપેક્ષા કરતા સારા આર્થિક વિકાસ દર બાદ આગામી નાણાં વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર સાધારણ ધીમો પડી ૬.૮૦ ટકા રહેવાનો અંદાજ છે. નાણાં વર્ષ ૨૦૨૫થી ૨૦૩૧ સુધીમાં ભારતના અર્થતંત્રનું કદ પાંચ ટ્રિલિયન ડોલરને પાર કરી સાત ટ્રિલિયનની નજીક પહોંચેલું જોવા મળશે તેવી પણ રિપોર્ટમાં ધારણાં મૂકવામાં આવી છે.

આ વર્ષોમાં વાર્ષિક ૬.૭૦ ટકાના સરેરાશ વિકાસ દર ભારતને વિશ્વનું ત્રીજું મોટું અર્થતંત્ર બનાવશે અને માથા દીઠ આવકમાં વધારો ૨૦૩૧ સુધીમાં દેશને અપર-મિડલ ઈન્કમ શ્રેણીમાં મૂકશે.૩.૬૦ ટ્રિલિયન ડોલરના કદ સાથે ભારત અમેરિકા, ચીન, જાપાન તથા જર્મની બાદ આજે પાંચમું મોટું અર્થતંત્ર છે.

# રિયલમી રૂ. 16999 થી શરૂ થતા રિયલમી 12 સિરીઝ 5G સાથે મિડ-પ્રીમિયમ સેગમેન્ટને ફરીથી વ્યાખ્યાયિત કરે છે

નવી દિલ્હી | ભારતના સૌથી વિશ્વસનીય સ્માર્ટફોન સેવા પ્રદાતા, રિયલમીએ આજે રિયલમી 12 સિરીઝ 5G લોન્ચ કરવાની જાહેરાત કરી. રિયલમી 12 સિરીઝ 5G બે સ્ટેન્ડઆઉટ સ્માર્ટફોન રજૂ કરે છે: રિયલમી 12+ 5G અને રિયલમી 12 5G, અને રિયલમીની સફરમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે, તેની સુધારેલી વ્યૂહરચના 'મેક ઈટ રિયલ' અને એક તાજી બ્રાન્ડ ઓળખ જે યુવાન વપરાશકર્તાઓ સાથે પડઘો પાડે છે. PLUS અનુભવ ઓફર કરીને અને મિડ-રેન્જ સ્માર્ટફોનના ધોરણને વધારતા,



રિયલમી 12+ 5G એ એક અદભૂત સ્માર્ટફોન છે, જે સેગમેન્ટનો પ્રથમ 50 MP SONY LYT-600 મુખ્ય કેમેરા ઓપ્ટિકલ ઈમેજ સ્ટેબિલાઈઝેશન (OIS), 2X ઈન-સેન્સર ઝૂમ, અને સ્પષ્ટ, DSLR જેવા પોટ્રેટ કેપ્ચર કરવા માટે સિનેમેટિક 2X પોટ્રેટ મોડ ધરાવે છે. તે 112 અલ્ટ્રા-વાઈડ કેમેરા, 16MP HD સેલ્ફી કેમેરાથીપણ સજ્જ છે. તેમાં 120Hz અલ્ટ્રા-સ્મૂથ એમોલેડ ડિસ્પ્લે, અને 67W SUPER VOOC ચાર્જિંગ અને લાંબા ગાળાના ઉપયોગ માટે વિશાળ 5000mAh બેટરી છે. તેમાં 256 GB સુધીની સ્ટોરેજ અને ડાયનેમિક રેમ અને IP54 ડસ્ટ અને વોટર રેઝિસ્ટન્સ જેવી નોંધપાત્ર સુવિધાઓ પણ છે. એન્ડ્રોઈડ 14 પર આધારિત યુઝર-ફ્રેન્ડલી રિયલમી UI 5.0 પર ચાલતું, રિયલમી 12+ 5G પાયોનિયર ગ્રીન અને નેવિગેટરબેજમાં ઉપલબ્ધ છે, બે સ્ટોરેજ વેરિઅન્ટ: 8GB+128GB, જેની કિંમત રૂ. 20999 છે અને 8GB+256GB, જેની કિંમત રૂ. 21999 છે.

# મુક્કા પ્રોટીન્સ લિમિટેડના IPO નું થયું બમ્પર લિસ્ટિંગ થયું...

મુંબઈ | મુક્કા પ્રોટીન્સ લિમિટેડના IPO નું આજે 7 માર્ચના રોજ શેરબજારમાં બમ્પર લિસ્ટિંગ થયું છે. કંપનીના શેર BSE પર 28 રૂપિયાના પ્રાઈસ બેન્ડ સામે 44 રૂપિયા પર લિસ્ટ થયા હતા. જે તેના ઈશ્યુ પ્રાઈસ કરતા 57.14 પ્રીમિયમ પર છે. NSE પર મુક્કા પ્રોટીન્સના શેરનું લિસ્ટિંગ 42.8 ના પ્રીમિયમ સાથે 40 રૂપિયા પર થયું હતું. તમને જણાવી દઈએ કે મુક્કા પ્રોટીન્સનો IPO 29 ફેબ્રુઆરી 2024ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો હતો અને 4 માર્ચ સુધી ખુલ્લો રહ્યો હતો. કંપનીના પબ્લિક ઈશ્યુનું કુલ કદ 224 કરોડ રૂપિયા હતું. મુક્કા પ્રોટીન્સના IPO માં પ્રાઈસ બેન્ડ 26 થી 28 રૂપિયા હતી.

મુક્કા પ્રોટીન્સ IPO ત્રીજા અને અંતિમ દિવસે 136.99 ગણો સબસ્ક્રાઈબ થયો હતો. બિન સંસ્થાકીય રોકાણકારો 250.38 ગણો, સંસ્થાકીય રોકાણકારો 189.28 ગણો અને છૂટક રોકાણકારો 58.52 ગણો સબસ્ક્રાઈબ થયા હતા. મુક્કા પ્રોટીન્સ IPO ત્રીજા અને અંતિમ દિવસે 136.99 ગણો સબસ્ક્રાઈબ થયો હતો.

બિન સંસ્થાકીય રોકાણકારો 250.38 ગણો, સંસ્થાકીય રોકાણકારો 189.28 ગણો અને છૂટક રોકાણકારો 58.52 ગણો સબસ્ક્રાઈબ થયા હતા. IPO સંપૂર્ણપણે 8 કરોડ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ હતો, જે પ્રાઇસ બેન્ડના ઉપલા છેડે રૂ. 224 કરોડનો હતો, જેમાં વેચાણ માટેના કોઈપણ ઘટકનો સમાવેશ થતો ન હતો. મુક્કા પ્રોટીન્સ લિમિટેડ માછલીનું ભોજન, માછલીનું તેલ અને માછલીમાં દ્રાવ્ય પેસ્ટનું ઉત્પાદન અને વેચાણ કરે છે. IPO સંપૂર્ણપણે 8 કરોડ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ હતો, જે પ્રાઇસ બેન્ડના ઉપલા છેડે રૂ. 224 કરોડનો હતો, જેમાં વેચાણ માટેના કોઈપણ ઘટકનો સમાવેશ થતો ન હતો. મુક્કા પ્રોટીન્સ લિમિટેડ માછલીનું ભોજન, માછલીનું તેલ અને માછલીમાં દ્રાવ્ય પેસ્ટનું ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપનીએ નાણાકીય વર્ષ 2022માં 25.8 કરોડ રૂપિયાનો એકીકૃત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

# ડુંગળીના ભાવ હવે ફરી રડાવશે, ડુંગળીના નિકાસને આપી મંજૂરી

મુંબઈ | દેશમાં ડુંગળીના પૂરતા સ્ટોકને લઈ હવે કેન્દ્ર સરકારે લોકસભા ચૂંટણી પહેલા આનાથી સંકળાયેલા ખેડૂતોને મદદ કરવાનું નક્કી કર્યું છે. સરકારે ભારતથી ડુંગળીની નિકાસને મંજૂરી આપી છે. હવે દેશમાંથી ડુંગળી પાડોશી દેશ ભુટાન, મોરેશિયલ અને બહેરિન જેવા દેશોમાં ડુંગળીની નિકાસ કરાશે. ડુંગળીની ખેતી કરતા ખેડૂતો લાંબા સમયથી આની માંગણી કરી રહ્યા હતા.



કેન્દ્ર સરકારે બુધવારે નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડના માધ્યમથી ડુંગળીના નિકાસની મંજૂરી આપી છે. ડુંગળીની નિકાસ ભુટાન, બહેરિન અને મોરેશિયસ કરાશે.

ભારતમાં વિદેશથી થતા વેપાર પર મોનિટરિંગ કરતી સંસ્થા વિદેશ વેપાર સંગઠને એક નોટિફિકેશનમાં કહ્યું કે ભારતથી ભુટાનને 550 ટન, બહેરિનને ત્રણ હજાર ટન અને મોરેશિયસને 1200 ટન ડુંગળી નિકાસ કરવાની મંજૂરી છે. એનસીઈએલના માધ્યમથી આ ત્રણ દેશોમાં ડુંગળીની એકસપોર્ટને નોટિફાઈ કરાઈ છે. ડીજીએફટી વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કામ કરે છે. આ દેશમાં આયાત અને નિકાસ સાથે જોડાયેલ માપદંડ પર નજર રાખે છે.

ભારતે ગત અઠવાડિયે યુએઈ અને બાંગ્લાદેશને કુલ 64,400 ટન ડુંગળી એકસપોર્ટ કરવાની મંજૂરી આપી હતી. પરંતુ દેશમાં ડુંગળીના ઓપન એક્સપોર્ટ પર હજી પ્રતિબંધ લાગેલે છે. આવામાં સરકાર જે ડુંગળી એકસપોર્ટ કરી રહી છે, તે એવા દેશોની સરકારની તરફથી માંગેલી મદદને લઈને કરાઈ રહી છે.

# જાપાનથી છ બુલેટ ટ્રેન ખરીદશે ભારત, આ મહિને ડીલ થશે નક્કી

જાપાન | ભારત જાપાન પાસેથી E-5 સિરીઝની છ બુલેટ ટ્રેન ખરીદશે. બંને દેશો વચ્ચેની ડીલ આ મહિનાના અંત સુધીમાં ફાઈનલ થઈ જવાની આશા છે. આ ડીલથી ગુજરાતમાં 2026 સુધીમાં પ્રથમ બુલેટ ટ્રેન શરૂ થવાની સંભાવના વધી જશે. સૂત્રોએ જણાવ્યું કે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) આ વર્ષે 15 ઓગસ્ટ સુધીમાં ટ્રેન અને ઓપરેટિંગ સિસ્ટમની ખરીદી માટે બિડ કરશે.

મળતી માહિતી મુજબ અમદાવાદ અને મુંબઈ વચ્ચે 508 કિલોમીટર લાંબા બુલેટ ટ્રેન કોરિડોરમાં મર્યાદિત સ્ટોપ અને ઓલ સ્ટોપ જેવી સેવાઓ હશે. મર્યાદિત સ્ટોપ ધરાવતી ટ્રેનો માત્ર બે કલાકમાં મુંબઈ અને અમદાવાદ વચ્ચેનું અંતર કાપશે. જ્યારે, તમામ સ્ટોપ સેવા લગભગ 2 કલાક 45 મિનિટ લેશે. અધિકારીઓએ જણાવ્યું કે જાન્યુઆરી સુધીમાં પ્રોજેક્ટનું કુલ 40 ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. ગુજરાતમાં લગભગ 48 ટકા કામ આગળ વધ્યું છે, જ્યારે મહારાષ્ટ્રમાં માત્ર 22 ટકા કામ થયું છે. તેમણે કહ્યું કે છેલ્લા એક વર્ષમાં પ્રોજેક્ટમાં 100 કિમીથી વધુ વાયડક્ટ્સ (ખાસ પ્રકારના પુલ) બનાવવામાં આવ્યા છે. અધિકારીએ જણાવ્યું કે છેલ્લા એક વર્ષમાં અલગ-અલગ નદીઓ પર છ પુલ બનાવવામાં આવ્યા છે. આ સાથે જ ગુજરાતમાં બનનારા 20 બ્રિજમાંથી સાતનું કામ પૂર્ણ થઈ ગયું છે.

આ અંગે રેલવે મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે તાજેતરના મહિનાઓમાં મહારાષ્ટ્રમાં ચાલી રહેલા કામમાં ઘણી પ્રગતિ થઈ છે. વહીવટીતંત્રે તમામ જિલ્લા કલેક્ટરને આ મહિનાના અંત સુધીમાં જમીન સોંપવાનું કામ પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે. એક સૂત્રએ કહ્યું, "મહારાષ્ટ્રની અગાઉની સરકારને કારણે અમારો ઘણો સમય વેડફાયો છે. તેની ભરપાઈ કરવા માટે, અમે હવે ઝડપથી કામ કરવા માંગીએ છીએ."

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, મહા વદ-13

# ચક્ષુ પોર્ટલની અનોખી પહેલ

મોબાઈલ કોલ અને મેસેજ દ્વારા થનારી છેતરપંડી અને ગરબડોને રોકવા માટે કેન્દ્ર સરકારે એક મહત્ત્વની પહેલ કરી છે. બનાવટી કે શંકાસ્પદ કોલ કરવા અને મેસેજ મોકલતા મોબાઈલ નંબરોની માહિતી આપવા માટે ચક્ષુ પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે. આ પોર્ટલ સરકારના સંચાર સાથી પહેલનો હિસ્સો છે. સંચાર સાથી વેબસાઈટ પર ચક્ષુ પોર્ટલ ઉપરાંત ચોરી થયેલા મોબાઈલોની જાણકારી આપી શકાય છે તથા પોતાના ફોન અને નંબર વિશે ભાળ મેળવી શકાય છે. તે ઉપરાંત, ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓ વિશે પણ જાણી શકાય છે. આ પ્રયાસ મોબાઈલ ઉપયોગ કરનારા લોકોને જાગૃત, સશક્ત અને સુરિક્ષત કરવા માટે છે. સંચાર સાથી પહેલના માધ્યમથી અત્યાર સુધી ૧૩.૮૪ લાખથી વધુ ચોરી થયેલા ફોનને બ્લોક કરવામાં આવ્યા છે તથા ૭.૩૫ લાખથી વધુ એવા ફોનની ઓળખ કરવામાં આવી છે. શંકાસ્પદ ગતિવિધિઓ સાથે જોડાયેલા એક કરોડ મોબાઈલ નંબરોની સેવા પણ ખતમ કરી દેવામાં આવી છે. ચક્ષુ પોર્ટલ વિશે જણાવતાં કેન્દ્રીય સૂચના ટેકનિક અને સંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે દૂરસંચાર સેવા વિભાગે બનાવટી ગતિવિધિઓને રોકીને છેલ્લા નવ મહિનામાં લોકોના લગભગ એક હજાર કરોડ રૂપિયા બચાવ્યા છે. બનાવટી લેવડ-દેવડ સંબંધિત જે ખાતાં પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે, તેમાં પણ એક હજાર કરોડ રૂપિયાથી વધારે છે. તેમણે એ પણ જાણકારી આપી કે છેલ્લા નવ મહિનામાં ૧૭ લાખ એવા નંબરોને બ્લોક કરવામાં આવ્યા છે, જેનો ઉપયોગ એક વાર જ થયો હતો અને તે પણ છેતરપિંડી માટે. ઘણા કારોબારી પોતાના ગ્રાહકોના ફોન નંબરો રાખે છે. એવા સંગ્રહ કરાયેલા નંબરો લીક થવાના કેટલાય કિસ્સા સામે આવી ચૂક્યા છે. કેટલાય કારોબારી પરસ્પર આ નંબરોની આપલે પણ કરે છે, જેનાથી તે અપરાધી તત્ત્વોના હાથમાં ચાલ્યા જવાની આશંકા રહે છે. ચક્ષુ પોર્ટલમાં એવા કેસોની ફરિયાદ પણ કરી શકાય છે. ભારત સરકારના ડિજિટલ ઈન્ડિયા મિશનની એક મુખ્ય પ્રાથમિકતા સાઈબર અને ડિજિટલ સુરક્ષા છે. આ સંદર્ભે અનેક પરિયોજનાઓ પૂરી થઈ ચૂકી છે અને કેટલાય તંત્રો પર કામ પણ ચાલી રહ્યું છે. બનાવટ કરીને મેળવાયેલી રકમની વસૂલી તથા છેતરપિંડી માટે ઉપયોગ થઈ રહેલા બેંક ખાતાં અને સુવિધાઓ પર રોક લગાવવા માટે સરકાર રિઝર્વ બેંક સહિત વિભિન્ન નાણાંકીય સંસ્થાઓ સાથે પણ કામ કરી રહી છે. પોલીસ અને અન્ય તપાસ એજન્સીઓ તથા નાણાંકીય સંસ્થાઓ વચ્ચે માહિતીનું આદાન-પ્રદાન સરળ અને ત્વરિત બનાવવાના ઉદ્દેશ્યથી દૂરસંચાર વિભાગે ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ પણ સ્થાપિત કરવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ અને ચક્ષુ પોર્ટલથી છેતરપિંડી પર અંકુશ લગાવવામાં ભારે મદદ મળશે.

# રાજપીપળામાં થયેલા ડબલ મર્ડરના કેસમાં આરોપીને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ

ભરત શાહ દ્વારા - રાજપીપળા




નર્મદા જિલ્લાના રાજપીપળા શહેર માં થયેલા ડબલ મર્ડર કેસ ના આરોપી ને આજરોજ કોર્ટે આજીવન કેદની સજા નો હુકમ કર્યો છે આ કેસમાં હકીકત એવી છે કે રાજપીપળા જુના કોટ નીચે જુના અખાડા(મઠ)ના જુના જર્જરિત પાકા મકાનના ધાબા ઉપર તા.૨૨/૭/૨૧ના રોજ ધનાભાઈ ઉર્ફે ધર્મેશ કાલીદાસ ઉર્ફે કાલુ સલાટ મુળ રહે.ચીચડીયા તા. ગરૂડેશ્વર જી.નર્મદા હાલ રહે. રાજપીપળા કરજણ બ્રીજ નીચે નાઓ પોતાની પત્ની શુકન્તીબેન વસાવા પર મરનાર હસમુખભાઈ શંકરભાઈ વસાવા રહે.રાજપીપળા કરજણ બ્રીજ નીચે મુળ રહે.ભુછાડ ટેકરી તા.નાંદોદ જી. નર્મદાનો ખરાબ નજર રાખતો હોય તેમજ શકુન્તીબેન સાથે સુતો હોવાનુ ખોટો શક રાખી ઈંટ જેવા પથ્થર તથા મજબુત લાકડાથી માથાના ભાગે મારી હસમુખભાઈ શંકરભાઈ વસાવાનાનું મોત નિપજાવેલ ત્યારે આ ઘટના વાસંતીબેન રમેશભાઈ વસાવા રહે.રાજપીપળા કરજણ બ્રીજ નીચે તા.નાંદોદ જી. નર્મદાનાની જોઈ જતાં અને બુમાબુમ કરતાં વાસંતીબેન રમેશભાઈ વસાવાને પણ આરોપીએ પથ્થર તેમજ મજબુત લાકડાના દંડા વડે માથામાં મારી ગંભીર ઈજા પહોંચાડી વાસંતીબેન વસાવાનું પણ મોત નિપજાવ્યુ હતું.

આ બાબતે ફરિયાદ ભાવેશભાઈ સોમાભાઈ પ્રજાપતિએ રહે.રાજપીપળા જી.નર્મદાનાઓએ રાજપીપળા પોલીસ સ્ટેશનમાં તા.૨૨/૭/૨૧ નોંધાવેલ ત્યારબાદ આ કેસ નર્મદા જિલ્લા ન્યાયાલયમાં ચાલતા, મદદનીશ સરકારી વકીલ પ્રવીણકુમાર એચ. પરમાર ની ધારદાર દલીલો ગ્રાહય રાખી એડી. સેસન્સ જજ એન.એસ.સિદ્દીકી એ આરોપીને ઈ.પી.કો.કલમ-૩૦૨ના ગુના માં કસૂરવાર ઠેરવી આજીવન સખત કેદની સજા અને રૂ.૫૦૦૦/- નો દંડ અને દંડ ન ભરે તો વધુ એક વર્ષની સજાનો હુકમ કર્યો છે.

## નર્મદા જિલ્લામાં છેલ્લા ચાર દિવસ માં 4 મહિલાઓએ ફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો : કારણ અકબંધ

### આમલેથા, ડેડીયાપાડા બાદ હાલમાં ગરુડેશ્વર પોલીસ મથકની હદમાં મહિલાઓ એ ફાંસો ખાધો

ભરત શાહ દ્વારા - રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના વાગડીયા ગામમાં એક મહિલા એ કોઈક કારણોસર ફાંસો ખાઈ લેતા મોતને ભેટી હતી પ્રાપ્ત માહિતી અનુસાર અંબાલાલભાઈ કરશનભાઈ તડવી,રહે-કેવડિયા ગામ ઉપલું ફળિયું તા.ગરુડેશ્વર જી.નર્મદા નોએ એ પોલીસને જાણ કર્યા મુજબ રીનાબેન રજનીભાઈ તડવી ઉ.વ.૨૫ રહે વાગડીયા તા. ગરૂડેશ્વર જી.નર્મદા નાઓ પોતાના સાસરીમા ઓસરીના ભાગે ઓઢણી દ્વારા ગળે ફાસો ખાઈ ગયેલ હોય જેને સરકારી દવાખાના ગરુડેશ્વર ખાતે દાખલ કરતાં ત્યાં તેનું મોત નિપજ્યું હતું.SOU સલામતી પોલીસે અકસ્માત મોત દાખલ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ચાર દિવસમાં કુલ ચાર મહિલાઓ એ કોઈક ને કોઈક કારણસર ફાંસો ખાઈ પોતાના જીવન નો અંત આણ્યો હતો જેમાં આમલેથા, ડેડીયાપાડા બાદ હાલમાં ગરુડેશ્વર પોલીસ મથકની હદ માં મહિલાઓ એ ફાંસો ખાધો હોય માટે સતત બનતી આવી ઘટના ગંભીર છે,આ મહિલાઓ કયા કારણોસર ફાંસો ખાવા મજબૂર બની હતી તે બાબતની ઉંડાણપૂર્વક તપાસ થાય અને કસૂરવારો ને કડક સજા થાય એ જરૂરી છે.

## આત્મા પ્રોજેક્ટ અને પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ ગુજરાત રાજ્ય દ્વારા ખેડૂત સંમેલન યોજાયું

રાકેશ મહેતા. ધનસુરા



અરવલ્લી જિલ્લામાં ખેડૂત તાલીમ કેન્દ્ર મોડાસા ખાતે રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે અને ખેડૂત પ્રાકૃતિક ખેતીને લગતી જાગૃતતા આવે તે હેતુસર આત્મા પ્રોજેક્ટ અરવલ્લી અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ ખેડૂત સંમેલનનું આયોજન કરવામાં આવેલ.કાર્યક્રમમાં ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા માંન.મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર અધ્યક્ષ સ્થાને રાખેલ, તેમજ આ કાર્યક્રમમાં શ્રી હિતેન્દ્રભાઈ પટેલ પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય પ્રાકૃતિક ફેડરેશન અને ડીરેક્ટરશ્રી ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનીવર્સીટી, શ્રી કનુભાઈ પટેલ પ્રભારીશ્રી મહીસાગર, મીતભાઈ પટેલ યુવા મોરચા ઉપપ્રમુખશ્રી, શ્રી મગનભાઈ પટેલ કિસાન સંઘ ભીષ્મપિતામહ હાજર રહેલ તથા આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી (આત્મા) આર.એસ.પટેલ, શ્રી પી.બી. પરમાર જીલ્લા ખેતીવાડી જીલ્લા પંચાયત અરવલ્લી, શ્રી બી.એ. કરપટીયા નાયબ બાગાયત નિયામક જીલ્લા પંચાયત અરવલ્લી, એમ. એસ. પ્રજાપતિ નાયબ પશુપાલન નિયામકશ્રી, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર(આત્મા) વિપુલભાઈ એમ. પટેલ અને આત્માના અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા. આ કાર્યક્રમમાં મેઘરજ, ભિલોડા તથા મોડાસા તાલુકાના ખેડૂત ભાઈઓ અને બહેનો ખુબજ બહોળી સંખ્યામાં હાજરી આપેલ.

## ઘરફોડ ચોરી અને બે ગુન્હાઓના આરોપીને ઝડપી પાડતી રાજુલા પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી-જાફરાબાદ




ભાવનગર રેન્જ આઈ.જી શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ તથા અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિંમકર સિંહ સાહેબ નાઓએ જીલ્લાઓમાં બનતા મિલ્કત સબંધી દાખલ થતાં ગુન્હાઓ માં ત્વરિત પણે પગલાં લઈ ગુન્હો ડીટેકટ કરી આરોપીઓને તાત્કાલિક પકડી પાડવા સુચના આપેલ હોય જે અન્વયે સાવરકુંડલા ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક શ્રી એચ.બી. વોરા સાહેબ નાઓએ મીલકત સબંધી ગુન્હાઓ ડિટેકટ કરી આરોપીને પકડી પાડવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સુ. શ્રી. આઈ. જે. ગીડા સાહેબ ના માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારના ચાંદલીયા ડુંગર ઉપર આવેલ મામાદેવના ડુંગર નીચે બનાવેલ હોલ વાળા મકાનમાં કોઈ અજાણ્યા ઈસમોએ મેઈન દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી ઘુણાવાળા રૂમમાં લગાવેલ મીટાશી કંપનીનું એ.સી. તેમજ કોમ્પ્રેસર કોઈ ચોર ઈસમ ચોરી કરી લઇ ગયેલ તેમજ રાજુલા ટાઉનમા કચ્છી પટેલની લાતી પાસે રાખેલ અશોક લેલન્ડ કંપનીના આર.ટી.ઓ. રજી. નં.જી.જે. ૧૧. યુ. ૭૬૯૦ ના ટ્રકોમાંથી (૧) પોરોન-૯૦તથા (૨) પી.જી.૯૦ પાવર ગોલ્ડ કંપનીની બે બેટરી ઓ કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઇ ગયેલ હોય જે વણશોધાયેલ ગુન્હાઓમા આરોપીને પકડી પાડવા કડક સુચના આપેલ હોય જે બાબતે ઉપરોક્ત ગુન્હાઓના કામે રાજુલા પોલીસ ટીમ દ્વારા રાજુલા શહેરના સીસીટીવી કેમેરા તથા હ્યુમન શોર્સીસની મદદ લઈ બન્ને ગુન્હાઓના ભેદ ઉકેલ્યો હતો.

## "કહાણી"



લાગણીનાં વહેણમાં ન પૂછો કેમ રંગાણી છું
રંગ કોનો શું કહું , ખુદ થી હું અજાણી છું
મુક્ત હાસ્યએ વહેતીતી
સ્વતંત્ર સ્વરૂપે નિશ્ચલ રાહે
પગમાં બેડી ધરી દીધી
ન જાણે કોણે વચમાંહે
સંબંધોની ફૂલવારીએ નવ રૂપમાં સજાણી છું
રંગ કોનો શું કહું, ખુદ થી હું અજાણી છું
શમણાંઓના વિશ્વમાં
હરણફાળ ભરતી હતી
સખી વૃંદના બાગમાં
કિલકારીઓ કરતી હતી
સમય મર્યાદા સાંકળે વચનોમાં બંધાણી છું
રંગ કોનો શું કહું, ખુદ થી હું અજાણી છું
'બસ બહુ રહેવાયું મુક્ત
જવાબદારીઓ ઝાલ હવે..'
કહેતા ખુદ ખુદની મૂંઝવણો
ધરી દીધી સૌએ પાલવે
પ્રાચીન મધ્ય અર્વાચીન હરયુગની હું કહાણી છું
સ્વ ને ભૂલી પર કાજે હર રંગમાં ખર્ચાણી છું
રંગ કોનો શું કહું , ખુદથી હું અજાણી છું
તેથી જ કહે 'કવન'
દેવોની ડોલી એ એ
'નારી તું નારાયણી' કહેવાણી છું.
₹કવિતા ભદ્રા સોલંકી
'કવન' (આદિપુર)

## જન સુખાકારી સાથે ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરી ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો પીએમ નો સંકલ્પ : ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ

ભરત શાહ દ્વારા - રાજપીપળા




નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારાવિકસિત ભારત સંકલ્પ પત્ર 2024 મોદી કી ગારંટી અભિયાન અંતર્ગત રાજપીપળા ખાતે ના નવનિર્મિત ભાજપા કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી.નર્મદા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી પત્રકાર પરિષદ માં જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલ,નાંદોદ ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ,જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંહભાઈ તડવી સહિત ગુજરાત પ્રદેશ ભાજપા ના સહ પ્રવક્તા શ્રદ્ધાબેન રાજપૂત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વિકસિત ભારત સંકલ્પ પત્ર અંતર્ગત પત્રકારો સાથેની વાતચીતમાં આગામી લોકસભાની ચૂંટણી બાદ નવી સરકાર કેવી કામગીરી કરે તે માટે લોકોનો શું અભિપ્રાય છે તે જાણવા માટે ભાજપ દ્વારા સંકલ્પપત્ર અભિયાન શરૂ કરાયુંછે. ત્યારે કાર્યકરો દ્વારાપ્રજા સમક્ષ જઈ નેઆ સંકલ્પપત્ર વિષે સમજ આપવામાં આવશે. ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે જણાવ્યું કેલોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં ભારતીય જનતાપાર્ટીના સંકલ્પપત્ર જનતાનીઅપેક્ષાનું બનેતે હેતુ થી જન જન સુધી પહોંચવા મોદી સાહેબે આહવાહનકર્યું છે, દેશમાં જન સુખાકારી સાથે ઈન્સ્પેક્ટરનો વિકાસ કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતને વિકસિત દેશ બનાવવાનો એક સંકલ્પ કર્યો છે અને આ સંકલ્પ નજીકના ભવિષ્યમાં સાકાર થવાનો છે નું જણાવ્યું હતું.

જ્યારે જિલ્લા પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ એ જણાવ્યું કે યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા છેવાડા ના માનવી સુધી સરકારની યોજનાઓ પહોંચી છે એ જ મોદીકીગારંટી છે નાનામાં નાના વ્યક્તિ ને મોદી સાહેબ ના વચનો પર વિશ્વાસછે.

## નર્મદા : પિતાના મોત બાદ જવાબદારી પુત્ર પર આવી પડતાં પુત્ર એ ઝેરી દવા પી આપઘાત કર્યો

ભરત શાહ દ્વારા - રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના પહાડ ગામ માં પિતાના મોત બાદ બધી જવાબદારી પુત્ર પર આવતા ટેન્શન માં આવી આપઘાત કરી લીધો હતો.

મળતી માહિતી અનુસાર સચીનભાઈ કોયજીભાઈ તડવી રહે.પહાડ તા.તિલકવાડા જી. નર્મદા નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ મરનાર તેના ભાઈ સંજય કોયજીભાઈ તડવી ઉ.વ.૩૦ રહે.પહાડ ના પિતાનું આજથી દોઢેક માસ પહેલા મૃત્યુ થયું માહોવાથી ઘરની બધી જવાબદારી સંજયભાઈ ઉપર આવી ગઈ હોય જેના ટેન્શનમા આવી ઘરમાં પડેલ કપાસમા છાંટવાની ઝેરી દવાની પી જતા હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં સારવાર દરમ્યાન તિલકવાડા સરકારી દવાખાનામા તેનું મોત નિપજ્યું હોય તિલકવાડા પોલીસે અકસ્માત મોત દાખલ કરી છે.

### ભાનુબેન બાબરીયા,મંત્રીશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ,નાં વરદ હસ્તે

## Smart 181 અભયમ મહિલા હેલ્પલાઈન Paperless CAD સિસ્ટમનું લોકાર્પણ

ભરત શાહ દ્વારા - રાજપીપળા



૧૮૧ હેલ્પલાઈન પર કરવામાં આવતા કોલ્સને પ્રતિસાદ આપવા માટે ૨૪ કલાક રીસ્પોન્સ સેન્ટર કાર્યરત રાખવામાં આવે છે અને સલાહ, બચાવ, કાઉન્સીલીંગની સેવાઓ અવિરત પૂરી પાડવામાં આવે છે. આ યોજનાના પ્રારંભથી યોજના માટેના રિસ્પોન્સ સેન્ટરમાં જરૂરી સંસાધનો, ટેકનોલોજી અને અન્ય સંલગ્ન ઘટકોનું વ્યવસ્થાપન ૧૦૮ સેવામાંથી Leverage કરવામાં આવેલ હતા. હાલમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન હેઠળ રેસ્કયુવાનમાં થતી પેપરવર્કની તમામ કામગીરી મેન્યુઅલી કરવામાં આવે છે, પરંતુ ૧૦૮ સેવાની જેમ હાલમાં અમલીકૃત પેપરલેસ કામગીરી મુજબ જ ૧૮૧ અભયમ સેવામાં પીડિત મહિલાનો ફક્ત કોલ મળ્યેથી તમામ કામગીરી પેપરલેસ કરી દેવાથી વધુ સરળ, કાર્યક્ષમ અને અસરકારકરીતે ઓપરેશન તેમજ ડિજિટલ ડેટાબેઝ તૈયાર કરની જરૂરિયાત હતી. આમ, કામગીરીની વ્યાપકતા, ભારણને ધ્યાને લઇ ૧૮૧ અભયમ હેલ્પલાઈનની કામગીરીમાં સરળતા અને સુગમતા લાવવા માટે ૮ જૂની થયેલ ટેકનોલોજી અપગ્રેડેશનની આવશ્યકતાને ધ્યાને રાખીને હાલમાં ૧૦૮ સેવા સહીતની અન્ય મહત્વની ફ્લેગશીપ સેવાઓ જેવી કે ખીલખીલાટ,૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સ, ૧૧૨ ERSS, વગેરે જેવા મહત્વના ઈમરજન્સી સેવામાં CAD સિસ્ટમ Paperless operation ઓપરેશનની વ્યવસ્થા કાર્યાન્વિત છે, જેના થકી લાભાર્થીની ચોક્કસ માહિતી અને ઝડપી કામગીરી કરી શકાય છે.

૧૮૧ મહિલા હેલ્પલાઈનના રિસ્પોન્સ સેન્ટરનું CAD સિસ્ટમનું માળખું અપગ્રેડ કરી અદ્યતન Paperless CAD system કાર્યાન્વિત કરવાથી ડિજિટલ દસ્તાવેજોની સાચવણી થઈ શકશે અને જૂની માહિતીની જરૂરીયાતનાં સમયે પાછલા વર્ષોની માહિતી પણ ઉપલબ્ધ રહેશે, સચવાઈ રહેલ માહિતીની વિશ્વસનીયતા જળવાઈ રહેશે. ડેટાનું આપમેળે બેકઅપ થઈ શકશે, કામગીરીના રેકોર્ડ રજીસ્ટર માટે સ્ટેશનરીની બચત થશે, રીયલ ટાઈમ ટ્રેકિંગ અને મોનીટરીંગ વધુ સુગમ બનશે.

## મહિલાઓ: સમાજની આધરશિલતાનું પ્રવાહ



પ્રાચીન કાળથી લઈ આજ સુધી અનેક મહિલાઓએ દેશના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. 'જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે' એ ઉકિત આજે નારી શક્તિએ ચરિતાર્થ કરી છે. દેશના વિકાસમાં મહિલા સશકિતકરણ થકી આજે પણ મહિલાઓ મહત્વની ભૂમિકા અદા કરી રહી છે, રાજકારણ, અર્થવ્યવસ્થા,સુરક્ષા, અવકાશ - સંશોધન, ટેકનોલોજી અને પ્રૌદ્યોગિકી જેવા મહત્વના ક્ષેત્રે સમાન નેતૃત્વ પૂરું પાડી ભારતની વિકાસયાત્રામાં સંપૂર્ણ ભાગીદાર બની રહી છે.


ભારત તેની પ્રાચીન સંસ્કૃતિ અને ભવ્ય વારસો ધરાવે છે.ભારતની નારી શક્તિએ વિશ્વને જ્ઞાન અને સામર્થ્યનો પરિચય કરાવ્યો છે. ઉત્તરમાં મીરાબાઈ થી દક્ષિણમાં અક્કા મહાદેવી સુધીની નારી શક્તિએ હંમેશા નીતિ અને સામર્થ્ય વડે શસ્ક્ત રાષ્ટ્ર નિર્માણમાં મહાન નારી શક્તિના પરાક્રમ,બલિદાન અને શૌર્યથી ભારતીય ઈતિહાસ સુવર્ણ અક્ષરે અંકિત છે. રાણી લક્ષ્મીબાઈ, જીજાબાઈ, અહલ્યાબાઈ હોલકર, વિદુષી ગાર્ગી, કસ્તુરબા ગાંધી, ઉષા બેન મહેતા , મેડલીન સ્લેડ, મેડમ ભિખાઈજી કામા, મનુબેન ગાંધી, ઈલાબેન ભટ્ટ, સરોજિની નાયડુ, દુર્ગા ભાભી, ઇન્દિરા ગાંધી વગેરે જેવી અનેક નારી રતનોએ ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. મહિલાઓ સમાજની આધરશિલતાનું એક મહત્વપૂર્ણ અંગ છે. પ્રતિષ્ઠિત સમાજમાં મહિલાઓ, પુરુષો સાથે સમાન અધિકારો અને સૂયોગો પર આધારિત વ્યવસ્થાઓંનું લાભ મેળવે છે. તેઓ સમાજની સામાજિક અને આર્થિક વિકાસમાં પ્રવૃત્ત થતી હોય છે. મહિલાઓની સાક્ષરતા અને શિક્ષણ નો પ્રમુખ માધ્યમ છે. જેથી તેમને આત્મ વિશ્વાસ, સ્વધ્યાય અને સામાજિક સંવેદનશીલતા મળે છે. સમાજમાં મહિલાઓને શિક્ષણ અને સાક્ષરતાની પ્રાપ્તિ માટે સમાન અવકાશો આપવા મહત્વપૂર્ણ છે. મહિલાઓ સમાજની આધરશિલતાને મજબૂત બનાવવામાં મહત્વનું યોગદાન આપે છે. તેઓ અને તેના સમુદાયો સાથે સહભાગી બની, ન્યાયની માંગ કરી અને સમાજની સામાજિક સમરસ્યને મજબૂત કરવામાં યોગ્ય છે. મહિલા સશક્તિકરણ અને સમાજની સમાનતાને મજબૂત કરવાનું સામાજિક કામ બની રહ્યું છે. આજની તારીખે, મહિલાઓ સમાજના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહી છે, અને નવીનતમ વિચારો અને કામગીરીઓને આગ્રહ આપી રહી છે.

વિશ્વ મહિલા દિવસ એ એક મહત્વપૂર્ણ દિવસ છે જે દુનિયાભરમાં મહિલાઓની સામાજિક અને આર્થિક સશક્તીને જાહેર કરવા માટે સમર્પિત છે. આ દિવસ મહિલાઓની પ્રગતિ, સમાન અધિકારો અને સમાન અવસરોને પ્રમોટ કરવામા માન્ય છે. મહિલાઓ સમાજની અને આર્થિક સ્થિતિમાં પ્રગતિ કરવા માટે પ્રોત્સાહન જરૂરી છે. વિશ્વ મહિલા દિવસની ઉજવણી સમાજને મહિલાઓની સામે સમાનતા અને સામાજિક અધિકારોની મહત્વની ઉપયોગિતા સાથે સમજવામાં મદદ કરે છે. આમ, મહિલાઓ પણ દેશને વિકસીત બનાવવા માટે મહત્વનો ફાળો આપી રહી છે.

' હજારો દિવડા જરૂરી છે એક આરતીને સજાવવા માટે,
હજારો બુંદ જોઈએ છે સમુંદરને બનાવવા માટે, પરંતુ સ્ત્રી એકલી જ કાફી છે એક ઘરને સ્વર્ગ બનાવવા માટે....'

લેખ: ક્રીમા વી. બુદ્ધભટ્ટી (કોટડા- જડોદર)

## સમીના વાવલ નજીક ખેતરમાં ભેગો કરેલો ચણાનો પાક અજાણ્યા શખ્સોએ આગ ચાંપી બાળી નાખતા પંથકમાં ચકચાર




પાટણ। પાટણ જિલ્લાના સમી તાલુકાના વાવલ ગામ ખાતે ખેડૂતનાં ખેતરમાં ગત મંગળવારના રોજ રાત્રીનાં અંધારામાં 1 વાગ્યાના સમયગાળા દરમિયાન તૈયાર પાકનાં ઢગલા પર કોઈ અજાણ્યા શખ્સો દ્વારા પાક ને આગ લગાવી બાળી નાખતા ખેડૂત ને મોટા પાયે નુકશાન થવા પામ્યું છે.જે ઘટના ને પગલે ખેડૂત એ સમી પોલીસ મથકે લેખિતમાં રજૂઆત કરી છે. સમી તાલુકા મથકના વાવલ નજીક ખેતરમાં ચણા નાં તૈયાર પાકમાં કોઈ અજાણ્યા શખ્સો દ્વારા આગ ચાંપતા પાક બળીને ખાખ થઈ જવા પામ્યો છે.જે ઘટના ને લઈને ખેડૂતને વ્યાપક પ્રમાણમાં નુકશાન થવા પામ્યું છે. ખેડૂત સાધુ મહેશભાઈ નાં જણાવ્યા અનુસાર 200 મણ ચણા જેની કિંમત રૂપિયા 2 લાખ આસપાસ જેટલા નો પાક નું નુકશાન થવા પામ્યું છે.જે ઘટના ને પગલે આવા લોકો સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી ખેડૂત ની માંગ ઉઠવા પામી છે. આ ઘટના ને પગલે ખેડૂત એ હાલતો સમી પોલીસ મથકે જાણ કરી લેખિતમાં અરજી કરી છે. વાવલ ગામનાં વતની અને ખેતી કરી પોતાનું પરિવારનું ગુજરાન ચલાવતા સાધુ મહેશભાઈ નારણદાસ નું ખેતર વાવલ ગામનાં સીમ ખેતર વિસ્તાર માં આવેલ છે. જે પોતાના ખેતરમાં રવી સીઝનમાં પોતાના ખેતરમાં મોંઘા ભાવનું બિયારણ લઈને ચણા નું વાવેતર કર્યું હતું..જે ખેતર ની સાર સંભાળ રાખતા હતા. ખેડૂતનાં લગ્ન પ્રસંગ હોય સાંજે ખેતર થી ઘરે ગયા હતા તે દરમિયાન મોડી રાત્રે આશરે 1 વાગ્યાના સમયગાળામાં કોઈ અજાણ્યા શખ્સો દ્વારા ખેતરમાં પ્રવેશ કરીને ખેતરમાં ઉભેલા ચણા નાં પાકને નુક્સાન કરવાની ગણતરી થી તૈયાર પાકના ઢગલાને બાળી ને ખાખ કરવામાં આવ્યો હતો.

## રાજપીપળા એસટી ડેપોને વધુ 4 નવી બસો મળતા ધારાસભ્ય અને પાલિકા પ્રમુખે લોકાર્પણ કર્યું

ભરત શાહ દ્વારા - રાજપીપળા



ગુજરાત એસટી નિગમ દ્વારા ભરૂચ વિભાગ હેઠળના રાજપીપળા એસટી ડેપોને ફાળવેલ નવી 4 સુપર ડિલક્સ બસોનું રાજપીપળા-ભાખરી, રાજપીપળા-કવાટ- વાપી, રાજપીપળા-ફતેપુરા ના શિડ્યુલ ઉપર તા.7/3/24 ના રોજ દર્શનાબેન દેશમુખ, ધારાસભ્ય, નાંદોદ તથા ધર્મિષ્ઠાબેન પટેલ, પ્રમુખ રાજપીપળા નગરપાલિકા અને અન્ય મહાનુભાવો ની ઉપસ્થિતિમાં ફુલહાર-શ્રીફળ કરી લીલી ઝંડી આપી પ્રજાજનોની પરિવહન સેવા અર્થે મૂકી મુસાફર જનતાની સુવિધામાં વધારો કરવામાં આવ્યો હતો. રાજપીપળા એસટી ડેપો ના મેનેજર કે.એચ.નાય એ લોકાર્પણ માં ઉપસ્થિત સૌ મહાનુભાવો નું પુષ્પગુચ્છ થી સ્વાગત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે સરકારે અત્યારસુધી નર્મદા જિલ્લાના વડા મથક માં આવેલા રાજપીપળા એસટી ડેપો ને કુલ 19 નવી બસો ફાળવી છે.



તસવીર: મહેશ એલ. સોની

નખત્રાણા

આમ તો દરેક શિવમંદિરમાં એક જ શિવલિંગ જોવા મળતી હોય છે પરંતુ નાગવિરિ (રવાપર) મધ્યે આવેલા પ્રાચીન શિવમંદિરમાં બે શિવલીંગ એક રાજરાજેશ્વર મહાદેવ તેમજ બીજી ભીમનાથ મહાદેવની શિવલિંગ સ્થાપિત છે. બે શિવલિંગ ધરાવતું કચ્છનું કદાચિત એકમાત્ર આ શિવમંદિર છે.

## મહા શિવરાત્રીના પવિત્ર દિવસે ચાણસ્મા નગર સંહિત પંથકના શિવાલયો ઓમ નમઃ શિવાય ના નાદથી ગુંજી ઉઠશે

નિતીન ઠાકર ચાણસ્મા



દેવાધિદેવ મહાદેવ ની ભકિત આરાધના નું મહત્વ ધરાવતું પર્વ એટલે મહાશિવરાત્રી પર્વ ચાણસ્મા નગર ના પીંપળેશ્વર મહાદેવ ખાતે બ્રહ્મ સમાજ દ્વારા દેવાધિદેવ મહાદેવની મહાપૂજા શોભાયાત્રા સહિત ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું છે જ્યારે ચાણસ્મા ના ભાટસર ગામે આવેલા પાટણ પંથકના એક માત્ર પારા ના અલૌકિક શિવાલય ખાતે ગામ લોકો દ્વારા મહાપુજા શિવ ભજન સંતવાણી સહિત ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું છે.


જ્યારે ઘરમોડા કાશી વિશ્વનાથ મહાદેવ ખાતે ચાર પ્રહર ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરાયું હોવાનું મંદિરના વહિવટદાર અરવિંદભાઈ દવે એ જણાવ્યું હતું. આમ શિવરાત્રી ના મહાપર્વ ના પવિત્ર દિવસે ચાણસ્મા સહિત ગ્રામીણ પંથકના શિવાલયો ઓમ નમઃ શિવાય ના નાદ મય થશે.




વિશ્વ મહિલા દિનની ઊજવણી ના ભાગ રૂપે લિટલ માસ્ટર પ્રી સ્કૂલ તેમજ જાયન્ટ્સ ગ્રુપ ઓફ રાજપીપલા દ્વારા "cook without fire " ના કોન્સેપ્ટ સાથે હરીફાઈ રાખવામાં આવી જેમાં સ્કૂલ માં ભણતા બાળકો ની માતા એ ભાગ લીધેલ અને વિજેતાને પ્રથમ દ્વિતીય અને તૃતીય આમ ત્રણ ઇનામ આપવામાં આવેલ અને ભાગલેનાર તમામ બહેનોને આશ્વાસન ઇનામ આપવામાં આવેલ આ કાર્યક્રમમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ રાજપીપલા ના સભ્યો તેમજ લિટલ માસ્ટર પ્રી સ્કૂલ ના સૌ સ્ટાફ ઉપસ્થતિ રહ્યો હતો.અને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. - ભરત શાહ,રાજપીપળા.

8 માર્ચે એટલે કે આજે દુનિયાભરમાં લોકો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ મનાવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને મનાવવા પાછળનુ લક્ષ્ય છે સમાજમાં મહિલાઓને સમાન હક આપવો અને સમાજમાં તેમની ભાગીદારીને પ્રોત્સાન આપવુ.દરેક દેશમાં આ દિવસને અલગ અલગ રીતે મનાવવામાં આવે છે.

# INTERNATIONAL WOMEN'S DAY




## માર્ચે જ કેમ મનાવવામાં આવે છે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ?




### ક્યારે અને કેવી રીતે શરૂ થયો મહિલા દિવસ મનાવવાનો?

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શરૂઆત એક વિરોધ આંદોલનથી થઇ છે. વર્ષ 1908માં 28 ફેબ્રુઆરીએ લગભગ 15 હજાર મહિલાઓએ અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં માર્ચ કાઢીને નોકરીમાં ઓછા કલાકો, પુરુષ સમાન સેલેરી અને મત આપવાના અધિકાર માટે વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. તેના બરાબર એક વર્ષ બાદ સોશિયલિસ્ટ પાર્ટી ઑફ અમેરિકાએ 28 ફેબ્રુઆરીના આ દિવસને પહેલા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ જાહેર કરી દીધો. ત્યારબાદ આ ફેબ્રુઆરીના છેલ્લા રવિવારે મનાવવામાં આવવા લાગ્યો.

### મહિલા દિવસ આંતરરાષ્ટ્રીય સ્તરે મનાવવાની શરૂઆત કેવી રીતે થઈ?

મહિલા દિવસને આંતરરાષ્ટ્રીય સ્તરે મનાવવા વિશે ક્લારા જેટકિને સૌથી પહેલા વિચાર્યુ હતુ. ક્લારા જેટકિને 1910માં કોપેનહેગનમાં કામકાજી મહિલાઓની એક ઈન્ટરનેશનલ કૉન્ફરન્સમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ મનાવવાનુ પહેલી વાર સૂચન કર્યુ. એ વખતે પ્રેસ કૉન્ફરન્સમાં દુનિયાભરના 17 દેશોની 100 મહિલાઓ શામેલ હતી. બધાએ આ સૂચનનુ સમર્થન કર્યુ અને 1910માં જ સોશિયલિસ્ટ ઈન્ટરનેશનલના કોપેનહેગન સંમેલનમાં મહિલા દિવસને આંતરરાષ્ટ્રીય દરજ્જો આપવામાં આવ્યો. એ વખતે તેનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને મત આપવાનો અધિકાર અપાવવાનો હતો કારણકે એ વખતે મોટાભાગના દેશોમાં મહિલાઓને મત આપવાનો અધિકાર નહોતો. સૌથી પહેલા 1911માં સ્વિત્ઝરલેન્ડ, ઑસ્ટ્રિયા, ડેનમાર્ક અને જર્મનીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ મનાવવામાં આવ્યો હતો. 1917માં સોવિયેત સંઘે આ દિવસને એક રાષ્ટ્રીય રજા તરીકે જાહેર કર્યો હતો અને આસપાસના અન્ય દેશોમાં પણ તે ફેલાઈ ગયો. ત્યારબાદ હવે ઘણા પૂર્વના દેશોમાં પણ તે મનાવવામાં આવે છે.

### છેવટે 8 માર્ચે જ કેમ મનાવવામાં આવે છે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ?

હવે સવાલ ઉઠે છે કે છેવટે ફેબ્રુઆરીના છેલ્લા રવિવારથી 8 માર્ચનો દિવસ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે કેમ અને કેવી રીતે પસંદ કરવામાં આવ્યો? વાસ્તવમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો કૉન્સેપ્ટ લાવનારી ક્લારા જેટકિને મહિલા દિવસ મનાવવા માટે કોઈ તારીખને નિર્ધારિત નહોતી કરી. 1917માં યુદ્ધ દરમિયાન રશિયાની મહિલાઓએ બ્રેડ એન્ડ પીસ એટલે કે રોટી અને કપડા માટે હડતાલ પર જવાનો નિર્ણય કર્યો હતો. આ હડતાળ પણ ઐતિહાસિક હતી કારણકે મહિલોની હડતાળે ત્યાંના સમ્રાટ નિકોલસને પોતાનુ પદ છોડવા માટે મજબૂર કરી દીધા હતા. ત્યારબાદ અંતરિમ સરકારે મહિલાઓને મત આપવાનો અધિકાર આપ્યો હતો. એ વખતે રશિયામાં જૂલિયન કેલેન્ડર ચાલતુ હતુ અને બાકી દુનિયામાં ગ્રેગેરિયન કેલેન્ડર ચાલતુ હતુ. જે દિવસે મહિલાઓએ આ હડતાળ શરૂ કરી હતી ત્યારે એ તારીખ હતી 23 ફેબ્રુઆરી. (રશિયાના જુલિયન કેલેન્ડર અનુસાર)ગ્રેગેરિયન કેલેન્ડરમાં આ દિવસ 8 માર્ચ હતો. એ વખતે આખી દુનિયામાં ગ્રેગેરિયન કેલેન્ડર ચાલતુ હતુ. માટે ત્યારબાદથી જ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 8 માર્ચે મનાવવામાં લાગ્યો.

## મહિલા દિન: આ વાત નોંધી લો

1 વિશ્વ મહિલા દિવસની ઉજવણીની શરૂઆત 28 ફેબ્રુઆરી, 1909 ના રોજ સોશિયાલિસ્ટ પાર્ટી ઓફ અમેરિકા દ્વારા ન્યૂયોર્કમાં થઈ હતી. થેરેસા મેલ્કી નામની મહિલા ચળવળકારે એનો વિચાર આપેલો. એ પછી 1910માં આંતરરાષ્ટ્રીય સોશિયાલિસ્ટ મહિલા કોન્ફરન્સમાં જર્મન ડેલિગેટ્સની મહિલા કાર્યકર્તાઓ ક્લારા ઝેટકીન, કેટ ડન્કર અને પૌલા થિડે દર વર્ષે મહિલા દિવસ ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો. 1911 થી ઓસ્ટ્રિયા, ડેન્માર્ક, જર્મની અને સ્વિત્ઝર્લેન્ડ જેવા કેટલાક દેશોમાં એની શરૂઆત થઈ. યુનાઈટેડ નેશન્સ દ્વારા તો છેક 1975માં આતરરાષ્ટ્રીય મહિલા વર્ષ ઉજવાયું ત્યારથી દર વર્ષે આ દિવસ ઉજવાય છે.

2 આ સમયગાળો જ બતાવે છે મહિલાના અધિકારો, સમાનતા જેવા મુદ્દાઓ કે મહિલા સશક્તિકરણની જરૂરિયાત કોઈ એક જ દેશની નહોતી. વિકસિત, અલ્પવિકસિત કે અર્ધવિકસિત એવા કોઈપણ દેશમાં નારીના સામાજિક-આર્થિક દરજ્જાને લઈને પ્રશ્નો હતા જ એટલે આ સમસ્યા કે મુદ્દો યુનિવર્સલ હતો અને છે. આફ્રિકાના કોઈ ટચૂકડા દેશથી જગત જમાદાર અમેરિકા સુધી કોઈ દેશ હજુ જેન્ડર જસ્ટીસના મુદ્દાથી પર નથી.

3 ભારતમાં મહિલાઓના દરજ્જાને લઈને એક પ્રકારે 'કલ્ચરલ પેરેડોક્સ' છે. એક તરફ આ સંસ્કૃતિ નારીને નારાયણી કહીને બિરદાવે છે તો એ જ સંસ્કૃતિમાં બાળકીને દૂધ પીતી કરવાના અને સતીપ્રથા જેવા કુરિવાજો પ્રસરેલા હતા. જે દેશના મહાભારતમાં કુળવધુ ભર્યા રાજદરબારમાં વડીલ પુરુષો સાથે ખુલ્લેઆમ વાતચીત કરીને હાજર રહી શકે છે એ જ દેશના અનેક સમાજમાં સ્ત્રીએ ઘૂંઘટ ઓઢીને પુરુષથી અંતર રાખવાની કુ-પ્રથા ય અપનાવી છે. બીજા વિકસિત દેશોમાં હજુ મહિલાઓ રાજકારણમાં આવીને મોટા હોદ્દા સુધી નહોતી પહોંચી એ પહેલાં ભારતના આઝાદી સંગ્રામમાં અનેક વીરાંગનાઓના નામ સુવર્ણ અક્ષરે અંકાયેલા છે. અને આમ છતાં, એ જ દેશમાં મહિલાઓને સંસદમાં આરક્ષણ આપવાનો મુદ્દો વરસોથી પાછો ઠેલાતો જાય છે. મહિલા વિકાસના મામલે આપણે પ્રોગ્રેસિવ અને પછાત બન્ને છીએ. સિક્કાની બન્ને બાજુ સમાંતરે દેખાડી શકાય એવો અજાબોગરીબ વિરોધાભાસ છે આ.

4 છેલ્લાં કેટલાક વર્ષોથી ઉપભોક્તાવાદી બજારના કારણે તહેવારો અને મહિલા દિવસ જેવા વિશેષ દિવસોની ઉજવણીનું વ્યાપારીકરણ થતું જાય છે. સોશિયલ મિડીયાએ એમાં જબ્બર ફાળો નોંધાવ્યો છે. મહિલા દિનને અનુલક્ષીને ખાસ સેલ, અમુકતમુક ડિસ્કાઉન્ટ, ખાસ ભેટ કૂપનો, જાતજાતની સ્પર્ધાઓ, મહિલાઓને બસ-ટ્રેનભાડાંમાં વિશેષ છૂટ અને ઠગલાબંધ ઈનામો. આ બધા વેપારી ચક્કરોમાં ઉજવણીનો મૂળ ઉદ્દેશ કે સમસ્યાની મૂળ સમજણ સાવ ભૂલાઈને બાજુએ ઠેલાઈ ગઈ છે.

5 નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના આંકડાઓ પ્રમાણે, વર્ષ 2020માં ભારતમાં મહિલાઓ સામેના ગુનાની સંખ્યા 3.73,503 હતી એ વર્ષ 2021માં વધીને 4,28,278 થયેલી. 15.3 ટકાનો વધારો. એમાં ઘરેલુ અત્યાચારનો કેસનું પ્રમાણ 31.8, અવમાનના અને શોષણના કેસનું પ્રમાણ 20.8, અપહરણના કેસનું પ્રમાણ 17.8 અને બળાત્કારના કેસનું પ્રમાણ 7.4 ટકા છે. આ તો ફક્ત પોલીસના ચોપડે ચડેલા ગુનાઓના આંકડા છે.

6 અવલોકન ક્રમાંક ચાર અને પાંચને સાથે રાખીને જૂઓ તો સ્પષ્ટ થાય છે કે મહિલા દિવસને અનુલક્ષીને યોજાતા લોકજાગૃતિના કાર્યક્રમો અને પ્રવચનોની કોઈ અસર જોવા મળતી નથી. મહિલાઓ જે ન્યાય, અધિકાર અને સમ્માન ઝંખે છે એ આટઆટલી ઉજવણી પછી ય એને મળતું નથી અથવા તો જે મળે છે એમાં આવી ઉજવણીઓનો કોઈ ફાળો નથી.

7 આ દિવસે વિવિધ ક્ષેત્રોમાં સફળતાની ટોચે પહોંચેલી મહિલાઓના દાખલા અપાય છે. એમની મુલાકાતો લેવાય છે. એમના સંઘર્ષની વાતો કરાય છે. સામસામે મંડાતી દલીલોમાં સામે નિર્ભયા અને હાથરસ જેવી ઘાતકી બળાત્કારની ઘટનાઓ પણ રજૂ કરાય છે. એ ભૂલાઈ જાય છે કે સફળતા વ્યક્તિગત સંઘર્ષ અને સંજોગોનું ય પરિણામ હોઈ શકે અને બળાત્કારની ઘટનાથી બધા જ પુરુષો હવસખોર કે સમાજ બળાત્કારી નથી બની જતો. દરેક સમાજમાં, દરેક કાળખંડમાં સારું અને નરસું સમાંતરે જ ચાલતું આવે છે એ હકીકત છે. એને ધ્યાનમાં રાખીને વિચારીએ તો જ સમસ્યાનું સમાધાન નીકળશે.

8 આપણી ભાષાના જાણીતા કવયિત્રી પન્ના ત્રિવેદીએ 'ચાંદ કે પાર' નામનું સરસ પુસ્તક લખ્યું છે. એની પ્રસ્તાવનામાં એ સરસ વાત લખે છે: વાત પુરુષપ્રધાન કે સ્ત્રીપ્રધાન સમાજની નથી. વાત કોણ ચડિયાતું છે એની પણ નથી. વાત એટલી જ છે કે, પુરુષ નામનો માણસ સ્ત્રી નામની માણસને માણસ તરીકે કેમ ન સ્વીકારી શકે?

9 વાતમાં વજૂદ છે. સ્ત્રીએ પુરુષ સમોવડી થવાની હોડ માંડવાની જરૂર જ ક્યાં છે? કે પુરુષનું આધિપત્ય સ્વીકારાવાની ય ક્યાં જરૂર છે?

10 વાત આમ તો એટલી અઘરી ય નથી. સ્ત્રી એ સ્ત્રી છે. પુરુષ એ પુરુષ. બન્ને વચ્ચે શારીરિકની સાથએ આવેગો-લાગણીઓના મનોવૈજ્ઞાનિકસ્તરે ય મૂળભૂત ભેદ અથવા તફાવત છે. એને ધ્યાનમાં રાખીને એકબીજાનો સમાન ભૂમિકાએ સ્વીકાર અને સમ્માન કરાય તો ય ઘણું.

**ચાલો, સૌને મહિલા દિવસની શુભેચ્છાઓ.**

# શિવ એટલે કલ્યાણનું ધામ

સદાશિવ એ ભક્ત માત્ર જળ ચડાવે છે તો પણ તત્કાળ પ્રસન્ન થઈ જાય છે. માનવામાં આવે છે કે શિવરાત્રી નું વ્રત દિવસ અને રાત્રીના ત્રણ પ્રહર ભૂખ્યા રહીને કરે છે એમના મનમાં બધાજ સંકલ્પો પૂર્ણ થાય છે.



**ચંદ્ર શેખર ચંદ્ર શેખર ચંદ્ર શેખર રક્ષ મામ,
ચંદ્ર શેખર ચંદ્ર શેખર ચંદ્ર શેખર પાહી મામ,
શૈલજા વર મધુર મૂર્તિ ચંદ્ર શેખર રક્ષ મામ.**

રાજા ને એના રાજ પુરોહિત દ્વારા જાણ થાય છે કે પુત્ર નું આયુષ્ય પૂરું થવાનું છે એટલે એ એના પુત્ર ને મૃત્યુ થી બચાવવા ખૂબ પ્રયત્નો કરે છે પરંતુ કુલ પુરોહિત સમજાવે છે કે રાજન મૃત્યુ એકજ એવી વિપદા છે ટાળી શકાતી નથી. માણસ ધન ધાન્ય ને રાજપાટ કે સ્ત્રી નાશ પામે તો પુનઃ પ્રાપ્ત કરી શકે છે પરંતુ એક ના એક પુત્ર ને મૃત્યુ થી બચાવી શકશો નહિ.રાજકુંવર ને ખબર હતી કે એનું ત્રણ દિવસ માં મૃત્યુ નિશ્ચિત છે પરંતુ એ શિવ ભક્ત હતો ને શિવ પૂજા વગર એ પાણી શુદ્ધ નહતો ગ્રહણ કરતો. મૃત્યુ નો દિવસ આવ્યો ને યમ દૂત નિશ્ચિત સમયે રાજકુંવર ને લેવા આવ્યા. એ દિવસે રાજકુંવર ભગવાન સદાશિવ ની પૂજામાં લીન હતો. ધ્યાન મુદ્રા માં ખબર પડી ગઈ કે યમદૂત આવી તો ગયા છે પરંતુ શિવલિંગની સમીપ છું એટલે એના પાશ ફેંકતા ભયભીત છે. રાજકુંવર એ શિવ લિંગ ને ભેટી ને ચંદ્રશેખર સ્તોત્ર નું રડતા રડતા પાઠ કર્યું. ભગવાન એ ભક્તની સ્તુતિ સાંભળી રક્ષા કાજે શિવ દૂત ને મોકલ્યા..બન્ને વચ્ચે ચર્ચા થઈ કુંવર નું મૃત્યુ ની ઘડી અનુસાર યમ લોક જશે પરંતુ શિવ દુતો માન્યા નહી એટલે ચિત્ર ગુપ્ત એ ચોપડો ખોલી ને રાજકુંવર નું મૃત્યુ નવ વર્ષે ને બદલે નેવું વર્ષ નજરે પડતા જ બોલ્યા અશક્ય અશક્ય.. શિવ દૂતો એ કહ્યું કે શિવ ભક્ત માટે અશક્ય મૃત્યુ પણ નથી હોતુ,જે મૃત્યુ ને હરાવી શકે એ સાચા શિવ ભક્ત સમજવાના..

શિવ પુરાણ અનુસાર શિવ એટલે કલ્યાણ નું ધામ છે. સદાશિવ એ ભક્ત માત્ર જળ ચડાવે છે તો પણ તત્કાળ પ્રસન્ન થઈ જાય છે. માનવા મા આવે છે કે શિવરાત્રી નું વ્રત દિવસ અને રાત્રીના ત્રણ પ્રહર ભૂખ્યા રહીને કરે છે એમના મનમાં બધાજ સંકલ્પો પૂર્ણ થાય છે. પૌરાણિક કથા અનુસાર એક પારધી વનમાં શિકાર કરવા નીકળ્યો ત્યારે એ દિવસ ભરનો ભૂખ્યો વન માં બધેય ભટકી રહીયો હતો પરંતુ શિકાર મળતા નહતા. થાકી કંટાળી ને બીલી ના ઝાડ નીચે બેઠો હતો ત્યાં રાત્રિ ના પહેલા પ્રહર માં નજીક ના ઝરણાં માં હરણ પાણી પીવા આવ્યું એટલે શિકારી એ બાણ પ્રત્યંચા પર ચડાવ્યું ને છોડવા જતો હતો ત્યાં હરણ બોલ્યું કે મારા પર દયા કર હું મારા બાળકો ભૂખ્યા હશે જમાડી ને આવું પછી શિકાર કરજે..શિકારી ને દયા આવી ને હરણ ને છોડી મૂક્યું..ત્યાં એની નજર બોલી પત્ર ના ઝાડ નીચે ઢંકાયેલ શિવ લિંગ પર પડતાં એણે ફટાફટ શિવલિંગ ઉપર પડેલા પાંદડા દૂર કરીને



**શિવરાત્રી**

**- રુપાલી દવે**

ઝરણાં માંથી જળ લાવીને શિવલિંગ પર રેડ્યું. તાજા બીલી ના પાન તોડ્યા અને પ્રસાદ માટે પાકું બીલી ફળ તોડી ને એ પૂજા કરતો હતો.

રાત્રિ નો પહેલો પ્રહર સમાપ્ત થતાં બીજો પ્રહર શરૂ થતાંજ પાણી પીવાનો અવાજ આવતા ઝાડ પાછળ છૂપાઈ ને બાણ છોડી રહ્યો હતો ત્યાં બીજું હરણ બોલ્યું કે પારધી,તુ અચૂક મારો શિકાર કરજે પણ અત્યારે મને છોડી દે ભૂખ્યા બાળકો ને મળીને આવું છું. શિકારી નું મન હરણ ને છોડવા માંગતું નહતું પરંતુ હરણ ની વાત સાંભળી ને એને ભૂખ થી ટળવળતા પોતાના બાળકો યાદ આવતા બીજા હરણ ને છોડી દીધું ને બીલી ના ઝાડ પર બેસી ને પહેલા હરણ ની રાહ જોવા લાગ્યો. ત્રીજા પ્રહર માં હરણ ના બે નાનકડાં બચ્ચા ઝાડ પર થી જોતાજ એણે તીર પ્રત્યંચા પર ચડાવ્યું ને બચ્ચા તરફ છોડવા જતો હતો ત્યાં પહેલું હરણ બીજા હરણ સાથે આવ્યું ને બોલ્યું કે અમે તારા શિકાર છીએ અમારા પર તીર છોડ.. ત્રણ પ્રહર અને દિવસ પર્યન્ત ભાખ્યા રહીને શિવલિંગ પર જળ ચડાવ્યું, બીલી પધરાવ્યા ને બિલ્વ ફળ નો ભોગ ધરાવ્યો માટે અજાણ્યા પણે શિવરાત્રી નું વ્રત થતાં પારધી ને એનો પૂર્વ જન્મ યાદ આવતા હરણ, હરણી અને બચ્ચાઓ ને મુક્ત કર્યા.. એજ ક્ષણે શિવ લોક માંથી શિવ દૂત વિમાન લઈને આવ્યા ને સદેહ પારધી શિવ લોક ગયો..

મન્યતા અનુસાર શિવરાત્રી ના દિવસે માતા પાર્વતી અને શિવજી ના વિવાહ થયા હતા. આજ પણ કાશી ક્ષેત્ર માં શિવરાત્રી નો દિવસ રાત ભગવાન ના લગ્ન માં બધા ભાવ વિભોર બની ને ઉજવે છે. હિમાલય ના પુત્રી પાર્વતી જી એ પતિ રૂપે શિવજી ને પ્રાપ્ત કરવા ઉગ્ર તપ કર્યું હતું. નારદજી એ વૈરાગી શિવજી ને યાદ અપાવ્યું હતું કે સતી પુનઃ પાર્વતી સ્વરૂપે હિમાલય ને ત્યાં પ્રગટ થઈ ને તમને મેળવવા ઉગ્ર તપ આદરેલ છે. સતી ના વિયોગ થી વ્યાકુળ અર્ધ નારેશ્વર શિવજી ના વિવાહ પાર્વતીજી સાથે રાત્રિ ના ૧૨ના શુભ મુહૂર્ત એ નક્કી થયા હતા. વિવાહ માં કન્યા પક્ષ થી પરિવારના મુખ્ય સભ્યો ઉપવાસ કરતા હોય છે.આજ પણ શિવરાત્રી ના દિવસે કાશી પતિ ના વિવાહ નિમિતે કાશી માં વરપક્ષ અને કન્યા પક્ષ માં લોકો વહેચાઈ ને રાત્રિ ના ૧૨ વાગ્યે પ્રભુ ના મંગલ લગ્ન પ્રસંગ ધામધૂમ થી ભાંગ નો પ્રસાદ ગ્રહણ કરીને ઉત્સાહ આનંદમાં રાત્રિ દરમિયાન ભજન કીર્તન નાચ ગાન માં ત્રણ પ્રહર વિતાવે છે..

શિવરાત્રી ની પૂજા,જાપ કે અનુષ્ઠાન રાત્રે ૧૨ વાગ્યા થી ચાલુ કરીને સવારે ૪ વાગ્યા સુધી કરવાથી એનું ફળ વિશેષ મળે છે. જો ધન ની ઈચ્છા હોય તો શિવલિંગ પર અક્ષત ચોખા એટલે કે તૂટ્યા વગર ના ચોખા "ઓમ નમઃ શિવાય" મંત્ર નો જાપ કરી ને ચડાવવા,ભગવાન સદાશિવ ને પંચામૃત એટલે દહી,દૂધ,ઘી,ખાંડ,મધ મિશ્રિત થી અભિષેક કરવો અત્યંત ઉતમ છે. મધ થી શિવલિંગ પર અભિષેક કરવાથી રોગ,શત્રુ,માનસિક બીમારી વગેરે હલ થાય છે. ઘી થી શિવલિંગ પર અભિષેક કરવાથી મોક્ષ ની પ્રાપ્તિ થાય છે. શેરડી ના રસ થી શિવલિંગ પર અભિષેક કરવા થી ધનપ્રાપ્તિ થાય છે ને ધન ની સમસ્યા થી કાયમી છુટકારો મળે છે.આ દિવસે રુદ્રાક્ષ ને દૂધ માં મૂકી ને રાત્રિ ના બીજા પ્રહર માં પંચામૃત થી અને શુદ્ધ જળ થી ઓમ નમ શિવાય મંત્ર જાપ કરીને અભિષેક કરી ને સાફ કપડા થી સાફ કરીને ભસ્મ લગાવી ને પહેરવા થી ભય,રોગ, નજર,પિતૃ પીડા જેવી અને ક સમસ્યા હલ થાય છે.શિવરાત્રી ના દિવસે શક્કરિયા, ધતૂરો, બિલી ફળ, શિંગોડા, લીલી સૂકી દ્રાક્ષ વગેરે નો ભોગ ધરાવવા નો રિવાજ છે. આ દિવસે ભક્તોને પ્રસાદમાં ભાંગ નું દૂધિયું મળે છે ને લોકો ખુશી ખુશી પીવે છે.રાત્રિ ના પહેલા અને છેલ્લા પ્રહર માં દીપમાળા ને ધૂપ અગરબતી પ્રગટાવી ને આરતી કરવાથી ભગવાન ભોળાનાથ પ્રસન્ન થાય ને પ્રગટ હોય છે..શિવરાત્રી ની રાત્રિ એ ઉપવાસ ની સાથે સાથે મંત્ર જાપ અચૂક કરવા જોઈએ. ગુજરાત ના જૂનાગઢ માં ભવનાથ ની તળેટી માં મોટા પાયે મેળો ભરાય છે ને ત્યાં દેશ દુનિયા થી લાખો માણસો આવી ને માણે છે. નાગા બાવા નો સંઘ લોકો વચ્ચે થી નીકળી ને હર હર મહાદેવ નો નાદ કરી ને ભવનાથ ના મંદિર ના મૃગીકુંડ માં સ્નાન માટે ઉતરે છે એ બાદ ભાગ્યેજ ફરી દર્શન થાય છે.

## હેમા માલિનીના પરિવારને કોની લાગી નજર?
# દિકરીના છૂટાછેડા હવે પતિ ધર્મેન્દ્રની આવી હાલત





અડધી રાત છે, ઉંઘી નહિ શકતો, ભૂખ પણ નથી લાગતી:ધર્મેન્દ્ર

મુંબઇ | ધર્મેન્દ્ર એવા અભિનેતાના લિસ્ટમાં સામેલ છે જેમણે પોતાના અભિનયના જોરે સિનેમા જગતને એક અલગ આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ફેન્સ ધર્મેન્દ્રને ખૂબ પસંદ કરે છે પરંતુ હાલમાં અભિનેતાએ તેના ફેન્સને ડરાવી દીધા છે. તેણે સોશિયલ મીડિયા પર વિખરાયેલા વાળનો ફોટો શેર કર્યો છે અને લોકોના મનમાં એક સવાલ થઈ રહ્યો છે કે, ધર્મેન્દ્રની આવી હાલત કેમ થઈ?

હેમા માલિનીના પરિવાર અંગે ઘણા સમયથી વિવિધ પ્રકારના સમાચારો સામે આવી રહ્યા છે. હાલમાં જ પુત્રી ઈશાના છૂટાછેડા બાદ હેમા માલિની ખૂબ જ પરેશાન દેખાતી હતી. હવે આ દરમિયાન પતિ ધર્મેન્દ્રની તસવીરે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી હતી. ધર્મેન્દ્રની હાલત જોઈને ફેન્સ ખૂબ જ પરેશાન થઈ ગયા હતા અને એવા સમાચાર પણ આવવા લાગ્યા હતા કે અભિનેતાની હાલત સારી નથી.

મળતી માહિતી મુજબ, ધર્મેન્દ્ર હાલમાં જ ઈજાગ્રસ્ત થયો હતો. તે સ્વાસ્થ્ય સમસ્યાઓથી પણ ઝઝૂમી રહ્યો છે. જોકે, હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે અભિનેતાની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. અહેવાલ મુજબ, ધર્મેન્દ્રની તબિયત લગભગ બે અઠવાડિયાથી બગડી રહી છે. તે સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથે સંઘર્ષ કરી રહ્યો છે પરંતુ હવે અભિનેતાની તબિયતમાં પણ સુધારો જોવા મળી રહ્યો છે. હાલમાં તેની બદલાતા હવામાનને કારણે અભિનેતાની તબિયત લથડી હતી.તમને જણાવી દઈએ કે તસ્વીર શેર કરતી વખતે ધર્મેન્દ્રએ લખ્યું હતું કે અડધી રાત છે. ઉંઘી નહિ શકતો, ભૂખ પણ નથી લાગતી, માત્ર માખણ સાથે વાસી રોટી ખાતો હોય એવો સ્વાદ આવે છે. અભિનેતા તેની પોસ્ટમાં ખૂબ જ થાકેલા અને અસ્વસ્થ દેખાતા હતા. આવી સ્થિતિમાં ફેન્સ પણ પોતાના ફેવરિટ અભિનેતાની આ હાલત જોઈને ખૂબ જ દુઃખી જોવા મળ્યા હતા. જોકે, હવે અભિનેતાની હાલત સારી હોવાનું કહેવાય છે.

## જેકલીન ફર્નાન્ડીઝની બિલ્ડીંગમાં લાગી ભીષણ આગ, ફાયર ફાઈટરની ટીમ ઘટના સ્થળે



મું બઈ: મુંબઈમાં બાંદ્રા વેસ્ટના પાલી હિલ વિસ્તારમાં આવેલી નવરોઝ હિલ સોસાયટીમાં ગઈકાલે આગ લાગી હતી. આ બિલ્ડિંગમાં બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડીઝ પણ રહે છે. આ ઘટનામાં હજુ સુધી કોઈના ઘાયલ થયાના સમાચાર નથી. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર આગ બિલ્ડિંગના 13મા માળે રસોડામાં લાગી હતી. અભિનેત્રી જેકલીન ફર્નાન્ડીઝ પાસે આ બિલ્ડીંગમાં ભવ્ય 5 BHKનું ઘર છે અને તેને પણ થોડુ નુકસાન થયું છે. એક નાગરિક અધિકારીએ જણાવ્યું હતું કે નરગીસ દત્ત રોડ પર એક રહેણાંક મકાનમાં રાત્રે લગભગ 8 વાગ્યે આગ ફાટી નીકળી હતી. ફોન પર ઘટના વિશે જાણ કરનાર વ્યક્તિએ જણાવ્યું કે આગ નવરોઝ હિલ સોસાયટીના 14મા માળે એક રૂમ સુધી મર્યાદિત હતી. તમને જણાવી દઈએ કે 2023માં જેકલીન ફર્નાન્ડિઝે મુંબઈના બાંદ્રા વેસ્ટના પ્રતિષ્ઠિત પાલી હિલ વિસ્તારમાં પોતાનું આલીશાન નવું ઘર ખરીદ્યું હતું. ગયા વર્ષે જુલાઈમાં તેના નવા ઘરની બહારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. રસપ્રદ વાત એ છે કે ઘણા પ્રખ્યાત સેલેબ્સ પાસે પાલી હિલમાં આલીશાન ઘર છે. જેમાં સૈફ અલી ખાન, કરીના કપૂર, રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને બીજા ઘણા સ્ટાર્સ સામેલ છે. આ ઉપરાંત સુપરસ્ટાર સલમાન ખાન અને શાહરૂખ ખાન પણ થોડી મિનિટો દૂર રહે છે. અહેવાલો અનુસાર, પાવર કપલ રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ પણ આ વિસ્તારમાં શિફ્ટ થવાની યોજના બનાવી રહ્યા છે. જેકલીન ફર્નાન્ડીઝની વાત કરીએ તો તે તેના હોલીવુડ ડેબ્યુની તૈયારી કરી રહી છે. જેકલીન આગામી ફિલ્મમાં એક્શન આઈકોન જીન-ક્લાઉડ વેન ડેમ સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે. અભિનેત્રીએ હાલમાં તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અભિનેતા સાથેનો એક ફોટો શેર કર્યો છે. આ સિવાય તેણે એ પણ કન્ફર્મ કર્યું હતું કે તેણે ઈટાલીમાં એક્શન સ્ટાર સાથે પ્રોજેક્ટનું શૂટિંગ પૂરું કર્યું છે.



## પુષ્પા 2માં સંજય દત્તની એન્ટ્રી? અલ્લુ અર્જુનની ફિલ્મમાં આ દમદાર પાત્ર ભજવશે!

મુંબઇ | આ વર્ષ ‘પુષ્પા 2’ સિનેમાઘરો પર ધૂમ મચાવશે અને તેને લઈને ફેન્સમાં પણ ખૂબ જ ક્રેઝ જોવા મળી રહ્યો છે. અલ્લુ અર્જુન સ્ટારરની ‘પુષ્પા’એ દેશભરમાં પોતાનું પ્રભુત્લ જમાવ્યું અને ધમાકેદાર કમાણી કરી હતી. વિશ્વવ્યાપી બોક્સ ઓફિસ પર 300 કરોડથી વધુની કમાણી કરનાર આ ફિલ્મનો સોશિયલ મીડિયા પર એક અલગ જ ક્રેઝ હતો.હવે ‘પુષ્પા 2’ પર કામ શરૂ થઈ ગયું છે અને આ વર્ષની સૌથી મોટી ફિલ્મોમાંની એક ગણાતી આ ફિલ્મની દરેક વિગતોને ખૂબ જ ચુસ્ત રાખવામાં આવી રહી છે. પરંતુ એવી માહિતી સામે આવી રહી છે જે દેશભરના ફિલ્મ ફેન્સની ખુશીને એક અલગ જ સ્તર પર લઈ જશે.રિપોર્ટ્સનું માનીએ તો બોલીવુડના ‘ખલનાયક’ અલ્લુ અર્જુન સ્ટારર ‘પુષ્પા 2’માં એન્ટ્રી કરવા જઈ રહ્યા છે. અહેવાલ અનુસર, નિર્દેશક સુકુમારની આ ફિલ્મમાં ભૂમિકા માટે સંજય દત્તનો સંપર્ક કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે થોડા દિવસો પહેલા એવા અહેવાલો આવ્યા હતા કે ‘પુષ્પા’ના નિર્દેશક સુકુમારે સિક્વલ માટે ‘એ-ઈસ્ટ બોલિવૂડ એક્ટર’ને કાસ્ટ કરવાનો નિર્ણય લીધો છે. હવે આ ફિલ્મમાં સંજય કામ કરવાના સમાચાર ફેન્સ ઉત્સાહિત છે.રિપોર્ટ્સમાં એ વાત પણ સામે આવી હતી કે ‘પુષ્પા 2’માં સંજયનું પાત્ર કેવું હશે. કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મમાં તે એક મોટા પ્રભાવશાળી વ્યક્તિની ભૂમિકા ભજવવા જઈ રહ્યો છે. તેનું પાત્ર કહાનીમાં એક વધારાનું સ્તર ઉમેરશે. જોકે એવું પણ કહેવામાં આવ્યું છે કે સંજય આખી ફિલ્મમાં નહીં હોય પરંતુ તેનું પાત્ર એક લાંબો કેમિયો હશે.આ પહેલા એવા સમાચાર પણ આવ્યા હતા કે પાવરફુલ એક્ટર મનોજ બાજપેયી પણ ‘પુષ્પા 2’માં કામ કરવા જઈ રહ્યા છે. બાદમાં આ સમાચાર ખોયા સાબિત થયા હતા. રોકિંગ સ્ટાર યશની ‘KGF ચેપ્ટર 2’થી સંજય દત્તની ખૂબ જ માંગ છે. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે ‘પુષ્પા 2’માં સંજયનું પાત્ર નેગેટિવ શેડ્સ સાથે આવે છે કે નહીં.

## નીરજ પાંડેની આગામી ફિલ્મમાં તમન્ના ભાટિયા લીડ હિરોઈન

મુંબઈ | તમન્ના ભાટિયાની આગામી ફિલ્મ નીરજ પાંડે સાથેની હશે. અબિનેત્રીએ આ ફિલ્મનું શૂટિંગ પણ શરૂ કરી દીધું છે. જોકે આ ફિલ્મને ઓટીટી પર રિલીઝ કરવામાં આવશે. ફિલ્મસર્જકે તમન્ના ભાટિયા સિવાય અન્ય કલાકારો તેમજ સ્ટોરી સહિતની બાબતો ખાનગી રાખી છે. આ ફિલ્મના ટાઈટલ વિશે પણ હજી નિર્ણય લેવામાં આવ્યો નથી. તમન્ના સાઉથની જાણીતી હિરોઈન છે જ્યારે નિર જપાંડ ‘સ્પેશ્યલ ૨૬’, ‘એમએસ ધોની, ધી અનટોલ્ડ સ્ટોરીઝ’ અને ‘એ વેડનેસડે ‘ સહિતની ફિલ્મો ઉપરાંત ‘સ્પેશ્યિલ ઓપ્સ ‘ સહિતની વેબ સીરીઝોથી જાણીતા છે. આ હિસાબે તમન્ના માટે આગામી ફિલ્મ કારકિર્દીની રીતે મહત્વની નિવડશે તેમ માનવામાં આવે છે.

# રકુલ પ્રીત સિંહ લગન પછી લાંબી રજા વિના કામે લાગી



મુંબઇ | રકૂલ પ્રીત સિંઘ અને જેકી ભગનાનીનાં લગ્ન ગયા મહિને થયાં હતાં. તે પછી બંનેએ હનિમૂન માટે લાંબી રજા લેવાને બદલે પોતપોતાનું કામ ચાલુ કરી દીધું છે. રકુલે પોતાની આગામી ફિલ્મ ‘દે દે પ્યાર દે ટૂ’ની તૈયારી પણ શરૂ કરી દીધી છે. આ ફિલ્મનું શૂટિંગ મે મહિનાના મધ્યમાં શરુ કરવામાં આવશે. મૂળ ફિલ્મના કલાકારો રકુલ, અજય દેવગણ અને તબુ ફરી આ ફિલ્મમાં જોવા મળશે. ‘દે દે પ્યાર દે ‘ફિલ્મ ૨૦૧૯ના મે મહિનામાં રૂપેરી પડદે રિલીઝ થઈ હતી. બીજી તરફ જેકી ભગનાની પણ તેના પરિવારની કંપની દ્વારા પ્રોડ્યૂસ થઈ રહેલીડબડે મિયાં છોટે મિયાં’નાં પ્રમોશનમાં વ્યસ્ત થઈ ગયો છે.

**જેકી પણ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત, ‘દે દે પ્યાર દે’નું શૂટિંગ બે માસમાં શરુ થવાનું હોવાથી રકૂલે તૈયારીઓ શરુ કરી**

# કોવિડનો સમયગાળો ‘યશરાજ ફિલ્મ્સ’ માટે ડિપ્રેશન જેવો હતો : રાની મુખરજી








મુંબઇ | YRFના માલિક આદિત્ય ચોપરાની પત્ની અને અભિનેત્રી રાની મુખરજીએ મુંબઈમાં FICCI ફ્રેમ્સ ઈવેન્ટ દરમિયાન આપેલા ઈન્ટરવ્યૂમાં કોવિડ પછી YRFની સ્થિતિ વિશે વાત કરી હતી.રાની મુખરજીએ કહ્યું કે, ‘કોવિડને કારણે હિન્દી ફિલ્મ ઉદ્યોગ 2020 થી 2022 સુધી ખરાબ તબક્કામાંથી પસાર થયો, પરંતુ YRF 2023 માં જબરદસ્ત પુનરાગમન કર્યું. આ મોટો બદલાવ YRF ફિલ્મ ‘પઠાન’ની રિલીઝ પછી શરૂ થયો હતો, જેમાં શાહરુખ ખાન મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યો હતો. આ પછી ‘જવાન’ અને ‘ગદર 2’ જેવી ફિલ્મોએ હિન્દી સિનેમાની સ્થિતિમાં વધુ સુધારો કર્યો. શાહરુખ ખાન સ્ટારર ફિલ્મ પઠાન’ની રિલીઝ પછી બધું બદલાઈ ગયું.’

કોવિડ દરમિયાન ઓટીટી પર મોટી ફિલ્મો રિલીઝ કરવાની હતી. મુંબઈમાં FICCI ફ્રેમ્સ ઈવેન્ટમાં રાની મુખરજીએ જણાવ્યું કે, કેવી રીતે કોવિડ દરમિયાન આખી બોલિવૂડ ઈન્ડસ્ટ્રી ખરાબ સમયમાંથી પસાર થઈ, પરંતુ આદિત્ય ચોપરા આ સમયે પણ અડગ રહ્યા. રાનીએ કહ્યું ‘આદિ (આદિત્ય ચોપરા)ની કેટલીક ફિલ્મો કોવિડ દરમિયાન રિલીઝ થવાની હતી. પરંતુ કમનસીબે કોવિડ દરમિયાન તમામ ફિલ્મો તેમની રિલીઝ પહેલા જ બંધ કરી દેવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન બનેલી ફિલ્મોને OTT પર રિલીઝ કરવા માટે ફિલ્મ નિર્માતાઓ પર ઘણું દબાણ હતું. ઘણા લોકો આવું પણ કરતા હતા. સૌથી મોટી ફિલ્મો પણ OTT પર રિલીઝ થઈ રહી હતી પરંતુ આ સમયે મારા પતિ સંપૂર્ણપણે શાંત હતા’.આદિત્ય ચોપરાએ OTT પર પોતાની ફિલ્મો વેચી ન હતી । રાનીએ જણાવ્યું કે ‘આદિત્યને OTT પર ફિલ્મો રિલીઝ કરવા માટે મોટી રકમની ઓફર પણ કરવામાં આવી હતી. પરંતુ તે કોઈના દબાણમાં આવ્યા ન હતા. તેણે લોકો થિયેટરોમાં પાછા આવે તેની રાહ જોવાનું નક્કી કર્યું કારણ કે, તેની ફિલ્મો થિયેટર માટે બનાવવામાં આવી હતી. પઠાન પહેલા બોક્સ ઓફિસ પર રિલીઝ થયેલી ફિલ્મો ભયંકર રીતે ફ્લોપ સાબિત થઈ હતી. પરંતુ પઠાને થિયેટરમાં મૂવી જોનાર વર્ગને પાછો થિયેટર સુધી લાવી દીધો.ત્યાર બાદ બોલિવૂડમાં બેક ટુ બેક સારી ફિલ્મોએ ઈન્ડસ્ટ્રીઝને ફરી પગભર કરી દીધી.’


## ‘હું લગ્નોમાં જઈને નાચતી નથી...’, અંબાણી પરિવારની પાર્ટીમાં ડાન્સ કરનારા સ્ટાર્સ પર કંગનાનો વ્યંગ



મુંબઇ | અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની ભવ્ય પ્રિ-વેડિંગ પાર્ટીમાં દેશ-વિદેશના મહેમાનો પહોંચ્યા હતા. સુપરસ્ટાર શાહરૂખ ખાન, સલમાન ખાન અને આમિર ખાને આ પાર્ટીમાં જબરદસ્ત ડાન્સ કર્યો હતો. આ ઉપરાંત પોપ સિંગર રિહાનાએ પણ આ ઈવેન્ટમાં પરફોર્મન્સ આપીને તેને યાદગાર બનાવી હતી. આ પાર્ટીમાં બચ્ચન પરિવાર તેમજ કપૂર પરિવારે પણ હાજરી આપી હતી. પરંતુ અભિનેત્રી કંગના રનૌત જોવા મળી ન હતી. હવે ત્રણ દિવસનું અંબાણી ફંક્શન પૂરું થયા બાદ અભિનેત્રીએ એક પોસ્ટ શેર કરી છે.કંગના રનૌતે તેના સોશિયલ મીડિયા પેજ પર એક પોસ્ટ શેર કરી છે. લતા મંગેશકરનો એક ઈન્ટરવ્યુ શેર કરીને કંગનાએ લતાજીના વખાણ કરતા કહ્યું હતું કે, કેવી રીતે કરોડો રૂપિયા મળવા છતાં તેમણે ક્યારેય કોઈ લગ્નમાં પરફોર્મ કર્યું નથી.

આ સાથે તેણે પોતાની સરખામણી લતા મંગેશકર સાથે પણ કરી હતી. કંગનાએ ઈન્ટરવ્યુનો એક ભાગ શેર કર્યો જેમાં લતા મંગેશકરે કહ્યું હતું - “તમે મને પાંચ મિલિયન ડોલર આપો તો પણ હું નહીં આવું.”કંગના રનૌતે કહ્યું, “હું વધુ ખરાબ આર્થિક મુશ્કેલીઓમાંથી પસાર થઈ છું, પરંતુ લતાજી અને હું એવા બે જ લોકો છીએ જેમના ગીતોખૂબ હિટ છે (ફેશન કા જલવા, ઘની બાવલી હો ગયી, લંડન ઠુમકડા, સડી ગલી, વિજય ભવ) પરંતુ મને ગમે એટલી લાલચ આપવા છતાં પણ મેં લગ્નમાં ક્યારેય ડાન્સ કર્યો નથી.”અભિનેત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, “મને ઘણા સુપરહિટ આઈટમ સોંગ ઓફર કરવામાં આવ્યા હતા, થોડા જ સમયમાં હું એવોર્ડ શોથી પણ દૂર રહેવા લાગી છું. લોકપ્રિયતા અને પૈસાને ના કહેવા માટે મજબૂત ચરિત્ર અને ગૌરવની જરૂરી છે. શોર્ટ કટની દુનિયામાં યુવા પેઢીને એ સમજવાની જરૂર છે કે એ જ ધન કમાઈ શકાય છે જે પ્રમાણિકતાનું છે.

## જાહ્વીએ બીજી તેલુગુ ફિલ્મ સાઈન કરી, રામચરણની હીરોઈન બનશે





મુંબઈ | જાહ્વવી કપૂરે બીજી તેલુગુ ફિલ્મ સાઈન કરી છ. આ ફિલ્મમાં તે રામ ચરણ સાથે જોડી જમાવવાની છે.ફિલ્મને હાલ ‘આરસી ૧૬’ એવું કામચલાઉ ટાઈટલ અપાયું છે. જાહ્વવીએ અગાઉ જુનિયર એનટીઆર સાથે ‘દેવરા’ સાઈન કરી છે. આમ તે ‘આરઆરઆર’નાં બંને હિરોની હિરોઈન બની ચુકી છે. બોની કપૂરે પણ જાહ્વવી બીજી તેલુગુ ફિલ્મ કરી રહી હોવાને સમર્થન આપતાં કહ્યું હતું કે તે તેની માતાની જેમ અનેક ભાષાની ફિલ્મોમાં કામ કરવા માગે છે. જાહ્વવી કપૂર લાંબા સમયથી બોલીવૂડમાં સફળ કારકિર્દી જમાવવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ, પિતા ઉપરાંત કરણ જોહર જેવા પ્રોડયૂસર્સના પ્રયાસો છતાં પણ જાહ્વવી હજુ સુધી બોલીવૂડની ટોચની હિરોઈન બની શકી નથી.

# ‘મિસ વર્લ્ડ 2024’ સ્પર્ધાને કરણ જોહર હોસ્ટ કરશે

મુંબઈ | ભારત મિસ વર્લ્ડ સ્પર્ધાનું આયોજન કરવાની તૈયારી કરી રહ્યું છે. આ સ્પર્ધા ભારતમાં 28 વર્ષ પછી યોજાશે. અગાઉ આ સ્પર્ધા 1996માં બેંગલોરમાં યોજાઈ હતી. આ વખતે ફિલ્મ મેકર કરન જોહર હોસ્ટ કરશે. મિસ વર્લ્ડ 2013 મેગન યંગ પણ તેને હોસ્ટિંગમાં સપોર્ટ કરતી જોવા મળશે. મિસ વર્લ્ડ સ્પર્ધાનું આ 71મું વર્ષ હશે. આ ફંક્શનનું આયોજન 9 માર્ચે મુંબઈના JIO વર્લ્ડ સેન્ટરમાં કરવામાં આવશે. JIO વર્લ્ડ સેન્ટર મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સમાં આવેલું છે. અવારનવાર અહીં ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી મોટી ઈવેન્ટ્સ થાય છે.ફેમિના મિસ ઈન્ડિયા 2022 વિજેતા સિની શેટ્ટી મિસ વર્લ્ડ 2023 સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. હાલમાં સિનીએ મિસ વર્લ્ડ મિસ પેજેન્ટ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું ‘વિશ્વનું લક્ષ્ય હંમેશાં એક હેતુ સાથે સુંદરતા રહ્યું છે. અહીં, માત્ર સુંદરતા જ નહીં, પરંતુ હેતુ પણ મહત્ત્વપૂર્ણ છે. આ જ કારણ છે કે, આ સ્પર્ધાઓમાં મહિલાઓ તેમના કારણો માટે ઊભી રહે છે, જેમ કે વિશ્વભરમાં શાંતિ ફેલાવવી, શક્ય તેટલી વધુ લોકોને મદદ કરવી. માનવજાતની ભલાઈ માટે કંઈક કરવું.’ સિનીએ ભારત વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યુ- ‘ભારત એક એવો દેશ છે જ્યાં આધુનિકીકરણ અને પરંપરાનો સમન્વય જોવા મળે છે. આ વખતે સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકો માટે ઉત્તમ તક હશે. તેઓને ખરેખર આવી સંસ્કૃતિ અને પરંપરાઓને જોવાનો અને અનુભવવાનો મોકો મળશે.’ સોશિયલ મીડિયાના આ યુગમાં યુવાનોને અનેક પડકારોનો સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં સિનીએ કહ્યું કે ‘આત્મવિશ્વાસ ખૂબ જ જરૂરી છે. તેમણે કહ્યું કે આત્મવિશ્વાસ એવી વસ્તુ છે જે ત્યારે જ આવે છે જ્યારે તમે અરીસામાં જુઓ અને તમારી જાત સાથે વાત કરો. તમે તમારી જાતને કહો છો કે તમે જે રીતે છો તે જ રીતે તમે સંપૂર્ણ છો.’

**28 વર્ષ બાદ ભારતમાં ફિનાલેનું આયોજન, 9 માર્ચે મુંબઈમાં ફંક્શન યોજાશે , ફિલ્મ મેકર કરન જોહર હોસ્ટ કરશે**



## પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાના લગ્નનું કાર્ડ લીક, આ દિવસે લેશે સાતફેરા!

મુંબઈ | અભિનેતા પુલકિત સમ્રાટ અને અભિનેત્રી કૃતિ ખરબંદા લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યાં છે. હાલમાં પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાના લગ્નના સમાચાર આવ્યા હતા જોકે બંનેમાંથી કોઈની પ્રતિક્રિયા આવી નથી. હવે પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાના લગ્નનું કાર્ડ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. ત્યાર બાદ ફેન્સને ખબર પડી કે પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદા લગ્નની તૈયારીઓમાં વ્યસ્ત છે. આ સાથે જ રિપોર્ટમાં પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાના લગ્નની તારીખ પણ સામે આવી છે. જાણો પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદા ક્યારે સાત ફેરા લેવાના છે.પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદા વચ્ચેના સંબંધો કોઈનાથી છુપાયેલા નથી. બંને લાંબા સમયથી રિલેશનશિપમાં છે. જાન્યુઆરીમાં પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી જેમાં બંને વીંટી પહેરેલા જોવા મળ્યા હતા ત્યારબાદ તેમની સગાઈના સમાચાર સામે આવ્યા હતા. હવે પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાના લગ્નનું કાર્ડ સોશિયલ મીડિયા પર સામે આવ્યું છે. આ કાર્ડમાં તમે સમુદ્રની સામે એક યુગલ સંગીતનો આનંદ લેતા જોઈ શકો છો. આ કાર્ડ પર લખવામાં આવ્યું છે કે, ‘પુલકિત અને કૃતિના પ્રેમને સેલિબ્રેટ કરવા માટે હવે વધુ રાહ જોઈ શકાતી નથી.’ તે જ સમયે, એક રિપોર્ટમાં કહેવામાં આવી રહ્યું છે કે પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદા 13 માર્ચે સાત ફેરા લઈ શકે છે. જો કે, કપલ દ્વારા હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી.




# રોહિતે કહ્યું- અશ્વિન રેર ટેલેન્ટ, જેટલા વખાણ કરીએ તેટલા ઓછા

નવી દિલ્હી | તા.07


ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ધર્મશાલામાં ઈંગ્લેન્ડ સામે પોતાની 100મી ટેસ્ટ રમવાની તૈયારી કરી રહેલા ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિનને એક રેર ટેલેન્ટ ગણાવ્યો છે. તેણે બુધવારે કહ્યું હતું કે આ ઓફ સ્પિનરની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. ભારતે 5 મેચની શ્રેણીમાં અજેય લીડ મેળવી લીધી છે. આવી સ્થિતિમાં, ગુરુવારથી શરૂ થઈ રહેલી આ મેચના પરિણામની શ્રેણીના પરિણામ પર કોઈ અસર નહીં થાય, પરંતુ આ મેચ પોતાની 100મી ટેસ્ટ રમી રહેલા રવિચંદ્રન અશ્વિન માટે ખાસ રહેશે અને ઈંગ્લિશ બેટર જોની બેયરસ્ટો માટે પણ. રોહિતે કહ્યું- ’100 ટેસ્ટ મેચ રમવી એ કોઈપણ ખેલાડી માટે મોટી ઉપલબ્ધિ છે. તે અમારા માટે મેચ વિનર રહ્યો છે. તેમણે આપણા માટે જે કર્યું છે તે બધું ધ્યાનમાં લેતા, તેમની પ્રશંસા કરવા માટે કોઈ પણ પ્રશંસા પૂરતી નથી. છેલ્લા પાંચ-સાત વર્ષમાં તેનું પ્રદર્શન જુઓ. તેણે દરેક શ્રેણીમાં યોગદાન આપ્યું છે. તેના જેવા ખેલાડીઓ ભાગ્યે જ જોવા મળે છે. ડકેટના નિવેદન પર કહ્યું- તેણે પંતને જોયો નથી ભારતીય કેપ્ટને ઈંગ્લિશ ઓપનર બેન ડકેટના નિવેદન પર ઝાટકણી કાઢી હતી. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું યશસ્વી જયસ્વાલ બેન ડકેટ પાસેથી શીખ્યો રહ્યો છે? આના પર ભારતીય કેપ્ટન હસ્યો અને કહ્યું કે અમારી ટીમમાં રિષભ પંત નામનો ખેલાડી હતો. ડકેટે કદાચ પંતને રમતા જોયો નથી. થોડા દિવસો પહેલાં ડકેટે જયસ્વાલ પર કટાક્ષ કર્યો હતો અને કહ્યું હતું કે ભારતીય બેટર્સની ઝડપી બેટિંગનો શ્રેય ઈંગ્લિશ ટીમને આપવો જોઈએ. તમને જણાવી દઈએ કે ભારતીય ટીમ ઈંગ્લેન્ડની બાઝબોલ સ્ટ્રેટેજી પર વર્ચસ્વ ધરાવતી જોવા મળી રહી છે. પાટીદારને સમર્થન આપ્યું હતું. રજત રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. આ શ્રેણીમાં પદાર્પણ કરનાર અન્ય ભારતીય ખેલાડીઓ જેટલો સારો દેખાવ પાટીદાર કરી શક્યા નથી. રોહિતે કહ્યું- ’પાટીદાર એક સક્ષમ ખેલાડી છે. તે મને ગમે છે. હું તેને પ્રતિભાશાળી ખેલાડી તરીકે જોઉં છું. આપણે તેને થોડો વધુ સમય આપવો પડશે. ધર્મશાલાની પિચ સારી છે રોહિતે આશા વ્યક્ત કરી હતી કે ધર્મશાલાની પિચ સારી હશે. તેણે કહ્યું- ’તે સામાન્ય ભારતીય પિચ જેવી લાગે છે. જ્યારે તાપમાનમાં ઘટાડો થાય ત્યારે આ થોડો સ્વિંગ મળી શકે છે, પરંતુ એકંદરે તે સારી વસ્તુ જેવું લાગે છે. ઘરેલું ક્રિકેટ રમવું દરેક માટે જરૂરી છે ડોમેસ્ટિક ક્રિકેટ રમી રહેલા યુવાનો પર ભારતીય કેપ્ટને કહ્યું કે ખેલાડીઓને ડોમેસ્ટિક ક્રિકેટ રમવાની જરૂર છે. જ્યાં સુધી મેડિકલ ટીમ તમને પ્રમાણપત્ર ન આપે. આ મહત્વપૂર્ણ છે અને દરેક માટે છે. મેં મુંબઈ અને તમિલનાડુ વચ્ચેની મેચ જોઈ છે.

## અશ્વિને તેની 100મી ટેસ્ટ મેચ સાથે ઈતિહાસ રચ્યો




ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ધર્મશાળમાં શરુ થઈ રહેલી 100મી ટેસ્ટ મેચ અશ્વિનના ટેસ્ટ કરિયરની 100મી ટેસ્ટ મેચ છે. આ ઉપલબ્ધિ મેળવનાર ભારતનો 14મો ખેલાડી છે. અશ્વિને પોતાના 99 ટેસ્ટમાં 507 વિકેટ લીધી છે. ધર્મશાળા ટેસ્ટમાં અશ્વિનની ટેસ્ટ સદી એટલે કે આજે 100મી ટેસ્ટ મેચ છે. આ સફળતા મેળવનાર અશ્વિન ભારતનો 14મો ખેલાડી છે. સાથે આ લિસ્ટમાં ભારત ત્રીજા સ્થાન પર છે. જેના સૌથી વધુ ખેલાડીઓએ 100 ટેસ્ટ મેચ રમી છે. ઈંગ્લેન્ડ 17 અને ઓસ્ટ્રેલિયાના 100 ટેસ્ટ મેચ રમનાર ખેલાડીઓની સંખ્યા પંદર છે. જે ભારતથી આગળ છે. 100મી ટેસ્ટ મેચ રમતા જ અશ્વિને ઈતિહાસ રચી દીધો છે. ભલે તે 100મી ટેસ્ટ મેચ રમનારો 14મો ખેલાડી બન્યો પરંતુ એક રેકોર્ડ પણકર્યો છે.100 ટેસ્ટ રમનારો ભારતનો સૌથી મોટી ઉંમરનો ખેલાડી બની ગયો છે.આર અશ્વિને 37 વર્ષ 172 દિવસ, સૌરવ ગાંગુલી 35 વર્ષ 171 દિવસ, સુનીલ ગાવસ્કર 35 વર્ષ 99 વર્ષ, અનિલ કુંબલે 35 વર્ષ 62 દિવસ અને ચેતેશ્વર પુજારા 35 વર્ષ 23 દિવસ છે. જ્યાં સુધી 100મી ટેસ્ટ પહેલા અશ્વિનના પ્રદર્શનની વાત કરીએ તો તેમણે 99 મેચમાં 23.91ની સરેરાશથી 507 વિકેટ લીધી છે. જેમાં 35 વખત 5 થી વધુ વિકેટ લેવાનું કામ કર્યું છે. તે મુથૈયા મુરલીધરન બાદ માત્ર બીજો એવો બોલર છે જેના નામે પોતાના 100મી ટેસ્ટ મેચ રમતા પહેલા 500થી વધુ વિકેટ લીધી હોય.અશ્વિનની 100મી ટેસ્ટ દરમિયાન તેમની પત્ની પ્રીતિ અને બંન્ને દિકરીઓ પણ સ્ટેડિયમમાં હાજર રહી હતી. અશ્વિનની 100મી ટેસ્ટ કેપ ખાસ રીતે પેક કરી રાખવામાં આવી હતી. આ દરમિયાન પત્ની ભાવુક થઈ હતી.અશ્વિનનું ટેસ્ટ ડેબ્યુ વર્ષ 2011માં થયું હતુ. વેસ્ટ ઈન્ડિઝ વિરૂદ્ધ નવેમ્બરના પહેલા વીકમાં ટેસ્ટ મેચમાં અશ્વિને ડેબ્યુ કેપ સચિન તેંડુલકરે આપી હતી. ડેબ્યુ પર કુલ 9 વિકેટ લઈ પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયો હતો.

# દેવદત્ત પડિકલે ટેસ્ટમાં ડેબ્યુ કરતાની સાથે જ એક રેકોર્ડ બન્યો



નવી દિલ્હી | તા.07

ભારત અને ઈંગ્લેન્ડની 5મી ટેસ્ટ માટે ધર્મશાળાના મેદાન પર છે. આ પહેલા 4 ટેસ્ટ માટે ધર્મશાળાના મેદાન પર છે. આ પહેલા રમાયેલી 4 ટેસ્ટમાં 3-1થી ભારત આગળ છે. એટલે કે, સીરિઝ પર તેનો કબ્જો થઈ ચૂક્યો છે. દેવદત્ત પેડિકલનું ટેસ્ટ ડેબ્યુની રાહ ધર્મશાળા ટેસ્ટમાં પૂર્ણ થઈ છે. દેવદત્ત ભારત માટે ડેબ્યુ કરનાર 314મો ખેલાડી બની ગયો છે. તેમણે પ્લેઈંગ ઈલેવનમાં રજત પાટીદારના સ્થાને તક મળી છે. પેડિકલને અશ્વિનના હાથે ટેસ્ટ કેપ મળી છે. દેવદત્ત પડિક્કલ ડાબોડી બેટ્સમેન છે અને અત્યારે શાનદાર ફોર્મમાં છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં વાત કરવામાં આવે તો તેના નામે 3 સદી અને 1 અડધી સદી છે. તેના ફર્સ્ટ ક્લાસ કરિયર કુલ 31 મેચની રહી છે.જેમાં તેમણે 44.54ની સરેરાશથી 2227 રન બનાવ્યા છે. આ દરમિયાન પેડિક્કલે 6 સદી અને 12 અડધી સદી ફટકારી છે. ભારતના પ્લેઈંગ 11 ખેલાડીઓ જોઈએ તો. રોહિત શર્મા કેપ્ટન, યશસ્વી જ્યસ્વાલ, શુભમન ગિલ, સરફરાજ ખાન, દેવદત્ત પેડિકલ, રવિન્દ્ર જાડેજા, અશ્વિન,જસપ્રીત બુમરાહ, ધ્રુવ જુરેલ, મોહમ્મદ સિરાજ, કુલદીપ યાદવભારતીય ક્રિકેટના ઈતિહાસમાં આવું બીજી વખત જોવા મળ્યું છે. જ્યાં એક જ સીરિઝમાં 5 ખેલાડીઓએ ડેબ્યુ કર્યું હોય. આ પહેલા 2020-21ના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર જોવા મળ્યું હતુ. જ્યાં શુભમન ગિલ, મોહમ્મદ સિરાજ, ટી નટરાજન, વોશિગ્ટન સુંદર જેવા ખેલાડીઓએ ડેબ્યુ કર્યું હતુ. આ સીરિઝમાં સીનિયર ખેલાડીઓ ઈજાગ્રસ્ત થતા યુવા ખેલાડીઓએ ટેસ્ટ ડેબ્યુ કર્યું હતુ.

# ચાર મેચમાં હાર બાદ ગુજરાતે આખરે મેળવી પહેલી જીત

બેંગ્લોર | તા.07



WPL 2024માં બુધવારે દિલ્હીમાં રમાયેલ આ સિઝનની 13મી મેચમાં ગુજરાત જાયન્ટસે રોયલ ચેલેન્જર્સ બેંગલોરને 19 રને હરાવ્યું હતું. ગુજરાતની આ સિઝનમાં પહેલી જીત છે. આ પહેલા રમાયેલ ચાર મુકાબલામાં ગુજરાતને હાર મળી હતી. ગુજરાતે આ જીત સાથે પોઈન્ટ ટેબલમાં પણ ખાતું ખોલાવ્યું હતું. દિલ્હીના અરુન જેટલી સ્ટેડિયમમાં ગુજરાત જાયન્ટસ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેમના મુકાબલામાં ગુજરાતે RCB ને 19 રને હરાવ્યું હતું. ગુજરાતે મુંબઈને જીતવા 200 રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેની સામે બેંગલોરની ટીમ 180 રન જ બનાવી શકી હતી. કેપ્ટન બેથ મૂનીના 85 અને લૌરા વોલ્વાર્ડના 76 રનની મદદથી ગુજરાતની ટીમે 20 ઓવરમાં 199 રન ફટકાર્યા હતા. જ્યારે બોલિંગમાં એશ્લે ગાર્ડનરે બે અને કેથરીન બ્રાઈસ-તનુજા કંવરે એક-એક વિકેટ ઝડપી હતી. RCBને જીતવા માટે 200 રનનો વિશાળ ટાર્ગેટ મળ્યો હતો, જેની સામે તેમની ટીમ 20 ઓવરમાં 180 રન જ કરી શકી હતી. RCB તરફથી જ્યોર્જિયા વેરહામે સૌથી વધુ 48 રન બનાવ્યા હતા.

# આઈપીએલમાં વિરાટ કોહલીના 5 રેકોર્ડ

નવી દિલ્હી | તા.07



IPL 2024 22 માર્ચથી શરૂ થવા જઈ રહી છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) સ્ટાર વિરાટ કોહલીને મેદાનમાં જોવા માટે ચાહકો ઉત્સુક છે. આવો, અમે તમને કોહલીના પાંચ અદ્ભુત IPL રેકોર્ડ વિશે જણાવીએ. IPL 2024 22 માર્ચથી શરૂ થશે. 17મી સિઝનની પ્રથમ મેચમાં CSK અને RCB ટકરાશે. RCB સ્ટાર વિરાટ કોહલીને મેદાન પર જોવા માટે ચાહકો ઉત્સુક છે... કોહલી IPLમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. તેણે 237 મેચમાં 37.25ની એવરેજ અને 130.02ની સ્ટ્રાઈક રેટથી 7264 રન બનાવ્યા છે. તેના સિવાય કોઈ ખેલાડી સાત હજારનો આંકડો પાર કરી શક્યો નથી. આઈપીએલની શરૂઆત વર્ષ 2028માં થઈ હતી. ત્યારથી કોહલી આરસીબીનો ભાગ છે. આટલા લાંબા સમય સુધી IPLમાં સિંગલ ફ્રેન્ચાઈઝી માટે રમનાર તે એકમાત્ર ખેલાડી છે. કોહલી એવો ખેલાડી છે જેણે IPLની એક સિઝનમાં સૌથી વધુ રન બનાવ્યા છે. 2016માં તેણે 16 મેચમાં 973 રન બનાવ્યા હતા, જેમાં ચાર સદી અને સાત અડધી સદી સામેલ હતી. ત્યારે તેની સુધીમાં કુલ 7 સદી ફટકારી છે. તેના પછી, 'યુનિવર્સ બોસ' ક્રિસ ગેલ (6) બીજા સ્થાને છે, જે હવે IPL નથી રમે.

# ત્રીજા અમ્પાયરે નિર્ણય પલટી નાખ્યો, ગુસ્સે ભરાયેલા ખેલાડીઓએ મેદાનમાં અમ્પાયરને ઘેરી લીધો

કોલંબો | તા.07



ગયા મહિને જ અફઘાનિસ્તાન સામેની ત્રીજી T20 મેચની છેલ્લી ઓવરમાં અમ્પાયરે નો-બોલને લઈને ખોટો નિર્ણય આપ્યો, જેના કારણે શ્રીલંકન ટીમના હાથમાંથી જીતની તક સરકી ગઈ હતી. હવે ફરી એકવાર આવું જ કઈંક બન્યું છે. જોકે આ વખતે શ્રીલંકાની સામે બાંગ્લાદેશની ટીમ હતી. આ મેચમાં અમ્પાયરના નિર્ણય બાદ ફરી શ્રીલંકન ખેલાડીઓએ મેદાન પર નિરાશા વ્યક્ત કરી હતી. આ દિવસોમાં શ્રીલંકન ક્રિકેટ ટીમ અને અમ્પાયરો વચ્ચે 36નો આંકડો દેખાઈ રહ્યો છે. કોચ ક્રિસ સિલ્વરવુડની ટીમ 15 દિવસમાં બીજી વખત ખરાબ અમ્પાયરિંગનો શિકાર બની છે, જેણે તેમની પાસેથી જીતની તક ફરી છીનવી લીધી છે. થોડા દિવસો પહેલા જ અફઘાનિસ્તાન સામેની T20 મેચમાં નો-બોલને લઈને હંગામો થયો હતો. હવે બાંગ્લાદેશ સામેની બીજી T20 મેચમાં થર્ડ અમ્પાયરના ચોંકાવનારા નિર્ણયે તેમની પાસેથી જીતની તક છીનવી લીધી.

**બાંગ્લાદેશ-શ્રીલંકા વચ્ચે T20 મેચ :** બાંગ્લાદેશના સિલ્હટમાં 6 માર્ચે બુધવારે રમાયેલી આ મેચમાં શ્રીલંકાએ પ્રથમ બેટિંગ કરી હતી. હંમેશાની જેમ બાંગ્લાદેશની ધીમી અને સ્પિનર-ફ્રેંડલી પિચ પર બેટ્સમેનો પરેશાન દેખાતા હતા. શ્રીલંકાની ટીમ 5 વિકેટ ગુમાવીને 165 રન જ બનાવી શકી હતી. તેમના માટે કામિન્દુ મેન્ડિસ (37), કુસલ મેન્ડિસ (36) અને એન્જેલો મેથ્યુઝે (32) સૌથી વધુ રન બનાવ્યા હતા. સ્કોર મોટો ન હતો, તેથી શ્રીલંકાને શરૂઆતમાં સફળતાની જરૂર હતી અને તેમને ચોથી ઓવરમાં જ તેમને બાંગ્લાદેશની વિકેટ મળી.

**થર્ડ અમ્પાયરની મોટી ભૂલ :** ફાસ્ટ બોલર બિનુરા ફર્નાન્ડોના શોર્ટ બોલને સૌમ્યા સરકાર રમવા ગયો પરંતુ બેટ માર્યા બાદ બોલ વિકેટકીપરના હાથમાં ગયો. મેદાન પરના અમ્પાયર શરાફુદ્દૌલાએ આંગળી ઉંચી કરીને સૌમ્યા સરકારને આઉટ આપ્યો. બાંગ્લાદેશી ઓપનરે આના પર રિવ્યુ લીધો અને મામલો થર્ડ અમ્પાયર સુધી પહોંચ્યો. રિપ્લે દર્શાવે છે કે જ્યારે બોલ બેટની નજીક હતો, ત્યારે સ્નીકોમીટર પર સ્પાઈક એટલે કે હલનચલન જોવા મળ્યું હતું, જે દર્શાવે છે કે બોલ બેટ સાથે અથડાયો હતો. જોકે થર્ડ અમ્પાયર મસુદુર રહેમાનનો મત અલગ હતો.

# ખેલો ઈન્ડિયાના ચંદ્રક વિજેતાઓ માટે મોટી જાહેરાત, એથ્લેટ્સ સરકારી નોકરી માટે પણ લાયક

નવી દિલ્હી | તા.07



કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે બુધવારે ખેલો ઈન્ડિયા ગેમ્સના ખેલાડીઓને મોટી ભેટ આપી છે. તેણે પોતાના એક્સ (અગાઉનું ટ્વિટર) પર જાહેરાત કરી છે કે ખેલો ઈન્ડિયા એથ્લેટ્સ હવે સરકારી નોકરીઓ માટે લાયક બનશે. તમને જણાવી દઈએ કે વર્ષ 2018માં પહેલીવાર ખેલો ઈન્ડિયા ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે આજે બુધવારે ખેલો ઈન્ડિયા ગેમ્સના વિજેતા ખેલાડીઓ માટે મોટી જાહેરાત કરી છે. તેમણે પોતાના એક્સ (અગાઉનું ટ્વિટર) પર જાહેરાત કરી છે કે ખેલો ઈન્ડિયા એથ્લેટ્સ હવે સરકારી નોકરીઓ માટે પણ લાયક બનશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ 2018માં દેશમાં પહેલીવાર ખેલો ઈન્ડિયા ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પછી રમત ગમત મંત્રી અનુરાગ ઠાકુરે, રમતના માપદંડમાં મોટો ફેરફાર કર્યો છે.

# યશસ્વી જાયસ્વાલ પહેલીવાર ટોપ 10 રેન્કિંગમાં સામેલ

નવી દિલ્હી | તા.07




ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન યશસ્વી જાયસ્વાલને આઈસીસી ટેસ્ટ બેટ્સમેનોની રેન્કિંગમાં મોટો ફાયદો થયો છે. તેઓ પહેલીવાર ટોપ 10 બેટ્સમેનની રેન્કિંગમાં સામેલ થઈ ગયા છે. ત્યારે ઈંગ્લેન્ડ વિરુદ્ધ આખી સીરીઝથી બહાર રહેલા વિરાટ કોહલીને પણ લેટેસ્ટ રેન્કિંગમાં ફાયદો થયો છે, તેઓ એક રેન્કનું પ્રમોશન મેળવીને નંબર 8 પર પહોંચી ગયા છે. ત્યારે ઓસ્ટ્રેલિયન બેટ્સમેન માર્નસ લાબુશેન ટોપ 10થી બહાર થઈ ગયા છે.

2023માં ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યૂ કરનારા જાયસ્વાલ 727 રેન્કિંગ પોઈન્ટની સાથે બે રેન્કની છલાંગ લગાવીને 10માં રેન્ક પર પહોંચી ગયા છે. ઈંગ્લેન્ડ સામેની મેચમાં જબરદસ્ત ફોર્મમાં ચાલી રહેલા યશસ્વીએ પહેલા જ એક ટેસ્ટ સીરીઝમાં 600 અને તેનાથી વધુ રન બનાવનારા ભારતીય બેટ્સમેનોના એક વિશેષ ક્લબમાં સામેલ થઈને ઈતિહાસ રચી દીધો છે. તેઓ આ ઉપલબ્ધિ હાંસલ કરનારા એકમાત્ર ડાબા હાથના બેટ્સમેન છે. ઈંગ્લેન્ડ સામે રાજકોટમાં ત્રીજી ટેસ્ટમાં 131 રનોની શાનદાર ઈનિંગે રોહિત શર્માને 11માં રેન્ક પર પહોંચાડી દીધો છે. ભારતીય કેપ્ટન રેન્કિંગમાં બે રેન્ક ઉપર પહોંચી ગયા છે. સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી, જે ઈંગ્લેન્ડ વિરૂદ્ધ આખી પાંચ ટેસ્ટ મેચોની સીરીઝમાં નહોતા રમી શક્યા, તેઓ પણ આઠમાં રેન્ક પર પહોંચી ગયા છે. ટોપ 3 બેટ્સમેનોમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે.

# ઓલી પોપની વિકેટમાં ધ્રુવ જુરેલની મહત્વની ભૂમિકા, એવું કર્યુ કે ધોનીની યાદ અપાવી

ધર્મશાલા | તા.07

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ધર્મશાલામાં ટેસ્ટ સીરિઝની પાંચમી અને છેલ્લી મેચ રમાઈ રહી છે. આ મેચમાં ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. જેક ક્રોલી અને બેન ડકેટે ઈંગ્લેન્ડને સારી શરૂઆત અપાવી અને પ્રથમ વિકેટ માટે 64 રન જોડ્યા હતા. કુલદીપ યાદવે ભારતને બેન ડકેટના રૂપમાં પ્રથમ વિકેટ અપાવી હતી. પછી લંચ પહેલા કુલદીપે તેની બીજી વિકેટ લીધી અને ઓલી પોપને સ્ટમ્પ કરાવ્યો. પરંતુ પોપની આ વિકેટમાં કુલદીપ કરતાં વિકેટકીપર ધ્રુવ જુરેલની ભૂમિકા વધુ હતી. કુલદીપ યાદવે જે રીતે ઓલી પોપની વિકેટ લીધી અને જે રીતે જુરેલ દ્વારા સ્ટમ્પિંગ કરવામાં આવી હતી. તેણે ધોનીની યાદ અપાવી હતી. કુલદીપે પ્રથમ ઈનિંગમાં ભારતીય ટીમને પ્રથમ ત્રણ વિકેટ અપાવી હતી. ઈંગ્લેન્ડે 3 વિકેટ ગુમાવીને 145 રન બનાવી લીધા હતા.

## ધ્રુવ જુરેલે ધોની જેવું કામ કર્યું




કુલદીપ યાદવે એમએસ ધોનીના કાર્યકાળ દરમિયાન ડેબ્યુ કર્યું હતું. તે ઘણીવાર કહેતો હતો કે તેને સ્ટમ્પ પાછળથી માહી ભાઈનો સપોર્ટ મળે છે. જ્યારે ધોની નિવૃત્ત થયો ત્યારે અચાનક કુલદીપનો બોલિંગ ગ્રાફ નીચે આવી ગયો હતો. જો કે છેલ્લા એક-બે વર્ષમાં તેણે વાપસી કરી છે. ધ્રુવ જુરેલે ધોની જેવું કામ કર્યું અને વિકેટ બોલ પહેલા કુલદીપને કહ્યું, ’આગે બઢેગા...આગે બઢેગા...’

## ધોની, ક્રિકેટ ફેન્સે કરી સાઉથના આ એક્ટર સાથે તુલના



ચેન્નઈ સુપર કિંગ્સના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024 પહેલા મંગળવારે ચેન્નઈ પહોંચ્યા. ચેન્નઈ સુપર કિંગ્સે સોશિયલ મીડિયા પર કારથી બહાર નીકળતા ધોનીની એક તસવીર પોસ્ટ કરી, તેને કેપ્શન આપ્યુ ‘★THA7A ધરિસનમ (★THA7A Dharisanam! ). ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)એ એક વીડિયો પણ શેર કર્યો. જેમાં ચેન્નઈ સુપર કિંગ્સના ચાહકોની તેમને લઈને દીવાનગીની હદ શું છે, તે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

# શુભમન ગિલે પકડ્યો અસભંવ કેચ, રવિ શાસ્ત્રીએ કર્યા વખાણ

ધર્મશાલા | તા.07




ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 મેચની ટેસ્ટ સીરિઝની છેલ્લી મેચ ધર્મશાલામાં રમાઈ રહી છે. આ મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય ટીમને પ્રથમ વિકેટ માટે 18 ઓવરની રાહ જોવી પડી હતી. પ્રથમ દિવસે એક કલાક સુધી ઈંગ્લેન્ડની એક પણ વિકેટ પડી ન ભારતને પ્રથમ સફળતા કુલદીપ યોગદાન શુભમન ગિલનું હતું. કારણ કે તેણે એક અસભંવ કેચ ખૂબ જ સહેલાઈથી પકડ્યો હતો. ઈંગ્લેન્ડના ઓપનર બેન ડકેટે 18મી ઓવરના છેલ્લા બોલ પર કવરની ઉપરથી શોટ રમવાનો પ્રયાસ કર્યો. જો કે કુલદીપનો બોલ બેટ પર સારી રીતે આવ્યો નહીં અને હવામાં ઉછળી ગયો. શુભમન ગિલ ડકેટની ખૂબ જ નજીક કવર પર ફિલ્ડીંગ કરી રહ્યો હતો. તેણે જોયું કે બોલ હવામાં હતો, તે પાછો વળ્યો અને લગભગ 25 ફૂટ દોડ્યો અને કેચ પકડવામાં સફળ થયો હતો. શુભમન ગિલના આ શાનદાર કેચને કારણે ભારતને પ્રથમ સફળતા મળી અને બેન ડકેટ 58 બોલમાં 27 રનની ઈનિંગ રમીને પેવેલિયન પરત સંપૂર્ણપણે ઈંગ્લેન્ડની તરફેણમાં જતી દેખાઈ રહી હતી, પરંતુ લંચ પહેલા કુલદીપ યાદવે ઈંગ્લેન્ડને વધુ એક ઝટકો આપ્યો હતો. આ રીતે, ઈંગ્લેન્ડે ચોક્કસપણે 100 રન બનાવ્યા, પરંતુ પ્રથમ સેશનની 25.3 ઓવરમાં 2 વિકેટ પણ ગુમાવી દીધી હતી.

# યુરોપમાં 'પેરોટ ફીવર' નામનો જીવલેણ રોગ ફેલાયો; 5 લોકોનાં મોત, 4 દેશોમાં 81 કેસ નોંધાયા



યુરોપના ઘણા દેશોમાં એક જીવલેણ રોગ ફેલાઈ રહ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ આ રોગને પેરોટ ફીવર નામ આપ્યું છે. WHOનું કહેવું છે કે આ ખૂબ જ ખતરનાક છે. જેના કારણે અત્યાર સુધીમાં 5 લોકોના મોત થયા છે. યુએસ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન અનુસાર, પેરોટ ફીવર પક્ષીઓમાં જોવા મળતા બેક્ટેરિયાના કારણે ફેલાય છે. જો આ બેક્ટેરિયાથી સંક્રમિત પક્ષી માણસને કરડે તો તેમને પણ ચેપ લાગે છે.અમેરિકન મીડિયા CNNએ પોતાના રિપોર્ટમાં WHOને ટાંકીને લખ્યું- પેરોટ ફીવરને સિટાકોસિસ તરીકે પણ ઓળખવામાં આવે છે. યુરોપિયન દેશોમાં રહેતા લોકો પર તેની ખરાબ અસર પડી છે. વર્ષ 2023ની શરૂઆતમાં પણ લોકો આ રોગથી સંક્રમિત હતા, પરંતુ હવે લોકો તેના કારણે જીવ ગુમાવવા લાગ્યા છે.

## ન્યૂઝ ટ્રેક

### બસની રાહ જોઈને ઉભેલા વિદ્યાર્થીઓ પર અંધાધૂધ ફાયરિંગ

વોશિંગ્ટન | અમેરિકામાં વ્યાપક બનેલુ ગન કલ્ચર દેશના નાગરિકોને ભારે પડી રહ્યુ છે. દેશમાં છાશવારે જાહેરમાં બનતી અંધાધૂધ ગોળીબારની ઘટનાઓમાં વધુ એક બનાવનો ઉમેરો થયો છે. ફિલાડેલ્ફિયા શહેરમાં બસની રાહ જોઈને બસ સ્ટોપ પર ઉભેલા ફિલાડેલ્ફિયા હાઈ સ્કૂલના વિદ્યાર્થીઓ પર ફાયરિંગ થયુ છે અને તેમાં આઠ વિદ્યાર્થીઓને ઈજા થઈ વિદ્યાર્થીઓ બસની રાહ જોઈ રહ્યા હતા ત્યારે એક ગાડી નજીક આવીને ઉભી રહી હતી. તેમાંથી નીકળેલા અજાણ્યા વ્યક્તિઓએ અંધાધૂધ ફાયરિંગ કર્યુ હતુ. જેના પગલે ભાગદોડ મચી ગઈ હતી. માસ શૂટિંગની ઘટનામાં આઠ વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે અને તેમાં 16 વર્ષના કિશોરની હાલત ગંભીર છે.

### પાકિસ્તાનના પંજાબમાં પહેલીવાર મહિલા CM, શીખને મંત્રી બનાવાયાની પ્રથમ ઘટના

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં સતત બે એવી ઘટના જોવા મળી છે જે અગાઉ ક્યારેય થઈ નથી. સૌથી પહેલા પંજાબને મરિયમ નવાઝના રૂપમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી મળ્યા. હવે પંજાબના ઈતિહાસમાં પહેલી વખત કોઈ શિખને પણ મંત્રી બનાવવામાં આવ્યા છે. નારોવાલથી ધારાસભ્ય 48 વર્ષીય રમેશ સિંહ અરોરા બુધવારે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં મંત્રી પદના શપથ લેનાર લઘુમતી શિખ સમુદાયથી પહેલા વ્યક્તિ બન્યા.રમેશ સિંહ અરોરા નારોવાલથી પ્રાંતીય એસેમ્બલીના ત્રણ વખતના સભ્ય છે. તેમણે પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફના પુત્રી અને મુખ્યમંત્રી મરિયમ નવાઝ શરીફના નેતૃત્વવાળી તાજેતરમાં જ ચૂંટાયેલ પાકિસ્તાન મુસ્લિમ લીગ સરકારના મંત્રીમંડળમાં મંત્રી તરીકે શપથ લીધા.

### પૂર્વ વડાપ્રધાનને આપેલી ફાંસી 45 વર્ષ બાદ સુપ્રીમકોર્ટે ગેરબંધારણીય ગણાવી

ઈસ્લાબાદ | પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટોને 1979માં હત્યા સંબંધિત કેસમાં ફાંસી અપાઇ હતી. પરંતુ હવે 45 વર્ષ બાદ પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે તેમની ફાંસી અંગે મોટી ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે 1979માં પૂર્વ વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટો વિરૂદ્ધ હાથ ધરવામાં આવેલા કેસની સુનાવણી બંધારણ અનુસાર ન હતી. પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશ કાઝી ફૈઝ ઈસાની આગેવાની હેઠળની નવ ન્યાયાધીશોની બેન્ચે પૂર્વ રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ દાખલ કરેલા પાકિસ્તાની બંધારણની કલમ 189 હેઠળ પૂર્વ વડાપ્રધાન ભુટ્ટોને આપવામાં આવેલી ફાંસીની સજા પર સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય માંગ્યો હતો. ઝરદારીએ અરજીમાં કહ્યું હતું કે 1979ના આ નિર્ણય પર પુનર્વિચાર થવો જોઈએ.

## અરબી સમુદ્રમાં લાઈબેરિયન જહાજ પર મિસાઈલ ઝીંકવામાં આવી, 3 ક્રૂ મેમ્બરે જીવ ગુમાવ્યા

# પેલેસ્ટાઈન સમર્થક હુતીઓના હુમલામાં પહેલીવાર મોત







યમન | તા.07

અરબી સમુદ્રમાં હુતી વિદ્રોહીઓના સતત હુમલામાં પહેલીવાર એક જહાજના ત્રણ ક્રૂ મેમ્બરના મોત થયા છે. અમેરિકન મીડિયા સીએનએન અનુસાર, યમનના હુતી વિદ્રોહીઓએ 6 માર્ચે એડનની ખાડીમાં એક જહાજ પર હુમલો કર્યો હતો. 'ટ્રુ કોન્ફિડન્સ' નામના જહાજ પરનો હુમલો હુતી વિદ્રોહીઓનો પહેલો હુમલો છે જેમાં લોકોએ જીવ ગુમાવ્યા છે. 4 ક્રૂ મેમ્બર પણ ઘાયલ થયા છે. સાચો આત્મવિશ્વાસ એ લાઈબેરિયન જહાજ છે. તેના પર બાર્બાડોસનો ધ્વજ લગાવવામાં આવ્યો હતો. હુમલા બાદ જહાજના એક ભાગમાં આગ લાગી હતી. લાલ સમુદ્રમાં હુતીઓના હુમલા પછી જહાજ ડૂબી ગયું 2 માર્ચે, લાલ સમુદ્રમાં સતત હુતી હુમલાઓ વચ્ચે પ્રથમ વખત એક જહાજ ડૂબી ગયું. સમાચાર એજન્સી એપીના જણાવ્યા અનુસાર, 18 ફેબ્રુઆરીના રોજ, હુતી વિદ્રોહીઓએ બાબ-અલ મંડબ સ્ટ્રેટમાં રૂબીમાર નામના જહાજ પર મિસાઈલથી હુમલો કર્યો હતો. આ પછી જહાજના ક્રૂ મેમ્બર્સને બ્રિટિશ સેનાએ બચાવી લીધા હતા. મીડિયા હાઉસ ઈન્ડિપેન્ડન્ટના રિપોર્ટ અનુસાર રૂબીમાર બ્રિટિશ જહાજ હતું. તેની સાથે બેલીઝનો ધ્વજ લાગેલો હતો. જ્યારે હુતીઓએ તેના પર હુમલો કર્યો ત્યારે તે યમનના મોખા બંદરથી લગભગ 27.78 કિમી દૂર હતું. છેલ્લા 12 દિવસથી તે ઉત્તર તરફ આગળ વધી રહ્યું હતું, પરંતુ લાલ સમુદ્રમાં તોફાન અને ખરાબ હવામાનને કારણે જહાજ ડૂબી ગયું.દર વર્ષે 12% થી 30% વૈશ્વિક વેપાર અને કન્ટેનર ટ્રાફિક લાલ સમુદ્રમાં સુએઝ કેનાલમાંથી પસાર થાય છે. હુતી વિદ્રોહીઓના હુમલાને કારણે યુરોપ અને એશિયા વચ્ચેના મુખ્ય માર્ગ પર આંતરરાષ્ટ્રીય વેપાર સમસ્યાઓનો સામનો કરી રહ્યો થયું હતું. તેનું મૂળ શિયા-સુન્ની વિવાદ છે. કાર્નેગી મિડલ ઈસ્ટ સેન્ટરના રિપોર્ટ અનુસાર, બંને સમુદાયો વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો, જે 2011માં અરબ ક્રાંતિની શરૂઆત સાથે ગૃહ યુદ્ધમાં ફેરવાઈ ગયું હતું. 2014માં શિયા બળવાખોરોએ સુન્ની સરકાર સામે મોરચો ખોલ્યો હતો. આ સરકારનું નેતૃત્વ રાષ્ટ્રપતિ અબ્દરબ્બુ મન્સૂર હાદીએ કર્યું હતું. હાદીએ ફેબ્રુઆરી 2012માં પૂર્વ રાષ્ટ્રપતિ અલી અબ્દુલ્લા સાલેહ પાસેથી સત્તા આંચકી લીધી હતી.આરબ દેશોમાં વર્ચસ્વની હોડમાં ઈરાન અને સાઉદી પણ આ ગૃહયુદ્ધમાં કૂદી પડ્યા. એક તરફ હુતી બળવાખોરોને શિયા પ્રભુત્વ ધરાવતા દેશ ઈરાનનું સમર્થન મળ્યું છે. તો સુન્ની બહુમતી ધરાવતા દેશ સાઉદી અરેબિયાની સરકાર. થોડા સમયની અંદર, હુતી તરીકે ઓળખાતા બળવાખોરોએ દેશના મોટા ભાગ પર કબજો કરી લીધો.

## USમાં રિપબ્લિકન પાર્ટીમાં ઉપરાષ્ટ્રપતિ પદ માટે ભારતીયોની મજબૂત દાવેદારી

ન્યૂયોર્ક | તા.07

અમેરિકામાં સુપર ટ્યૂઝડે બાદ રાષ્ટ્રપતિ પદ માટે રાષ્ટ્રપતિ બાઈડેન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સીધી સ્પર્ધા થવાની શક્યતા છે. દરમિયાન ટ્રમ્પના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારોને લઈને ચર્ચા છેડાઈ છે. રિપબ્લિકન પાર્ટી તરફથી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારોની સ્પર્ધામાં હવે ભારતવંશી ઉમેદવારોની દાવેદારી મજબૂત થઈ રહી છે. સાઉથ કેરોલિનાની પૂર્વ ગવર્નર નિક્કી હેલી, બિઝનેસમેન વિવેક રામાસ્વામી ઉપરાંત અમેરિકન હિન્દુ તુલસી ગેબાર્ડ રેસમાં આગળ છે.

તાજેતરમાં ટ્રમ્પને તેમના ઉપરાષ્ટ્રપતિ પદનાં છ નામ કોણ કોણ હોઈ શકે છે તેવો પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે ટ્રમ્પે રામાસ્વામી, તુલસી ગેબાર્ડ, રોન ડિસેન્ટિસ, ટિમ સ્કોટ, બાઈરોન ડોનાલ્ડ અને ક્રિટી નોએમનાં નામ આપ્યાં હતાં.નિક્કી હેલી, પૂર્વ ગવર્નર, સાઉથ કેરોલિના



નિક્કીએ ટ્રમ્પને વોશિંગ્ટન અને વેરમોન્ટ રાજ્યમાં હાર આપી હતી. હેલીની સૌથી મોટી તાકાત એ છે કે ફન્ડિંગ માટે તેમને કેટલાક મોટા કોર્પોરેટ અને બિઝનેસમેનનું સમર્થન છે. તેઓ ટ્રમ્પ પર અનેકવાર કઠોર ટિપ્પણી કરી ચૂક્યાં છે.

વિવેક રામાસ્વામી, ભારતવંશી બિઝનેસમેન

રાષ્ટ્રપતિની રેસમાં સામેલ રહેલા વિવેક રામાસ્વામીએ અગાઉ ટ્રમ્પને સમર્થન આપવાની જાહેરાત કરીને પોતાના અભિયાનને ખતમ કરવાની વાત કરી હતી. હવે તેઓ ટ્રમ્પના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બની શકે છે.

તુલસી ગેબાર્ડ- અમેરિકન હિન્દુ, પૂર્વ ગવર્નર

અમેરિકન હિન્દુ તુલસી ગેબાર્ડ રિપબ્લિકન પાર્ટીમાં આવતા પહેલાં ડેમોક્રેટિક પાર્ટીમાં હતાં. જ્યાં તેઓ 2020માં રાષ્ટ્રપતિના ઉમેદવારોમાં સામેલ હતાં. તેઓ ટ્રમ્પ માટે ફંડ રાઈઝિંગ કાર્યક્રમમાં સામેલ થશે. રોન ડિસેન્ટિસ

ટ્રમ્પ સમર્થક ડિસેન્ટિસ 2019થી ફ્લોરિડાના ગવર્નર રહ્યા છે. કોવિડ અને ઈયાન તેમજ તોફાનમાં તેમના રાહતકાર્યોથી લોકો ખૂબ જ પ્રભાવિત થયા હતા.

## ભારતીય નિક્કી ચૂંટણીના મેદાનમાંથી ખસી ગયાં: પહેલી વાર

વૉશિંગ્ટન | તા.07

અમેરિકામાં નવેમ્બરમાં યોજાનારી રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણીના મહાસંગ્રામનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. અમેરિકાના ઈતિહાસમાં વર્તમાન અને પૂર્વ રાષ્ટ્રપતિ વચ્ચે પહેલી વાર ચૂંટણીજંગ ખેલાશે. રિપબ્લિકન પાર્ટીમાંથી ટિકિટના દાવેદાર ભારતીય મૂળનાં નિક્કી હેલી બુધવારે ચૂંટણીના મેદાનમાંથી ખસી ગયાં છે. રિપબ્લિકન પાર્ટીમાં સૌથી આગળ ચાલી રહેલા પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઉમેદવારી હવે લગભગ નક્કી થઈ ગઈ છે.

ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, રિપબ્લિકન પાર્ટીના ડોનાલ્ડ ટ્રમ્પે 12 રાજ્યોમાં જીત મેળવીને ભારતીય મૂળની નિક્કી હેલીને હરાવી છે. ત્યાં જ, ડેમોક્રેટિક પાર્ટીથી બાઈડન 15 રાજ્યોમાં જીત્યા છે.બાઈડન રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ચૂંટાઈ શકે છે. કારણ કે હવે યોજાયેલી ચૂંટણીમાં તેમને ડેમોક્રેટ પાર્ટી તરફથી કોઈ પડકાર જોવા મળ્યો નથી. જોકે, બાઈડનના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને લઈને પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.આ દરમિયાન એવા સમાચાર આવ્યા હતા કે પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાની પત્ની મિશેલ ઓબામાને ડેમોક્રેટિક પાર્ટી તરફથી ઉમેદવાર બનાવવામાં આવી શકે છે. જોકે, તેમના કાર્યાલયે સ્પષ્ટ કર્યું છે કે તેઓ ચૂંટણી નહીં લડે.

## બ્રિટનમાં શરણ માગનારા ભારતીયોની સંખ્યા બેવડાઈ

લંડન | તા.07

બ્રિટનમાં શરણું માગનારા ભારતીયોની સંખ્યા બેગણી વધી છે. બ્રિટિશ સરકારના અહેવાલ પ્રમાણે 2023માં શરણ માગનારા ભારતીયોની સંખ્યા 5,253 થઈ હતી. 2022માં 2,612 ભારતીઓએ જ બ્રિટનમાં શરણ માગ્યું હતું. ઈંગ્લેશ ચેનલ પાર કરીને ડંકી રૂટથી પ્રવેશ કરનારા ભારતીયોની સંખ્યામાં પણ વર્ષમાં વધારો થયો છે.

2022માં 748 ભારતીયોએ ઈંગ્લીશ ચેનલ પાર કરી હતી જ્યારે 2023માં સંખ્યા 1192 થઈ ગઈ. નોંધનીય છે કે 2023માં અમેરિકામાં ગેરકાયદે રીતે પ્રવેશ કરનારા ભારતીયોની સંખ્યા પણ વિક્રમજનક રીતે 1 લાખને પાર થઈ છે.

ગેરકાયદે પ્રવેશનારા ભારતીયોમાં 60% યુવાનો


બ્રિટનમાં 2023માં ગેરકાયદે રીતે ઘૂસનારા 1,192 ભારતીયમાંથી 60% 18થી 29 વયજૂથના યુવાનો છે. એ ડાવર અને પ્લેમાઉથથી બ્રિટનમાં ઘૂસવાના પ્રયાસો કરે છે. સૌથી વધુ 5,545 અફઘાન લોકોએ ઘૂસણખોરી કરી. આ વર્ષે ફેબ્રુઆરી સુધીમાં અનેક દેશના લગભગ 2,000 લોકો બ્રિટનમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી ચૂક્યા છે. 2023માં બ્રિટનમાં શરણ માગનારા 5,253 ભારતીયમાંથી 140ની અરજી પર જ પ્રાથમિક તબક્કે વિચાર કરાયો હતો. બ્રિટનમાં શરણ માગનારાઓ માટે 5 વર્ષમાં ત્રણ વાર અરજી કરી શકાય છે.

## માલદીવ્સ ભારત સાથેનો હાઈડ્રોગ્રાફિક સર્વે કરાર રિન્યુ નહીં કરે

માલે | તા.07

માલદીવ્સના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુએ જાહેરાત કરી છે કે તેઓ ભારત સાથેના હાઈડ્રોગ્રાફિક સર્વે કરારને રિન્યૂ નહીં કરે. તેમણે કહ્યું- માલદીવ્સ પોતે આ સર્વે શરૂ કરવા માટે જરૂરી મશીનો અને ટેક્નોલોજી એકત્રિત કરશે.

આ સિવાય રાષ્ટ્રપતિ મુઈઝ્ઝુએ પણ જાહેરાત કરી કે તેઓ દેશના એક્સક્લૂસિવ ઈકોનોમિક ઝોન (EEZ) નું 24*7 મોનિટરિંગ શરૂ કરશે, જેથી દેશને સુરક્ષિત કરી શકાય. માલદીવે ચીન સાથે સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યાના બે દિવસ બાદ આ જાહેરાત કરી હતી. આ સિવાય રાષ્ટ્રપતિએ કહ્યું કે સમજૂતી હેઠળ માલદીવ્સને ચીન પાસેથી મફત સૈન્ય સામગ્રી (ઓછી જોખમી)



અને સૈન્ય તાલીમ મળશે. આ પહેલા સોમવારે માલદીવ્સે ચીન સાથે તેના પ્રથમ સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. કરાર બાદ રાષ્ટ્રપતિ મુઈઝ્ઝુએ દેશમાં હાજર ભારતીય નાગરિકોને લઈને નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે 10 મે પછી માલદીવ્સમાં સાદા કપડામાં પણ ભારતીય સૈનિક નહીં હોય.મુઈઝ્ઝુએ કહ્યું હતું - કેટલાક લોકો દેશમાં અફવા ફેલાવી રહ્યા છે કે ભારતીય સૈનિકો દેશ છોડીને નથી જઈ રહ્યા, તેઓ ટેક્નિકલ સ્ટાફના બહાને માત્ર પોતાનો યુનિફોર્મ બદલીને સાદા કપડામાં દેશ પરત ફરી રહ્યા છે. હું આ બાબતોને પૂરા વિશ્વાસ સાથે નકારું છું.

હાઈડ્રોગ્રાફિક સર્વે એગ્રીમેન્ટ શું છે?

ખરેખરમાં, ભારત અને માલદીવ્સ વચ્ચેના કરાર હેઠળ, ભારતીય સૈનિકો 10 મે સુધીમાં તેમના દેશ પરત ફરશે. આ સૈનિકોની જગ્યાએ ભારતનો ટેકનિકલ સ્ટાફ માલદીવ્સના રેસ્ક્યુ યુનિટનું સંચાલન કરશે. આ કરારનો પ્રથમ તબક્કો 10 માર્ચ સુધીમાં પૂર્ણ થશે. માલદીવ્સમાં લગભગ 88 ભારતીય સૈનિકો છે. તે બે હેલિકોપ્ટર અને એક એરક્રાફ્ટનું ઓપરેશન સંભાળે છે.આ પહેલા 15 ડિસેમ્બરે માલદીવ્સે ભારત સાથે હાઈડ્રોગ્રાફિક સર્વે એગ્રીમેન્ટ ખતમ કરવાની જાહેરાત કરી હતી. કરાર 7 જૂન, 2024 ના રોજ 2019માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.આ કરાર હેઠળ ભારતને માલદીવ્સ ટાપુઓના પાણી, ખડકો,દરિયાકિનારો, દરિયાઈ પ્રવાહો અને ભરતીનો અભ્યાસ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

## પાકિસ્તાન-ચીન તરફથી રામમંદિરની વેબસાઈટ હેક કરવાના પ્રયાસ: દાવો- પ્રાણપ્રતિષ્ઠા પહેલા ભારતીય એજન્સીએ 1244 IP એડ્રેસ બ્લોક કર્યા

બેઈજિંગ | તા.07

22 જાન્યુઆરીના રોજ અયોધ્યામાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા પહેલા પાકિસ્તાન અને ચીનના હેકર્સ ભારતીય વેબસાઈટ્સને નિશાન બનાવી રહ્યા હતા. ભારતીય મીડિયા ઈકોનોમિક ટાઈમ્સે પોતાના રિપોર્ટમાં આ દાવો કર્યો છે. રિપોર્ટ અનુસાર હેકર્સે રામ મંદિર, પ્રસાર ભારતી અને યુપી સરકાર સાથે જોડાયેલી ઘણી વેબસાઈટને હેક કરવાનો પ્રયાસ કર્યો હતો.

ભારતનું ટેલિકોમ ઓપરેશન સેન્ટર (TSOC) પ્રાણપ્રતિષ્ઠા પહેલા લગભગ 264 વેબસાઈટ પર નજર રાખતું હતું. જેમાં રામ મંદિર, પ્રસાર ભારતી, યુપી પોલીસ, એરપોર્ટ, યુપી ટુરીઝમ સહિતની ઘણી



વેબસાઈટ સામેલ હતી. આ સમયગાળા દરમિયાન, TSOC ને લગભગ 140 આઈપી એડ્રેસ મળ્યા હતા જે રામ મંદિર અને પ્રસાર ભારતીની વેબસાઈટને ટાર્ગેટ કરતા હતા. ચીન, પાકિસ્તાન, કંબોડિયાના આઈપી એડ્રેસ બ્લોક કરવામાં આવ્યા રિપોર્ટ અનુસાર 21 જાન્યુઆરીએ પાકિસ્તાન અને ચીન તરફથી સાયબર ક્રાઈમના પ્રયાસો તેજ થઈ ગયા હતા. આ સમયગાળા દરમિયાન લગભગ 1244 આઈપી એડ્રેસ બ્લોક કરવામાં આવ્યા હતા. તેમાંથી 999 ચીનના હતા જ્યારે બાકીના પાકિસ્તાન, હોંગકોંગ અને કંબોડિયાના હતા. આ સિવાય કેટલાક આઈપી એડ્રેસ ભારતના જ હતા, જેની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર, એક ભારતીય અધિકારીએ કહ્યું કે આ સાયબર હુમલાઓને સ્વદેશી રીતે વિકસિત ટેક્નોલોજી દ્વારા કાઉન્ટર કરવામાં આવ્યા છે. અગાઉ, G20 સમિટ દરમિયાન પણ, આ તકનીકોનો ઉપયોગ ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુરક્ષિત કરવા માટે કરવામાં આવ્યો હતો. આમાં ભારતમાં બનેલી AI અને મશીન લર્નિંગ ટેક્નોલોજીની મદદ લેવામાં આવી હતી, જેથી સાયબર હુમલા પહેલા માહિતી મેળવી શકાય.રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા બાદ પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે તેની નિંદા કરી હતી. 22 જાન્યુઆરીએ એક નિવેદનમાં મંત્રાલયે કહ્યું હતું કે - આ મંદિર બાબરી મસ્જિદને તોડીને બનાવવામાં આવ્યું છે. તોડી પાડવામાં આવેલી મસ્જિદની જગ્યા પર બનેલું મંદિર આવનારા સમયમાં ભારતીય લોકશાહીના ચહેરા પર ડાઘ સમાન રહેશે. ભારતમાં વધી રહેલી 'હિંદુત્વ' વિચારધારા ધાર્મિક સંવાદિતા અને પ્રાદેશિક શાંતિ માટે મોટો જોખમ છે.

## પાકિસ્તાનમાં અદિયાલા જેલ પર હુમલાનુ કાવતરુ નિષ્ફળ, ઈમરાન ખાન આ જ જેલમાં બંધ છે

ઈસ્લામાબાદ | તા.07

પાકિસ્તાનની અદિયાલા જેલ પર હુમલો કરવા માટે રચાયેલા કારસાને પાકિસ્તાનની કાઉન્ટર ટેરરિઝમ ટીમ તેમજ રાવલપિંડી પોલીસે નિષ્ફળ બનાવ્યો હોવાનો દાવો થયો છે.

આ એ જ જેલ છે જ્યાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન તેમજ પાકિસ્તાન તહેરિક એ ઈન્સાફ પાર્ટીના સ્થાપક ઈમરાન ખાન બંધ છે. પાકિસ્તાનના એક અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે પોલીસે આ મામલામાં ત્રણ અફઘાન આતંકીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી હથિયારો તેમજ દારુગોળાનો મોટો જથ્થો મળી આવ્યો છે. હાલમાં તો આ ત્રણે આતંકીઓની અજાણ્યા સ્થળે પૂછપરછ કરવામાં આવી રહી છે. રાવલપિંડી પોલીસે કહ્યુ હતુ કે, અદિયાલા જેલ પર હુમલાના ષડયંત્રને નિષ્ફળ બનાવવામાં આવ્યુ છે. આતંકીઓ પાસેથી ઓટોમેટિક હથિયાર, હેન્ડ ગ્રેનેડ તેમજ જેલનો નકશો પણ મળી આવ્યો છે. આ કાવતરુ પકડાયા બાદ જેલમાં અને જેલની બહાર મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યુ છે. પોલીસના દાવા બાદ પાકિસ્તાનમાં ચર્ચા શરૂ થઈ છે કે, આ ત્રણ અફઘાન આતંકીઓ અદિયાલા જેલ પર હુમલો કરવા માટે કેમ આવ્યા હતા? તેમનો ઈરાદો જેલમાં ઈમરાનખાનની હત્યા કરવાનો હતો કે પછી કોઈને છોડાવવાનો હતો?

પાકિસ્તાનના પત્રકાર હામિદ મીરે પોલીસના દાવા પર સવાલ ઉઠાવતા કહ્યુ છે કે, ત્રણ લોકો અદિયાલા જેલ તોડી શકે તે વાતમાં દમ નથી. પોલીસે વધારે જાણકારી આપવાની જરૂર છે. બીજી તરફ ઈમરાન ખાનની પાર્ટીએ સરકારને નિશાન બનાવીને કહ્યુ છે કે, અન્ય દેશના આતંકીઓ બેરોકટોક રાવલપિંડી પહોંચી શકે છે...આ પર અને પંજાબ પોલીસની કાર્યક્ષમતા પર સવાલો ઉભા કર્યા છે. ઈમરાન ખાનને જેલમાંથી તરત મુકત કરવામાં આવે તેમજ તેમને ઉચ્ચ સ્તરની સુરક્ષા પૂરી પાડવામાં આવે.

## સફળતા પાછળ ન દોડો, તેનાથી મળેલો સંતોષ અસ્થાયી-ક્ષણિક છે

વોશિંગ્ટન | તા.07

ક્યારેય વિચાર્યું છે કે લોકો સફળતા હાંસલ કરવા માટે આટલા ઝનૂની કેમ હોય છે... હકીકતમાં લોકોમાં એવી માન્યતા છે કે સફળતા ખુશીઓ લઈને આવે છે. પરંતુ હકીકતમાં આ પ્રકારની ખુશી લાંબા સમય સુધી ટકતી નથી. યેલ યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાનના નિષ્ણાત સેમ્યુઅલ ટી. વિલ્કિનસને કહ્યું છે કે માનવી આ બાબત અંગે માહિતી મેળવવામાં સફળ નથી કે સ્થાયી ખુશી ખરેખર કઈ વસ્તુઓથી મળે છે. આ બૌદ્ધિક ભ્રમ છે કે કોઈ વસ્તુ અથવા તો સ્થિતિ સુધી પહોંચી ગયા બાદ સંતોષ મળશે. સંબંધો ગુમાવી દીધા બાદ મળેલી સફળતા પોકળ છે, બીજાની મદદ કરવાથી ખુશીનું સ્તર વધશે : એક્સપર્ટ ઝનૂન સારી બાબત નથી : આપણે વિચારીએ છીએ કે પ્રશંસા અને સફળતાથી માનવીને સંતોષ મળશે, ખુશી મળશે પરંતુ કેટલીક વખત આ પ્રકારની વિચારધારા ખોટી પુરવાર થાય છે. સારા અંદાજ મનોવૈજ્ઞાનિક થિયરી મુજબ આપણી શરૂઆતની ભાવનાત્મક પ્રક્રિયા કોઈ પણ હોય ખુશીનું સ્તર યથાવત્ રહે છે. આપણે સામાન્ય રીતે પોતાની મૂળ સ્થિતિ પર આવી જઈએ છીએ. ટૂંકમાં ખુશીની પાછળ સતત ભાગવાથી સાચી ખુશી મળતી નથી. દરેક સંબંધ મહત્ત્વપૂર્ણ નથી : હાર્વર્ડમાં મનોવિજ્ઞાની રહી ચૂકેલા આર્મેડ નિકોલી કહેતા હતા કે લોકો સોશિયલ મીડિયા રિલેશનને સામાન્ય સંબંધોની જેમ મહત્ત્વ આપે છે.પરંતુ આ સંબંધ જંક ફૂડની જેમ હોય છે. એટલે કે સ્વાદમાં સારા હોય છે પરંતુ ન્યુટ્રીશન વેલ્યૂ ઝીરો હોય છે. જેથી વ્યક્તિગત સંબંધોને મહત્ત્વ આપવામાં આવે તે જરૂરી છે. સંબંધો ગુમાવી દીધા બાદ જો કોઈ સફળતા હાંસલ થાય છે તો આ પ્રકારની સફળતા પોકળ હોય છે.



## 8 માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

# મહિલાઓને પજવતી સમસ્યાઓના સમાધાનનું સરનામું એટલે 'મહિલા હેલ્પ ડેસ્ક'

ગાંધીનગર સંવાદદાત વિજયવીર યાદવ

આત્મહત્યાનો પ્રયાસ, પારિવારિક ઝગડા, સંતાનો અને વાલીઓનો અણબનાવ સહિતની કોઈ પણ સમસ્યા લઈને જતી મહિલાઓ માટે સમાધાનનું સરનામુ સાબિત થઈ રહ્યા છે 'મહિલા હેલ્પ ડેસ્ક'. રાજ્ય સરકારના પીપલ ફ્રેન્ડલી પોલીસિંગના ઉદ્દેશ્યને સાર્થક કરવા અને ખાસ કરીને સમાજમાં મહિલાઓની સલામતીને સુનિશ્ચિત કરવા માટે 'મહિલા હેલ્પ ડેસ્ક'નો અભિગમ વિકસાવવામાં આવ્યો છે. આ અભિગમ અંતર્ગત અમદાવાદ શહેરના તમામ પોલીસ મથકો ખાતે અલાયદા 'મહિલા હેલ્પ ડેસ્ક' કાર્યરત કરવામાં આવ્યા છે. જ્યાં મહિલાઓના વ્યક્તિગત પ્રશ્નોથી માંડીને સામાજિક પ્રશ્નોનું સમાધાન મળે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.




### 'મહિલા હેલ્પ ડેસ્ક' પર ઉપલબ્ધ સેવાઓ

તમામ પોલીસ સ્ટેશનમાં મહિલાઓ માટે એક અલાયદું સંપર્ક કેન્દ્ર જ્યાં પીડિત મહિલાઓ પોતાની વાત/ફરિયાદ/રજૂઆત નિર્ભયતાથી અને વિના કોઈ સંકોચ, દબાણમુક્ત થઈને કરી શકે. મહિલા હેલ્પ ડેસ્કમાં પીડિત મહિલાઓને સમગ્ર પોલીસ પ્રક્રિયા અને કાયદાકીય અધિકારો અંગે માહિતી આપવામાં આવે છે. પોલીસ સિવાય અન્ય મહિલા સંબંધિત સહાય કેન્દ્રો જેમાં સખી વન સ્ટોપ સેન્ટર, મફત કાનૂની સેવા, નારી સંરક્ષણ ગૃહ વગેરે તથા બાલ વિકાસ કેન્દ્ર, મનોચિકિત્સક, ડોકટર વગેરે જેવી સેવાઓ અને જરૂરી માર્ગદર્શન આ સિવાય પીડિત મહિલાઓને ઉપયોગી થઈ શકે તેવી તમામ સરકારી/બિન સરકારી સહાય યોજનાઓ અંગે જાણકારી આપવામાં આવે છે. મહિલાઓને દૈનિક ધોરણે અનેક સમસ્યાઓ વેઠવી પડે છે. આવા સંજોગોમાં 'મહિલા હેલ્પ ડેસ્ક' નવજીવનનું નિમિત્ત બને છે. તાજેતરમાં હેલ્પ ડેસ્કના માધ્યમથી મહિલાઓના જીવન પરિવર્તનના કેટલાક કિસ્સા જાણીએ

**કિસ્સો - 1 :** શહેરના નિકોલ વિસ્તારમાં રહેતી એક યુવતી આત્મહત્યા કરવા માટે રિવરફ્રન્ટ પહોંચી હતી, જેને સમજાવટ બાદ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં આવેલા મહિલા હેલ્પ ડેસ્ક ખાતે લાવી તેની સમસ્યાઓ વિશે પરામર્શન કરી તેના વાલીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સમજાવટના અંતે યુવતી હસીખુશીથી પોતાના ઘરે પરત ફરી હતી. આમ, આ યુવતીને મોતના મુખમાં જતી અટકાવી હેલ્પ ડેસ્કની ટીમે તેને નવું જીવન આપ્યું.

**કિસ્સો - 2 :** દરિયાપુર વિસ્તારના આંબેડકર વાસમાં રહેતી એક પ્રૌઢ મહિલાએ દરિયાપુર પોલીસ મથકમાં આવેલા હેલ્પ ડેસ્ક પર પોતાની વ્યથા વર્ણવતા રજૂઆત કરી હતી કે, તેમના પતિને કેન્સરની બીમારી છે અને તેમની યુવાન પુત્રી કહ્યામાં નથી. અનેક વખત રોકવા છતાં તે કોઈ યુવાન સાથે મોબાઈલ ફોન પર વાત કરે છે અને ઘરની બહાર વધુ સમય વિતાવે છે જેના કારણે ઘરકામ સહિત સામાજિક અને વ્યાવહારિક કાર્યોનો સંપૂર્ણ ભાર પ્રૌઢા પર રહે છે. મહિલા હેલ્પ ડેસ્ક દ્વારા સમજાવટના સઘન પ્રયાસોથી આ યુવતી ઘરે જરૂરી મદદ કરવા માટે સહમત થઈ અને આજે પરિવારમાં શાંતિ સ્થપાઈ છે.

**કિસ્સો - 3 :** આંબાવાડી વિસ્તારમાં રહેતા એક અરજદાર મહિલાએ પાસપોર્ટ કઢાવી આપવાના નામે બે આરોપીઓ દ્વારા મહેનતથી કમાયેલા રૂપિયા ચાઉં કરી છેતરપિંડી કરી હોવાની રજૂઆત યુનિવર્સિટી પોલીસ મથકમાં આવેલા મહિલા હેલ્પ ડેસ્કમાં કરી હતી. જેના આધારે આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી. આ કિસ્સામાં મહિલાને ન્યાય અપાવવામાં હેલ્પ ડેસ્કની મહત્ત્વપૂર્ણ ભૂમિકા જોવા મળી છે.

## ન્યૂઝ કોર્નર

### ચૂંટણી દરમિયાન ખર્ચ નિયમન- નિયંત્રણ માટે એક્સ્પેન્ડીચર મોનીટરીંગ ટીમ બાજ નજર રાખશે

ગાંધીનગર સંવાદદાત વિજયવીર યાદવ :લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ના પડઘમ વાગી રહ્યા છે. વહીવટી તંત્ર ચૂંટણી પર્વે આગોત્તરી તૈયારી કરી સજ્જ થઇ રહ્યું છે.

સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઉમેદવારોના ખર્ચ પર બાઝ નજર રાખવા માટેનું કામ ચૂંટણી પંચ તરફથી એકાઉન્ટીંગ ટીમ, મદદનીશ ખર્ચે નિરીક્ષક અને વિડિયો વ્યુવીંગ ટીમ દ્વારા કરવામાં આવતું હોય છે. આ ટીમના નોડલ અધિકારી અને વિવિધ ટીમોમાં કામ કરનાર કર્મયોગીઓની તેમની ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ખર્ચની વિગતો માટે શું શું તકેદારી રાખવી તેની સાથે સાથે કેવી રીતે સર્વે ઉમેદવારના ખર્ચનો હિસાબ રાખવા જેવી સંલગ્ન બાબતોની વિસ્તૃત માહિતી આપવા માટે જિલ્લા પંચાયત, ગાંધીનગર ખાતે તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ઈન્ટરનેટ મીડિયા ઈન્ફ્લૂએન્સર ચૂંટણી પ્રચારના નવા સિતારા, રાજકીય પાર્ટી અને નેતાઓ કરી રહ્યા છે હાયર

નવી દિલ્હી : આંકડાઓ અનુસાર, ભારતમાં સરેરાશ દરેક નાગરિક અઠવાડિયામાં 17 કલાક સોશિયલ મીડિયા પર વિતાવે છે. સ્થિતિ એવી છે કે સોશિયલ મીડિયાના ઉપયોગના મામલે ભારતીયોએ ચીન અને અમેરિકાને પાછળ છોડી દીધા છે. ભારતમાં કુલ 56 કરોડ ઈન્ટરનેટ યુઝર છે. તેમાં યુવાનોની સંખ્યા સૌથી વધુ છે અને તે યુવાનોમાં મોટા ભાગના પ્રથમ વખત મતદાન કરનાર નાગરિકો છે. આથી હવે નેતાઓ પણ ચૂંટણીમાં પ્રચાર માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા છે. તમને Facebook અને Twitter પર પૂછવામાં આવે છે કે તમારા વિસ્તાર માટે શ્રેષ્ઠ ઉમેદવાર કોણ હોઈ શકે છે. વાસ્તવમાં, આ બધું કામ ઈન્ટરનેટ મીડિયા ઈન્ફ્લુએન્સર દ્વારા કરવામાં આવે છે, જેની હાલ ભારે માંગ છે. રાજકીય પક્ષોથી લઈને રાજકારણીઓ આ દિવસોમાં તેમને જ શોધી રહ્યા છે. તેમને પાર્ટીની બેઠકમાં બોલાવવામાં આવી રહ્યા છે. આ માટે નેતાઓ લાખો રૂપિયા ખર્ચવા તૈયાર છે. આથી જ પબ્લિક રિલેશન કંપનીઓ વર્તમાન સમયમાં ઈન્ટરનેટ મીડિયાનું જ્ઞાન ધરાવતા લોકોને પાર્ટ ટાઈમ નોકરી પર રાખે છે.

### 19 જાન્યુઆરીએ રિટાયર્ડ વાઈસ પ્રિન્સિપાલના હાથોને રાજકુમારના હાથોમાં ટ્રાન્સપ્લાન્ટ કર્યા

# ડૉક્ટરોએ કર્યો ચમત્કાર! યુવકને લગાવી દીધા મહિલાના બંને હાથ, સૌ કોઈ કરી રહ્યા છે વખાણ

નવી દિલ્હી | રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના સર ગંગારામ હોસ્પિટલમાં ડોક્ટરોના ચમત્કારથી એક વ્યક્તિને નવુ જીવન મળી ગયુ છે. ટ્રેન દુર્ઘટનામાં બંને હાથ ગુમાવનાર વ્યક્તિને ફરીથી બંને હાથ મળી ગયા છે. હાથ ટ્રાન્સપ્લાન્ટ થઈ જવા પર લગભગ છ અઠવાડિયા હોસ્પિટલમાં પસાર કર્યા બાદ વ્યક્તિને ગુરૂવારે હોસ્પિટલથી રજા મળી જશે.

દિલ્હીના નાંગલોઈના રહેવાસી રાજકુમાર વ્યવસાયે પેઈન્ટર છે. તેઓ પોતાની સાઈકલ પર પોતાના ઘરની પાસે રેલવે ટ્રેક પાર કરી રહ્યા હતા. આ દરમિયાન તે ટ્રેક પર પડી ગયા અને ટ્રેનની નીચે આવી ગયા. આ ઘટનામાં તેમના બંને હાથ જતા રહ્યા હતા. જે બાદ રાજ કુમાર પોતાની દરરોજની પ્રવૃતિઓ માટે બીજા પર નિર્ભર થઈ ગયા. પરિવારની પરિસ્થિતિ દરરોજ ખરાબ થતી ગઈ.ડોક્ટરના જણાવ્યાનુસાર એકમાત્ર વિકલ્પ હતો કે પ્રોસ્થેટિક્સનો ઉપયોગ કે હાથ ટ્રાન્સપ્લાન્ટ હતો. તેની પર પેઈન્ટર રાજકુમારે પ્રોસ્થેટિક્સનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધુ પરંતુ તેનો પ્રોસ્થેટિક ટ્રાયલ અસફળ રહી. જે બાદ તેમની પાસે ટ્રાન્સપ્લાન્ટ જ એકમાત્ર વિકલ્પ બચ્યો.



જોકે, તે સમયે ઉત્તર ભારતના કોઈ પણ હોસ્પિટલમાં હાથ ટ્રાન્સપ્લાન્ટ કરવાની પરવાનગી નહોતી. એક સીનિયર ડોક્ટરે કહ્યુ કે અમે લોકો હાથ ટ્રાન્સપ્લાન્ટ માટે કેન્ડિડેટની શોધ કરી રહ્યા હતા કે જાન્યુઆરીના ત્રીજા અઠવાડિયામાં રાજકુમાર માટે એક આશાની કિરણ જાગી. જ્યારે દિલ્હીના એક સ્કુલના રિટાયર્ડ વાઈસ પ્રિન્સિપાલના પરિવારના સભ્યોએ તેમના મૃત્યુ બાદ તેમનું અંગદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી.જે બાદ ડોક્ટરોએ સર્જરી કરીને 19 જાન્યુઆરીએ રિટાયર્ડ વાઈસ પ્રિન્સિપાલના હાથોને રાજકુમારના હાથોમાં ટ્રાન્સપ્લાન્ટ કર્યા. ડોક્ટરોના આ કરિશ્માથી પેઈન્ટર રાજકુમારને ફરીથી એક નવુ જીવન મળી ગયુ છે.

# મુખ્યમંત્રીએ પ્રદેશવાસીઓને આપી રાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છાઓ

દેહરાદૂન । ભારત વર્ષમાં અનાદિકાલથી મહિલાઓની શક્તિના સ્વરૂપમાં પૂજાની જાતિ છે, મહિલા સમાજના માર્ગદર્શકોની સાથે પણ પ્રેરણાનો સ્ત્રોત પણ છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના તક પર પ્રદેશવાસીઓ સાથે વિશેષરૂપે માતૃશકિત કોને શુભેચ્છા આપતાં મંત્રીએ કહ્યું કે મહિલા શક્તિ રાષ્ટ્ર શક્તિ છે. નારી મહિલાઓ કે શ્રેષ્ઠ ભવિષ્ય માટે નવા વર્તમાન સંવારને માટે રાજ્ય સરકાર દ્વારા કારગર પ્રયાસ કરી રહ્યા છીએ.



મુખ્યમંત્રીએ કહ્યું કે 8 માર્ચનો દિવસ દુનિયા પહેલા આબાદી નામનો પ્રતિનિધિ છે અમારી સરકાર માતૃશક્તિ કે ઉત્થાન કોશિષ છે. પીએમ શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં સરકાર દ્વારા મહિલાઓના કલ્યાણ માટે ઘણી યોજનાઓનું સંચાલન કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા જળ જીવન વિજ્ઞાન, બેટી બચાવો બેટાઓ, ઉજ્જવલા યોજના વાંચો અનેક યોજનાઓ ચલાવી રહ્યા છે. સમાન દિશામાં રાજ્ય સરકાર પણ મહિલાઓના હિતો અનેક યોજનાઓનું સંચાલન કરી રહી છે. તેમણે કહ્યું કે પ્રદેશની સરકારી નોકરીઓમાં મહિલાઓના 30 ટકા સભ્યોની સરકારને પદ આપવામાં આવ્યું છે, કારણ કે આ વિષયની સ્થિતિઓ આ રાજ્યમાં મહિલાઓની સમાન તકો પ્રાપ્ત કરી શકે છે. તેની સાથે જ પ્રદેશ સરકારના વડા પ્રધાન નારી સશક્તિકરણ યોજના, મુખ્ય , દીદી યોજના, મુખ્ય પ્રધાન આંચલ અમૃત યોજના, મુખ્ય સ્વરોજગાર યોજના, પ્રધાન અલ્પસંખ્યક મેધાવી યોજના, નંદા ગૌરવા માતૃવંદના યોજના અને મહિલા પાલન અભિયાન જેવી યોજનાઓ શરૂ કરે છે. મુખ્યમંત્રીએ કહ્યું કે પ્રદેશ સરકાર દ્વારા ઉત્તરાખંડમાં સમાન નાગરિક સંહિતા કોને જાહેર કરવા જનતા દ્વારા વદા પૂરી કરવામાં આવી છે. આ મહિલાઓના સંબંધથી કાયદા પણ છે. સમાન નાગરિક સંહિતા કોઈપણ જાતિ, ધર્મ-સમુદાય માટે ન હોકર બધા રાજ્યવાસીઓ માટે હિતો છે. આજે પ્રદેશના દુર્ગમ લોકો સુધી ગામ-ગામમાં મહિલાઓ સેલ્ફ હેલ્પ ગ્રુપ બનાવીને કુટીર ઉદ્યોગો માટે જોરિયે ગ્રામીણ અર્થતંત્રની ગતિ પ્રદાન કરી રહી છે.

### શાળા બહારના બાળકોની સર્વે કામગીરીમાં સહકાર આપવા બાબત કોઈપણ કારણોસર શિક્ષણથી વંચિત 6 થી 19 વર્ષની વય જૂથના બાળકોને ફરી શિક્ષણથી જોડવા નાગરિકોને સહાય કરવા અનુરોધ

ગાંધીનગર સંવાદદાત વિજયવીર યાદવ : રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ 2009 ની જોગવાઈ મુજબ 6 થી 19 વર્ષની વય જૂથના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર છે જે અંતર્ગત દર વર્ષે જુદા જુદા કારણોથી શાળા બહાર રહેલા એટલે કે શાળામાં ભણવા ન જતા 6 થી 19 વર્ષની વય જૂથના બાળકો જેઓ પોતાનું ધોરણ 1 થી 12 નું શિક્ષણ પૂર્ણ કરી શક્યા નથી, તેવા બાળકો અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો સહિતના તમામ બાળકોનો સર્વે પ્રક્રિયા તારીખ 16- એપ્રિલ 2024 થી 26 -એપ્રિલ 2024 સુધી હાથ ધરવામાં આવનાર છે.

### શાહજહાં શેખ કેસમાં બંગાળ સરકાર ફસાઈ: હાઈકોર્ટે EDને માનહાનિનો કેસ દાખલ કરવાની મંજૂરી આપી

નવી દિલ્હી | શાહજહાં શેખ અને સંદેશખાલીનો મુદ્દો હવે રાજકીયની સાથે કાયદાકીય રંગ પણ લઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળ સરકાર શાહજહાં શેખ અને સંદેશખાલીના મુદ્દે અટવાયેલી જોવા મળી રહી છે. કોલકાતા હાઈકોર્ટે EDને બંગાળ સરકાર વિરુદ્ધ તિરસ્કારની અરજી દાખલ કરવાની મંજૂરી આપી દીધી છે. હાઈકોર્ટના આદેશ છતાં પશ્ચિમ બંગાળ પોલીસે ટીએમસી નેતા શાહજહાં શેખને સીબીઆઈને સોંપવાનો ઈન્કાર કરી દીધો હતો. ED વતી ડેપ્યુટી સોલિસિટર જનરલ ધીરજ ત્રિવેદીએ હાઈકોર્ટ પાસે બંગાળ સરકાર સામે માનહાનિની અરજી દાખલ કરવા અને તેની ટૂંક સમયમાં સુનાવણી કરવાની પરવાનગી માંગી હતી, જેને હાઈકોર્ટની બેંચે મંજૂર કરી હતી. જસ્ટિસ હરીશ ટંડન અને હિરણમોય ભટ્ટાચાર્યની કોલકત્તા હાઈકોર્ટની ડીવિઝન બેંચે EDને બંગાળ સરકાર સામે અવમાનનાની અરજી દાખલ કરવાની મંજૂરી આપી હતી. આ પહેલા મંગળવારે હાઈકોર્ટે ઈડી ટીમ પર હુમલાની તપાસ સીબીઆઈને સોંપવા અને શાહજહાં શેખની કસ્ટડી સીબીઆઈને આપવાનો નિર્દેશ આપ્યો હતો.

### વડાપ્રધાન સંદેશખલીની પીડિત મહિલાઓને મળ્યા

# સંદેશખલીનું વાવાઝોડું બંગાળમાં ટીએમસીનો નાશ કરી નાખશે : મોદી

કોલકાતા | વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે પશ્ચિમ બંગાળમાં ૨૪ પરગણામાં આવેલાં બરસાતમાં એક જાહેરસભાને સંબોધન કર્યું હતું. આ બરસાતની પાસે જ સંદેશખલી ગામ આવેલું છે. આ પૂર્વે વડાપ્રધાને હાવરા મેદાન અને કોલકત્તા એસ્પ્લેનેડને જોડતા અંડર-વોટર મેટ્રો સેક્શનનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. સાથે જ બંગાળની ટીએમસી સરકાર અને મુખ્યમંત્રી મમતા બેનરજી પર આકરા પ્રહારો કર્યા હતા. જ્યારે સંદેશખલીની પીડિત મહિલાઓને પણ મળ્યા હતા. એક રેલીને સંબોધતાં કહ્યું હતું કે તૃણમૂલનાં શાસન નીચે પશ્ચિમ બંગાળમાં મહિલાઓ ઉપરના અત્યાચારો વધી રહ્યા છે. સંદેશખલીમાં જે કૈં થયું તે શરમજનક હતું. તેમ છતાં તૃણમૂલ નેતાઓ તે અત્યાચારો કરનારને બચાવવા પ્રયત્નો કરી રહ્યા છે. વડાપ્રધાને બરસાતમાં નારી શક્તિ વંદન અભિનંદન કાર્યક્રમના ભાગરૂપે આ રેલીમાં તૃણમૂલ ઉપર સખત ચાબખા



માર્યા હતા અને કહ્યું હતું કે તૃણમૂલ કોંગ્રેસ સરકાર તે ઘટના માટે જવાબદારોને છાવરવા પ્રયત્નો કરે છે. તેવો તે જ વ્યક્તિઓ છે કે જેમણે જમીનના મોટા ટુકડાઓ આંચકી લીધા છે. અને મહિલાઓ ઉપર અત્યાચારો પણ કર્યા છે. જ્યારે બિહારના ચંપારણમાં રેલીમાં વડાપ્રધાને પોતાનાં કુટુંમ્બ અંગે રાજદના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવની ઉગ્ર ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેઓ કહે છે કે મારે કુટુમ્બ જ નથી. માટે હું કુટુમ્બ જીવન વિષે શું સમજી શકું ? તો મારે તેઓને કહેવાનું કે અહીં આવો અને જુઓ કે અહીં બધી મારી બહેનો બેઠી છે, તેઓ મોદીનાં પરિવાર જ છે. સાથે દાવો કર્યો હતો કે બિહારમાં લાલુ પ્રસાદ યાદવના શાસનમાં રાજ્યમાં જંગલ રાજ હતું. મોદીએ બિહારમાં આશરે ૧૨૮૦૦ કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટનું પણ ઉદ્દઘાટન કર્યું હતું. જોકે આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી નિતિશ કુમાર હાજર નહોતા રહ્યા. મોદીએ બિહાર અને નેપાળના નાગરિકો માટે ૧૦૯ કિમી એલપીજી પાઈપલાઈનનું પણ ઉદ્દ્ઘાટન કર્યું હતું.

દરમિયાન વડાપ્રધાન મોદીના આરોપોનો જવાબ આપતા ટીએમસી નેતા અને રાજ્યસભાના સાંસદ ડેરેક ઓબ્રિએને જણાવ્યું હતું કે દેશમાં દર કલાકે મહિલાઓ પર થતા અપરાધના ૫૧ કેસ દાખલ થઈ રહ્યા છે. દેશની મહિલાઓની સુરક્ષા માટે શું પગલા લીધા? મોદી નારિશક્તિ અંગે ભાષણ આપે છે પણ મોદીને ત્રણ સવાલ કરવા છે, લોકસભામાં ભાજપ સાંસદોમાં મહિલાઓ માત્ર ૧૩ ટકા જ કેમ? ૧૯૫ ઉમેદવારોમાં માત્ર ૧૪ ટકા જ મહિલાઓ કેમ? દેશમાં પ્રતિ કલાક ૫૧ કેસો મહિલાઓ પર અત્યાચારના છે.

### સ્ટેજ પર જયમાલા દરમિયાન વર-કન્યાએ એકબીજાને થપ્પડ ઝડ્યા, જાન લીલા તોરણે પાછી ગઇ

નવી મુંબઈ | વિશ્વભરના દરેક સમાજમાં પુરુષ અને સ્ત્રીના સહજીવનની શરુઆત વિધિથી લગ્નથી શરુ થાય છે. લગ્નપ્રથા આદિકાળથી ચાલતી આવી છે, જેમાં જ્ઞાતિમાં કે આંતરજ્ઞાતિય લગ્નો થાય છે. લગ્ન એ સમાજનું એક અંગ છે.આજના યુગલો લગ્નને લઈને ઘણા સપનાઓ જોતા હોય છે. ત્યારે લગ્નના દિવસે જ કોઈ કારણોસર લગ્ન તુટી જવાની ઘટનાઓ પણ સામે આવી રહી છે. આવી જ એક ઘટના પ્રકાશમા આવી છે. મેરઠના દૌરાલા પોલીસ સ્ટેશન વિસ્તારના સરસવા ગામમાં રહેતી યુવતી દિલ્હીમાં ખાનગી નોકરી કરે છે. દિલ્હીના એક યુવક સાથે પ્રેમ થઇ ગયો અને બંનેએ લગ્ન કરવાનું નક્કી કર્યું. પરિવારના સભ્યો પણ આ લગ્ન માટે સંમત થયા હતા. લગ્નની તારીખ 4 ફેબ્રુઆરી સોમવાર નક્કી કરવામાં આવી હતી. વરરાજા જાન સાથે દૌરાલાના સરસવા ગામે પહોંચ્યો. દિલ્હીથી જાન ખૂબ જ ધામધૂમથી આવી હતી, પરંતુ રસમો શરૂ થતાં જ તેમાં વિલંબ થવા લાગ્યો. આ બાબતે વર અને કન્યા વચ્ચે ઝઘડો પણ થયો હતો.

### માનો યા ન માનો 24ની ચૂંટણી ખાંડાના ખેલ બની રહેશે

# 'ઈટ ઈઝ ફાયનલ' : રાહુલ ગાંધી અમેઠીમાંથી જ લોકસભાની ચૂંટણી લડવાના છે : કોંગ્રેસ

નવી દિલ્હી: કોઈ માને કે ન માને પરંતુ ૨૦૨૪ની ચુંટણી દેશમાં ખરેખરા ખાંડાના ખેલ બની રહેવાની છે. ૨૦૧૯માં કોંગ્રેસને બે જબ્બર ફટકા પડયા. એક તો ૫૦૫ ઓછી બેઠકો મળી. પાર્ટીએ સત્તાવાર વિપક્ષનું સ્થાન પણ ગુમાવ્યું. સિત્તેર-સિત્તેર વર્ષ સુધી દેશ પર એકચક્રી રાજ ચલાવનાર પાર્ટીની પ્રચંડ પરાજિત સ્થિતિ હોઈએ. અરે વિજેતા ભાજપાને પણ કલ્પી નહી હોય. તેમાંએ મૂળ જવાહરલાલ નહેરૂની બેઠક ઉપરથી કોંગ્રેસના 'યુવરાજ'ને સ્મૃતિ ઈરાનીએ આપેલા પ્રચંડ પરાજય પછી તો કદાચ કોંગ્રેસને તમ્મર આવી ગયા હશે. પરંતુ આ વખતે તેણે તલવાર બરાબર ધસી લીધી છે. રાહુલે 'ભારત જોડો યાત્રાઓ સાથે પક્ષના કાર્યકરોમાં ફરી ઉત્સાહ પ્રેર્યા છે. પરંતુ મોદીની વિશ્વવ્યાપી પ્રતિભા, તેઓના નેતૃત્વ નીચે માત્ર ભારતમાં સમર્થ ભારતનું થયેલું નિર્માણે ભાજપના કાર્યકર્તાઓ અને સમર્થકોને નવું જોવા પ્રેર્યું છે. આ



ચુંટણી ખરા અર્થમાં ખાંડાના ખેલ બની રહેવાની છે. ભાજપ માટે, તે માત્ર રાષ્ટ્રીય પ્રશ્ન નહીં અંતર-રાષ્ટ્રીય પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે.'' કોંગ્રેસ માટે તેની પ્રતિભા ફરી સ્થાપિત કરવાનો પ્રશ્ન છે.આ તબક્કે તે યાદ રાખવું જોઈએ કે ભારતની ચુંટણીઓ ઉપર વિશ્વ સમસ્તની નજર હોય જ છે. પરંતુ આ વખતે તો જગત આખું માઈક્રોસ્કોપ માંડીને ભારતની ચોવીસની ચુંટણી જોઈ રહ્યું છે. નિરીક્ષકો, વિશ્લેષકો કે વિદ્વાનોની વાત છોડો. રસ્તે ચાલતો સામાન્ય માનવ પણ સમજી શકે તેવી વાત છે કે આ ચુંટણીમાં ભાજપ જ વિજયી થશે. તેનું અત્યારથી જ ગાજી રહેલું સુત્ર ''ફીર એક બાર મોદી સરકાર'' સાચું ઠરવા પુરો સંભવ છે. પરંતુ સાથે તે કદી ન ભૂલશો કે કોંગ્રેસ માટે તો આ ચુંટણીઓ, તમામ વિરોધ પક્ષોના અગ્રીમ નેતા તરીકે ટકી રહેવાનો પ્રશ્ન છે. કોંગ્રેસે તે માટે જાનની બાજી લગાવવી પડે તેમ છે.આ ''યુદ્ધ તૈયારીઓ'' પૈકી રાહુલનો અમેઠીમાંથી વિજય થવો તે મુળભુત શરતો પૈકીની એક શરત છે. તો જ કોંગ્રેસ તેની તાકાત તુટી નથી. તેમ દર્શાવી શકશે. ભલે રાહુલ કેરલની મુસ્લીમ બહુમતીવાળી બેઠક વાયનડ ઉપરથી પણ લડે, પરંતુ અમેઠીમાં હિન્દુ બહુમતીવાળી બેઠક ઉપરથી પણ વિજય બનવા સાથે કોંગ્રેસે તેની ધર્મ નિરપેક્ષતા પણ જાળવવી પડશે. તાજેતરમાં જ દિલ્હીમાં કોંગ્રેસ મોવડી મંડળ સાથે ચર્ચા કર્યા પછી પાછા ફરેલા કોંગ્રેસ જિલ્લા પ્રમુખ પ્રદીપ સિંઘલે કહ્યું હતું કે રાહુલ ગાંધી અમેઠીમાંથી કોંગ્રેસના ઉમેદવાર રહેશે. તેઓના નામની જાહેરાત ટુંક સમયમાં જ કરવામાં આવસે.

### ગાઝિયાબાદથી 1.10 કરોડનો માલ જપ્ત, બની શકે કે તમારાથી કોઈએ આ દવાઓ લીધી પણ હોય

# બ્લડ પ્રેશર, ડાયાબિટિસની નકલી દવાઓ બનાવી દિલ્હીથી દેશભરમાં સપ્લાય કરતાં રેકેટનું ભાંડાફોડ

નવી દિલ્હી | દિલ્હી નજીક ગાઝિયાબાદમાં એક ફેક્ટરી પર દરોડા દરમિયાન ચોંકાવનારું સત્ય સામે આવ્યું. અહીં LED બલ્બ બનાવવાના નામે ચાલતા કારખાનામાં હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને એન્ટાસિડની નકલી દવાઓ બનાવીને બજારમાં વેચતા હોવાનું કૌભાંડ પકડાયું હતું. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ફેક્ટરી અને વેરહાઉસમાંથી લગભગ 1 કરોડ 10 લાખ રૂપિયાની નકલી દવાઓ જપ્ત કરી હતી.પોલીસનું કહેવું છે કે આ ફેક્ટરીમાં બ્રાન્ડેડ દવાઓની નકલ કરીને નકલી દવાઓ બનાવવામાં આવતી હતી. આ તમામ દવાઓ ભારતમાં સૌથી વધુ વેચાય છે. એ પણ શક્ય છે કે તમારા પરિવારમાં કોઈ વ્યક્તિ આ દવાઓ લેતી હોય. મોટી વાત એ છે કે અહીં જે નકલી દવાઓ બનાવવામાં આવી રહી છે તે હૈદરાબાદ સુધી સપ્લાય કરવામાં આવતી હતી. આ ફેક્ટરીમાં જાણીતી કંપનીઓની નકલી દવાઓ મોટા પાયે બનાવવામાં આવતી હતી. ડ્રગ વિભાગની ટીમે લાખો રૂપિયાની નકલી દવાઓ બનાવવાના સાધનો તેમજ નકલી દવાઓ બનાવવા માટેનો કાચા માલનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ નકલી દવાઓ જે લોકો સ્વાસ્થ્ય લાભ માટે લઈ રહ્યા હતા, તે સ્વાસ્થ્ય માટે હાનિકારક અને જીવલેણ પણ સાબિત થઈ શકે છે.



### મધ્યપ્રદેશમાં ખડગે અને રાહુલના મોદી-શિવરાજ પર આકરા પ્રહાર

# 'મોદીનો ફોટો જોતા જ ઘરમાં...' ભાજપની ટીકા કરતા કરતા આ શું બોલી ગયા ખડગે

નવી દિલ્હી | કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ આગળ વધી રહેલી 'ભારત જોડો ન્યાય યાત્રા' હાલ મધ્યપ્રદેશમાં છે. યાત્રા દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ધારી જિલ્લામાં એક જાહેરસભા સંબોધી હતી, જેમાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પર આકરા પ્રહાર કર્યા હતા. ખડગેએ ભાષણમાં કહ્યું કે, 'ઊઠતા જ ટીવી ઓન કરો તો મોદી દેખાય છે અને મોદીની ફોટો આવતા જ તે ઘર કંગાળ થવાનું શરૂ થઈ જાય છે.તેમણે કહ્યું કે, 'તેઓ (વડાપ્રધાન મોદી) વિકાસ ઈચ્છતા નથી, ગરીબોનું ભલું પણ ઈચ્છતા નથી અને આપણા બાળકો ભણે તે પણ ઈચ્છતા નથી. કારણ કે જો ગરીબોના બાળકો ભણીગણીને આગળ આવશે તો તેમની મુશ્કેલી વધશે. તેથી તેઓ હંમેશા આપણા ગરીબો વિરુદ્ધ ડંડો ઉઠાવે છે અને જ્યારે કોંગ્રેસ પાર્ટી આગળ વધે છે, ત્યારે તેને કચડાઈ નાખવાનું કામ કરવામાં આવે છે.'તેમણે પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પર પ્રહાર કરતા કહ્યું કે, 'ભાજપના નેતાઓ જ્યારે પણ ભાષણ કરે છે, ત્યારે કોંગ્રેસ વિશે ઉલ્ટુ-સીધુ બોલે છે. થોડા દિવસો પહેલા જ શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું હતું કે, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે મળીને કોંગ્રેસને ખતમ કરવાનું કામ કરી રહ્યા છે, પરંતુ એવો સવાલ થાય છે કે, ભાજપે શિવરાજ સિંહ ચૌહાણને સત્તા પરથી કેમ કાઢી નાખ્યા?વાયનાડના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે, 'BJP આદિવાસીઓને વનવાસી કહે છે. આદિવાસી અને વનવાસીમાં મોટું અંદર છે. આદિવાસીનો અર્થ એટલે તે વ્યક્તિ, જે આ જમીનો પહેલો માલિક હતો. આ લોકો તમને નહીં કહે, પરંતુ એવો સમય હતો, જ્યારે દેશમાં આદિવાસી રહેતા હતા. આદિવાસીઓ દેશના પ્રથમ વ્યક્તિ છે, પરંતુ આ લોકો તમને આદિવાસી કહેતા નથી, કારણ કે જો તેઓ તમને આદિવાસી કહેશે તો જળ, જંગલ અને જમીનનો હક આવો પડશે.'

### શિવરાત્રીએ નોનવેજ-ઇંડાંની દુકાનો બંધ રખાવવા સૂચન

ગાંધીનગર | હિન્દુ ધર્મના પવિત્ર તહેવાર શિવરાત્રીના દિવસે શહેર અને જિલ્લામાં ઇંડા તેમજ નોનવેજ વાનગીઓ વેચતી દુકાનો તથા લારીઓ બંધ કરાવવા માટે મેયર હિતેષ મકવાણાએ સૂચન કર્યું છે. આ માટેના આદેશ જારી કરવા તેમણે કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરને પત્ર પણ લખ્યો છે. મેયરે પત્રમાં જણાવ્યું છે કે ૮મી માર્ચે હિન્દુઓનો પવિત્ર તહેવાર શિવરાત્રી છે. જે ભગવાન શિવના જન્મોત્સવ તરીકે મનાવવામાં આવે છે. આ દિવસે તમામ હિન્દુઓ શિવજીની આરાધના કરે છે. શહેર જિલ્લાના તમામ શિવ મંદિરોમાં પૂજા- અર્ચના સાથે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન પણ થવાનું છે.


# સિટી એક્સપ્રેસ

FRIDAY 08 MARCH-2024

AHMEDABAD


### ટેક્સ ન ભરાતાં ડિટેઇન વાહનોની RTO દ્વારા હવે હરાજી કરાશે

ગાંધીનગર ઓ કોમર્શિયલ વાહનોના બાકી ટેક્સને કારણે વાહન વ્યવહાર કચેરી દ્વારા વાહનોને ડિટેઈન કરવામાં આવતાં હોય છે, ડિટેઈન કરાયેલાં વાહનોની સીટીંગ કેપેસીટી મુજબ વ્હિકલ ટેક્સ ભરાવવામાં આવતો હોય છે. બાકી ટેક્સના કિસ્સામાં ગાંધીનગર આરટીઓ દ્વારા વાહનનો પૈડાં થંભાવી દઈને આરટીઓ કચેરી ખાતે લાવીને મૂકવામાં આવતાં હોય છે. નિયમોનુસાર ભરવાપાત્ર બાકી રહેલ ટેક્સની ભરપાઈ કરીને વાહન માલિક દ્વારા વાહનોને પોતાના હસ્તક લેવામાં આવતાં હોય છે.



## ગુજરાતમાં રાહુલ ગાંધીના કેન્દ્ર પર પ્રહાર.... દેશમાં આદિવાસીઓની વસ્તી 8 ટકા હોવા છતાં મંત્રાલયમાં માત્ર ત્રણને જ સ્થાન

# 'રાષ્ટ્રપતિ આદિવાસી હોવાથી રામ મંદિરમાં ન જવા દીધા'

અમદાવાદ | તા.07

કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા ગુજરાતમાં પ્રવેશી ચૂકી છે. ઝાલોદમાં કોંગ્રેસના હજારો કાર્યકર્તાઓ દ્વારા યાત્રાનું સ્વાગત કરાયું હતું. આ દરમિયાન રાહુલ ગાંધીએ ઝાલોદમાં જાહેરસભા યોજી હતી. જેમાં તેમણે રામ મંદિર, બેરોજગારી, આદિવાસી તેમજ રાષ્ટ્રપતિનો ઉલ્લેખ કરી કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું. રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારતમાં પછાત વર્ગના 50% લોકો, 8% આદિવાસીઓ અને 15% દલીતો રહે છે તેમજ 15% લઘુમતી લોકોના રહે છે, પરંતુ તેમાંથી તમને એક પણ ઉદ્યોગપતિ અને સિનિયર લેવલના અધિકારીઓ જોવા નહીં મળે. ભારતનું બજેટ પણ 90 લોકો બનાવે છે, જોકે તેમાં માત્ર ત્રણ લોકો પછાત વર્ગના, ત્રણ દલીત વર્ગના અને 8 ટકા વસ્તી હોવા છતાં આદિવાસી વર્ગનો એક વ્યક્તિ જ છે. દેશમાં આદિવાસીઓની વસ્તી 8 ટકા હોવા છતાં મંત્રાલયમાં માત્ર ત્રણ લોકોને જ સ્થાન અપાયું છે.

### ગુજરાતમાં ભારત જોડો ન્યાય યાત્રા 400 કિ.મી. પ્રવાસ કરશે



રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા ગુજરાત સાત જિલ્લામાંથી પસાર થશે અને ચાર દિવસમાં 400 કિલોમીટરનો પ્રવાસ કરશે. ભારત જોડો ન્યાય યાત્રા રાજસ્થાનના બાંસવાડાથી ગુજરાતમાં પ્રવેશી હતી. રાહુલ ગાંધી ઝાલોદમાં જાહેરસભા સંબોધ્યા બાદ યાત્રા લીંમડી ખાતે પહોંચશે. પોતાની યાત્રા દરમિયાન રાહુલ ગાંધી અનેક સ્થળોની મુલાકાત કરશે, જેમાં કંબોઇ ધામ, પાવાગઢ મંદિર, હરસિદ્ધિ માતાજી મંદિર , સ્વરાજ આશ્રમ બારડોલીનો સમાવેશ થાય છે. રાહુલે બેરોજગારીનો મુદ્દો ઉઠાવી કહ્યું કે, 'ભારતમાં સૌથી વધુ રોજગારી છે. યુવાઓને રોજગારી જ મળતી નથી.' તેમણે રામ મંદિરનો ઉલ્લેખ કરી કહ્યું કે, દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આદિવાસી હોવાથી તેમને અયોધ્યા રામ મંદિરમાં જવા ન દીધા. મોદીસરકારે 100 મોટા ઉદ્યોગપતિઓના 16 લાખ કરોડ રૂપિયા દેવું માફ કર્યું છે.'

### આઠમી માર્ચના કાર્યક્રમો

- સવારે આઠ વાગ્યે દાહોદ બસ સ્ટેશનથી સરદાર પટેલ સર્કલ સુધી પદયાત્રા
- દાહોદથી સવારે 10 વાગ્યે લીમખેડા સુધીની યાત્રા
- આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે કાર્યક્રમ
- સવારે 11 વાગ્યે યાત્રા પીપલોદથી શરૂ થશે
- 11.30 વાગ્યે પંચમહાલના ગોધરાથી નીકળશે
- બપોરના ભોજન બાદ 2 વાગ્યે હાલોલ જવા નીકળશે
- હાલોલમાં પદયાત્રા સાથે બેઠકો અને સ્વાગતનું આયોજન
- હાલોલથી યાત્રા પાવાગઢ જશે, જ્યાં રાહુલ ગાંધી દર્શન કરી શકે છે
- પાવાગઢથી યાત્રા શિવરાજપુર અને પછી જાંબુઘોડા પહોંચશે
- ન્યાય યાત્રાનું બોડેલી ખાતે રાત્રિરોકાણ

### દેશમાં વસ્તી ગણતરી થવી જોઇએ : રાહુલ ગાંધી

તેમણે કહ્યું કે, 'દેશમાં વસ્તી ગણતરી થવી જોઈએ, કારણ કે તેનાથી પછાત વર્ગના લોકોને ખ્યાલ આવશે કે, દેશનું ધન કોના હાથમાં છે, તેમની વસ્તી કેટલી વસ્તી, દેશની જુદી જુદી સંસ્થાઓમાં તમારા કેટલાક લોકો છે. આ ઉપરાંત બજેટ વધશે તો પણ તેમાં પછાત વર્ગના લોકોની કેટલી ભાગીદારી છે, તે પણ ખ્યાલ આવી જશે. ગરીબ અને સામાન્ય લોકોને પણ ખ્યાલ આવી જશે કે, તેમની વસ્તી કેટલી છે અને બજેટમાં તેમની કેટલી ભાગીદારી છે.

### રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર સાધ્યું નિશાન

તેમણે કહ્યું કે, 'જ્યારથી મેં વસ્તી ગણતરીનો મુદ્દો ઉઠાવ્યો છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે કે, ભારતમાં કોઈ જાતી જ નથી. જો ભારતમાં કોઈ જાતી જ નથી તો તમને પોતાને ઓબીસી કેમ કરી રહ્યા છો. તમે (નરેન્દ્ર મોદી) દરેક ભાષણમાં કહો છો કે, હું ઓબીસી છું. પણ જ્યારે વસ્તી ગણતરીની વાત આવી તો તમારા ઉદ્યોગપતિઓએ તમને કહ્યું કે, ભારતમાં કોઈ જાતી નથી, કોઈ ગરીબ નથી અને કોઈ અમીર નથી. દેશમાં મોટાભાગનું ધન ત્રણ-ચાર લોકોને આપી દેવામાં આવે છે.'

## Quick Read

### ગાંધીનગર- ભુજની ટ્રેનમાં પ્રથમ દિવસે 70 મુસાફરોએ પ્રવાસ કર્યો

ગાંધીનગર | ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનને નવી ચાર ટ્રેન ફાળવવામાં આવી છે. ત્યારે આજે ગુરૂવારે ભૂજથી ગાંધીનગર અને ગાંધીનગરથી ભૂજ ટ્રેનની શરૂઆત થઇ હતી. ગાંધીનગરથી સાંજના 5 કલાકે ટ્રેનને લીલીઝંડી આપવામાં આવી હતી. ગાંધીનગર શહેર ભાજપ સંગઠન અને રેલવે સલાહકાર સમિતિના સભ્યો દ્વારા લીલીઝંડી બતાવી ટ્રેનને પ્રસ્થાન કરાવી હતી. જ્યારે પહેલા દિવસે 70 મુસાફરોએ આવન જાવન કર્યુ હતુ. ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેનનનો દિવસે દિવસે વિકાસ થઇ રહ્યો છે. ત્યારે પેસેન્જરની માંગ મુજબ ટ્રેનની સંખ્યામાં વધારો કરવામાં આવી રહ્યો છે. ત્યારે આજે ગુરૂવારે સાંજે 5 કલાકે ભૂજથી ગાંધીનગર આવેલી ટ્રેનને ગાંધીનગરથી ભૂજ માટે ઉપડતા ભાજપના આગેવાન રૂચિર ભટ્ટ, કેતન પટેલ, કનુ દેસાઇ, જ્યારે સલાહકાર સમિતિના અમિત પટેલ, શિરીષ મોદી, સુનિલ દેસાઇ અને વિજય શાહ દ્વારા લીલીઝંડી બતાવી ટ્રેનને પ્રસ્થાન કરાવી હતી. ટ્રેનમાં પહેલા દિવસે ગાંધીનગર સ્ટેશન ઉપર 25 પેસેન્જર ઉતર્યા હતા. જ્યારે ગાંધીનગરથી ભૂજ જવા માટે 45 પેસેન્જર સવાર થયા હતા. પહેલા જ દિવસે ટ્રેનમાં ગાંધીનગરથી 70 મુસાફરોએ યાત્રા કરી હતી.

### સરકારનો કર્મીઓ સામે કાર્યવાહી કરવાનો પરિપત્ર છતાં પેનડાઉન કર્યું

ગાંધીનગર | રાજ્યના કર્મચારીઓ સરકાર સામે લડી લેવાના મુડામાં જોવા મળી રહ્યા છે. કર્મચારીઓએ જૂની પેન્શન યોજના સહિતા ચર્ચામાં બાકી રાખવામાં આવેલા ચાર જેટલા મુદ્દાનો પરિપત્ર જાહેર કરવાની માંગ સાથે બાંયો ચડાવી છે. કાળી પટ્ટી ધારણ કર્યા પછી પોલીસની પરવાનગી નહિ છતા સત્યાગ્રહ છાવણીમાં ધરણા કર્યા હતા. જ્યારે પેનડાઉનના એક દિવસ પહેલા સરકારે પેનડાઉન કરનાર કર્મચારીઓ સામે કાર્યવાહી કરવાના પરિપત્ર જાહેર કરવા છતા કર્મચારીઓએ આંદોલનને સફળ બનાવી સરકારને ખુલ્લી ચેતવણી આપી છે. રાજ્ય કર્મચારી મંડળ દ્વારા સરકારમાં જૂની પેન્શન યોજના ચાલુ કરવા અને ફીક્સ પે નાબુદ કરવા સહિતના ચાર મુદ્દાઓ બાબતે આંદોલન કરવામાં આવી રહ્યુ છે. સરકારને એક પછી એક કાર્યક્રમ જાહેર કર્યા હતા અને કાર્યક્રમ પુરા કરવામાં પણ આવ્યુ છે. બુધવારે કર્મચારીઓ દ્વારા સમગ્ર રાજ્યમાં પેનડાઉન કરવામાં આવ્યુ હતુ. ઓફિસમાં હાજરી આપી હતી, પરંતુ કામગીરીથી દુર રહ્યા હતા.

### 30 લાખમાં મળશે 2.5 BHK ફ્લેટ:અમદાવાદના ચાંદખેડામાં 13 માળના 569 મકાન બનશે


અમદાવાદ | અમદાવાદમાં મધ્યમ વર્ગીય પરિવાર (LIG) માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે 2.5 BHK ફ્લેટ બનાવવામાં આવી રહ્યા છે. શહેરના પશ્ચિમ વિસ્તાર ચાંદખેડામાં IOC રોડ નજીક 569 જેટલા આવાસ યોજનાના મકાનો બનાવવામાં આવનાર છે. 13 માળના 61 ચોરસ મીટરના ફ્લેટ બનાવવામાં આવશે. મીની ક્લબ હાઉસ, જીમ, ગેમઝોન અને ગાર્ડન સહિતની સુવિધા સાથેના મકાનો બનાવવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 100 કરોડથી વધુના ખર્ચે આવાસ યોજનાના મકાનો બનાવવા આર.જે.પી ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીને કામગીરી સોંપવાની દરખાસ્ત મુકવામાં આવી છે. શહેરમાં ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગીય પરિવારના લોકો માટે હવે બે બેડરૂમ, હોલ, કિચન અને એક નાના સ્ટડી રૂમ સાથેના 1000થી વધુ મકાનો બનાવવામાં આવી રહ્યા છે. શહેરના નિકોલ વિસ્તારમાં તાજેતરમાં જ 532 જેટલા આવાસો બનાવવા અંગેની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી અને તેનું બાંધકામ શરૂ થઈ ગયું છે.

## AMCએ બ્રિજ તોડી નવો બનાવવાનું ટેન્ડર બહાર પાડ્યું

# આખરે હાટકેશ્વર બ્રિજને સંપૂર્ણ તોડી પાડવામાં આવશે

અમદાવાદ | તા.07

અમદાવાદ વિવાદિત હાટકેશ્વર બ્રિજ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં અગાઉ બ્રિજને રિપેરિંગ કરવાની વાત હતી જ્યાં હવે બ્રિજને સંપૂર્ણ તોડી પાડવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ માટે AMCએ બ્રિજ તોડી નવો બનાવવાનું ટેન્ડર બહાર પાડ્યું છે. જેના માટે નવી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. છેલ્લા ઘણાં સમયથી વિવાદમાં ફસાયેલા AMC દ્વારા બનાવવામાં આવેલા હાટકેશ્વર બ્રિજના અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે જ હાટકેશ્વર બ્રિજને તોડી પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રિપેરીંગ ટેન્ડરના 2 પ્રયત્નો બાદ પણ એકેય કોન્ટ્રક્ટરે રિપેરીંગ માટે રસ દાખવ્યો ન હતો. જેના કારણે હવે તોડી નાખીને નવો બનાવવાનું ટેન્ડર બહાર પાડ્યું છે.



### બ્રિજની ડિઝાઈન અને બાંધકામ એક જ એજન્સી કરશે

આ વખતે હાટકેશ્વર બ્રિજ માટે ડિઝાઈન, બાંધકામની કામગીરી એક જ કોન્ટ્રાક્ટર કરશે. જે અગાઉ ડિઝાઈન, બાંધકામ અલગ અલગ એજન્સીઓ કરતી હતી. આ ઉપરાંત અગાઉ કેટલાક સ્પાન તોડીને રીપેરીંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ હવે સંપૂર્ણ બ્રિજ જ તોડીને બનાવવામાં આવશે. આ માટે AMCએ 51.70 કરોડના અંદાજ સાથેનું ટેન્ડર બહાર પાડ્યું છે.

### બ્રિજ 44 કરોડના ખર્ચે બન્યો હતો


અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આશરે 44 કરોડના ખર્ચે બંધાયેલો હાટકેશ્વર બ્રિજ જે 50 કરતાં વધુ વર્ષો સુધી ચાલવાનો હતો તેને ચાર જ વર્ષમાં તોડવાનો વારો આવ્યો જેના કારણે મ્યુનિ.ના અને સરકારના રોડ્ઝ એન્ડ બિલ્ડીંગ ખાતાના વહિવટને નામોશીનો કાળો ડાઘ લાગ્યો હતો. આ કોન્ટ્રાક્ટર દ્વારા બંધાઈ રહેલાં પલ્લવ બ્રિજમાં 26 કરોડનો ભાવવધારો ચુકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## હાશ...બેવડી ઋતુનો અંત આવશે

# ત્રણ દિવસ બાદ ગરમી વધશે

### 35 કિમીની ઝડપે પવન ફુંકાવવાની શક્યતા

અમદાવાદ | તા.07



રાજ્યભરમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. માર્ચ મહિનાની શરૂઆત થઈ ગઈ હોવા છતાં પણ દિવસ દરમિયાન ગરમીનું વાતાવરણ રહે છે તો વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થાય છે. છેલ્લા 24 કલાકમાં 13 ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજકોટ સૌથી ઠંડુ શહેર રહ્યું છે તો વડોદરા 32.2 ડિગ્રી મહત્તમ તાપમાન સાથે સૌથી ગરમ શહેર રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા આવનાર દિવસોમાં તાપમાનમાં વધારો થવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આગામી 5 દિવસને લઈને ગુજરાતના વાતાવરણ વિશે આગાહી કરતા જણાવવામાં આવ્યું હતું કે, આગામી 5 દિવસ દરમિયાન રાજ્યનું વાતાવરણ એકદમ સુકું રહેશે તથા વરસાદની કોઈ આગાહી નથી. સતત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર રહેશે પરંતુ, તેને કારણે કમોસમી વરસાદની આગાહી નથી. તદુપરાંત આગામી ત્રણ દિવસ બાદ રાજ્યભરના મહત્તમ તાપમાનમાં 2-3 ડિગ્રી જેટલો વધારો થઈ શકે છે.

### 6 મહાનગરપાલિકા પાણીમાં બેઠી રૂ. 872 કરોડનો પાણી વેરો બાકી

અમદાવાદ | રાજ્યની 6 મહાનગપાલિકા, રાજકોટ, જામનગર, ગાંધીનગર, ભાવનગર, સુરત, જૂનાગઢ પાસેથી 872 કરોડથી વધુનો પાણી વેરો વસૂલવાનો બાકી છે. જ્યારે અમદાવાદ અને



વડોદરા મહાનગરપાલિકા પાસેથી કોઈ પાણી વેરો વસૂલવાનો બાકી નથી. સરકારની માહિતી પ્રમાણે 31 માર્ચ, 2023ની સ્થિતિએ સૌથી વધુ રાજકોટ મનપા પાસેથી 542.11 કરોડ વસૂલવાના બાકી છે. સરકારે વિધાનસભામાં જણાવ્યું હતું કે દર મહિને બિલ મોકલવામાં આવે છે. નપા અને મનપાઓએ 31 માર્ચ 2023ની સ્થિતિએ 3 વર્ષ દરમિયાન કુલ 171.53 કરોડ ચૂકવ્યા છે. ક્ષેત્રીય કચેરીઓ દ્વારા નગરપાલિકા, મહાનગરપાલિકાને નોટિસ આપવામાં આવે છે તેમ છતાં બાકી પાણી વેરાની રકમ ભરવામાં આવતી નથી.

## અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં મહિલા ડોક્ટરનો આપઘાત

# PI ખાચર સાથે 4 વર્ષથી પ્રેમસંબંધ હતો સુસાઈડમાં લખ્યું- મારી સાથે ઈમોશનલ ગેમ રમાઇ

અમદાવાદ | તા.07

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પ્રાંગણમાં ગઈકાલે એક મહિલા ડોક્ટરે આપઘાત કર્યો હતો. મહિલા ક્રાઈમ બ્રાન્ચના આર્થિક ગુના નિવારણ શાખામાં અધિકારીને મળવા આવ્યા હતા તે દરમિયાન તેનું મોત થયું હતું. આથી ગાયકવાડ હવેલી પોલીસે મહિલા ડોક્ટરના મૃતદેહને પીએમમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. તપાસમાં મૃતક પાસેથી સુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં EOWના PI બી.કે ખાચર અને મહિલા ડોક્ટર વચ્ચે પ્રેમસંબંધ હોવાનો ઘટસ્ફોટ થયો છે. E ડિવિઝન ઇન્ચાર્જ એસીપી હિતેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે, ગઈકાલે સાંજે વૈશાલી જોશી નામની યુવતીની ક્રાઈમ બ્રાન્ચના અંદર આવેલા બાકડા પરથી ડેડબોડી મળી હતી.

### બંને વચ્ચે અણબનાવ બન્યો



સુસાઇડ નોટ અંગે એસીપીએ જણાવ્યું કે, સુસાઇડ નોટમાં EOWના પીઆઇ બી.કે. ખાચરના નામનો ઉલ્લેખ છે. અમે બી.કે. ખાચરનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ બનાવ બાદ બી.કે. ખાચરનો કોઇ સંપર્ક થઇ શક્યો નથી. મૃતક અને પીઆઇ ખાચર છેલ્લા 4 વર્ષથી એકબીજાના પ્રેમ સબંધમાં હતા. બંને વચ્ચે કોઇ બાબતને લઇને અણબનાવ બનતા મૃતકે અંતિમ પગલું ભર્યું છે.

### ઉમિયા માતાના મંદિરની 2027માં પ્રાણ પ્રતિષ્ઠા કરાશે



અમદાવાદ | સનાતન ધર્મની પ્રતિષ્ઠા વિશ્વભરમાં ઉજાગર કરવા અમદાવાદમાં વધુ એક અતિભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. જાસપુર ખાતે 100 વીઘાં જમીન પર વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા વિશ્વના સૌથી ઊંચા મા ઉમિયાના મંદિરનું કાર્ય લગભગ 2027ના અંત સુધીમાં પૂર્ણ થવાની શક્યતા છે અને તે જ વર્ષે મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ શકે છે. મંદિરની ઊંચાઈ 504 ફૂટની રહેશે, જેની ડિઝાઈન ભારતીય અને જર્મન આર્કિટેક્ટ સામે મળી કરી રહ્યા છે. 2019માં 4 માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વિશ્વ ઉમિયાધામનું મહાભૂમિપૂજન કરાયું હતું.

## વહેલી સવારે ભીષણ આગથી અફરાતફરી મચી ગઈ હતી : 8 દાઝ્યા, 27નું રેસ્ક્યુ કરાયું

# દાણીલીમડામાં ફ્લેટમાં આગ લાગતા 15 દિવસના બાળકનું મોત

અમદાવાદ | તા.07

અમદાવાદના દાણીલીમડા ગામમાં પટેલ વાસમાં આપેલા ખ્વાજા ફ્લેટમાં વહેલી સવારે મીટરમાં આગ લાગી હતી. આગ પાર્કિંગથી લઈ બીજા માળ સુધી પહોંચી ગઈ હતી. તેના પગલે ફ્લેટના રહીશોમાં દોડધામ મચી ગઈ હતી. સીડીમાંથી આગ વધુ પ્રસરતા લોકો બહાર નીકળવા ગયા હતા. જેમાં 15 દિવસના બાળક સહિત 9 લોકો દાઝ્યા હતા. જેમને સારવાર અર્થે એલજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે 15 દિવસના બાળકનું મોત નીપજ્યું છે. જ્યારે અન્ય 8 લોકો સારવાર હેઠળ છે. ફાયરબ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ બુઝાવી લીધી હતી. ફ્લેટમાં રહેતા 27થી વધુ લોકોને રેસ્ક્યુ કરી નીચે ઉતારી લીધા હતા.



### બે લોકો વધુ દાઝી ગયા છે

મણિનગર એલજી હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. લીના ડાભીએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વહેલી સવારે દાણીલીમડા વિસ્તારના ખ્વાજા ફ્લેટમાં લાગેલી આગની ઘટનામાં 15 દિવસના બાળકનું મૃત્યુ થયું છે. જ્યારે આઠ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. જેમાં બે લોકો વધુ દાઝી ગયા છે. બીજા લોકોને ધુમાડાની અસર થઈ છે. હાલમાં તેઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

### આગ સીડીમાંથી બીજા માળ સુધી ઉપર સુધી પહોંચી

ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ આજે વહેલી સવારે 06:15 વાગ્યાની આસપાસ કંટ્રોલરૂમને મેસેજ મળ્યો હતો કે, દાણીલીમડા વિસ્તારમાં ગામમાં આવેલા પટેલ વાસમાં ખ્વાજા ફ્લેટમાં આગ લાગી છે. જેથી જમાલપુર ફાયર સ્ટેશનની બે ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે આગ સીડીમાંથી બીજા માળ સુધી ઉપર સુધી પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ - 2024

# 181 અભયમ મહિલા હેલ્પલાઇનના ગુજરાતમાં સફળતાના 9 વર્ષ પૂર્ણ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત રાજ્યની વિશેષતા એ છે કે પ્રત્યેક બાબતમાં આગવી રીતે પહેલ કરી લોકોને સરળતાથી યોજનાઓનો લાભ પહોચાડી શકાય તેવા અનેક સંવેદનશીલ નિર્ણયો લેવામાં આવ્યા છે. મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલીની બાબતમાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે "મહિલા હેલ્પલાઈન" ની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતા જણાતા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને GVK EMRI દ્વારા સંકલિત રીતે ૮ માર્ચ ૨૦૧૫ ને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ રાજ્યવ્યાપી "૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન" શરૂ કરવામાં આવી છે. રાજ્યની મહિલાઓને સામાજિક અને આર્થિક રીતે સુદ્રઢ બનાવવા હંમેશા ચિંતિત અને પ્રયત્નશીલ રહેતી રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓની સલામતી અને સુરક્ષા માટે "સેફ સિટી" પ્રોજેક્ટ હેઠળ રાજ્યના વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટા અને આર્થિક-કેપિટલ એવા અમદાવાદ શહેરમાં ખૂબ જ ઓછા સમયમાં રેસ્ક્યુવાનની સેવા મળી રહે તે હેતુથી નવી કુલ-૧૨ અભયમ રેસ્ક્યુવાનને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન હેઠળ ૫ માર્ચ ૨૦૨૩ના રોજ મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવી છે.